श्री कृष्ण परमात्मानेनमः

શ્રી નવિન

ગાયન સહિત

નળ અને દમયંતી

ભાષણથી ભરપુર.

રચી પ્રસિદ્ધ કરનાર.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.

ઠે. જમાલપુર રોડ—અમદાવાદ.

અમદાવાદ—ધી 'હર્ષદ' પ્રીન્ટીંગ પ્રેસ.

કિંમત ૦-૧૨-૦

॥ श्रीकृष्ण परमात्माने नमः ॥

સત્ય, શિયળ, ભક્તિ, નીતિ, અને સર્વોત્તમ જ્ઞાનથી ભરપુર.

નળ અને દમયંતી

ત્રીઅંકી નાટક.

રચનાર.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.

ગીતિ.

નામે નૈષધ નગરી, રાજ્ય ચલાવે વિરસેન સુતરાય;
ગુણિજન કહેતાં રીઝે, કીર્તી ફેલાવી દેશ સકળ માંય.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.

પ્રથમ આવૃતિ.

સંવત. ૧૯૬૩ સને ૧૯૦૭

કિંમત ૦—૧૨—૦

અમદાવાદ

શ્રી હર્ષદ પ્રીન્ટીંગ પ્રેસમાં કેશવલાલ મગનલાલે છાપ્યું.

પ્રસ્તાવના.

જેમ જેમ જમાનામાં ફેરફાર થાય છે, જેમ જેમ માણસોની વૃતિઓ ફરી અનીતિએ ચઢવા ઇચ્છે છે, જેમ જેમ કળિયુગ બધે પ્રસરિ વ્યભિચાર જુઠ અને અનીતિ તથા સ્વાર્થ પ્રગટ કરે છે; વિશ્વાસ કોઇ કોઇનો રહેતોજ નથી, તેમ તેમ ગ્રંથ અને પુસ્તકોનાં પ્રકૃત્તિઓ પણ જુદે જુદે રૂપે થઇ માણસના કઠણ મનપર અસર કરતીજ રહે છે. આ નળ દમયંતી નામનો વૃત્તાંત આજકાલના શોખીનો અને જુદી જુદી જાતના ગ્રંથોના ઉપયોગ કરવાવાળા પ્રેમી જનોને માટેજ છે. તેમને ખાસ આ અમારી ભલામણ પત્રિકા છે, તે સ્વિકારી રહેમનજર શુદ્ધ અંતઃકરણમાં ધારી વીવેકી અને ઉમદા વિચાર લાવી સદાને માટે ન્હાવ, જેથી કરી સજ્જડ સ્નેહ ગાંઠ બંધાઇ આણંદી લાભ લેવાય. નળ દમયંતીને કેટલા બધા દુખ સહન કરવા પડયા છે? અહાહાહા! જેમ હરિશ્ચંદ્ર અને રાણી તારા, સતી દ્રૌપદી, પાંચ પાંડવો, સતી સિતા, સાવિત્રી, વિદુર વિગેરે સતીઆઓને સત્યને માટે તથા પોતાનો ધર્મ અને નીતિ માટે અસંખ્ય દુઃખ સહન કરવા પડયા છે. નળ સત્યને માટે દુઃખ વેઠી, જંગલે જંગલે ભટકી, પોતાનો ત્રણ વરસનો દેશવટો યોગીંદ્ર વેશે સંપુર્ણ કરેછે. જેને દુઃખનો અંતજ નહી, સત્ય અને ધર્મ માટે અર્ધ વસ્ત્રે વનમાં રખડયાં, વિખુટાં પડયાં; એટલુંજ નહિ! પણ નિંદ્રા અને સુખ એ બે એમના કટ્ટા દુશ્મન થઈ પડયાં હતાં. કળી કેડે પડવાથી જંગલમાં પાણી વિના અને ક્ષુધાથી દુઃખની સીમા રહીજ નહોતી. આવી આવી વિપત્તિઓ પડવાથી અને નળરાજાએ અનેક કષ્ટો સહન કરવાથી જે આપણા મન ઉપર થતી લાગણી અસર કરવા તત્પર થાય છે. એજ વૃત્તાંતથી મારા અંતઃકરણની વૃત્તિ એક વખત એક લઘુ પુસ્તક કરવા થઇ હતી. તે લઘુ પુસ્તક આજ કે જેનું નામ નળ દમયંતી ધારણ કરેલુંજ છે. તે ધ્યાનમાં લેઇ સુકૃત્ય તથા સદ્આચરણ ધારણ કરી સારો લાભ મેળવો.

મારા લખાણની સઘળી ભુલને માટે હું ક્ષમા માગુછું.

લી. શેવક.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.

ખુશ ખબર.

આ પુસ્તક તથા નીચેના પુસ્તકો અમારે ત્યાંથી રોકડી કીંમતે અગર વી. પી. થી મોકલવામાં આવશે. કોઈ વેપારીને સામટા લેવા હશે તેને કીફાયત ભાવે આપવામાં આવશે.

સૂર્યકાન્ત (વેદાન્ત વિષય.)	૨-૮-૦
મદનચંદ્ર નવનીતકળા	૧-૮-૦
પરમાર પૃથુસીંહ અને સતીમેના (ભાગ ૧ લો.)	૧-૪-૦
પરમાર પૃથુસીંહ અને સતીમેના (ભાગ ૨ જો.)	૧-૮-૦
નળ અને દમયંતી (ગાયન ભાષણથી ભરપુર.)	૦-૧૨-૦
રસિક—મણી નોવેલ (સાચા પ્રેમની પરિક્ષા.)	૦-૧૨-૦
ઉદયબાળા (ગાયન ભાષણથી ભરપુર.)	૦-૮-૦
સુરસેન રસીકા (ગાયન ભાષણથી ભરપુર.)	૦-૮-૦
ધર્મ ગુપ્ત નોવેલ.	૦-૮-૦
અજબ મોહીનીની વાર્તા.	૦-૮-૦
સુંદર મણીની વાર્તા.	૦-૪-૦
મનહર મોતીની વાર્તા.	૦-૪-૦
લાલ અને કમળા નોવેલ.	૦-૪-૦
જંગી જાદુગર.	૦-૪-૦
અમ્મન મુગલાનીનો કીસ્સો.	૦-૪-૦
ગમ્મતધંટ (પેટ પકડીને હસવાની વારતાઓ.)	૦-૪-૦
રંગીલી રંગરેજ પુત્રીની વારતા.	૦-૨-૦
સોળંકી વિજય નાટક.	૦-૨-૦


દરેક ચોપડીઓનુ પોસ્ટેજ જુદુ આ સિવાય ઘણી જાતના પુસ્કો નીચેના સરનામેથી મળશે.

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું

ધી હર્ષદ પ્રિન્ટીંગ પ્રેસ.

અમદાવાદ.

અર્પણ પત્રીકા.



સાક્ષાત શ્રી દેવી ! ચુંવાળમાં બીરાજમાન થયેલા માતુશ્રી "બહુચરાજી" અનેક ભકતોના ઉદ્ધાર કર્યાછે અને કરોછો એવા દયાળુ અને માયાળુ સદા આણંદમાં દિવસ નિર્ગમન કરવા વાળા ખડક, ત્રિસુળ, ચક્ર, વિગેરે શસ્ત્ર ધારણ કરવા વાળા દિપાયમાન માતુશ્રી ! આ લઘુ પુસ્તક ની પ્રાપ્તિ આપને અર્પણ કરૂંછું, તે સ્વિકારી ત્રણ ભુ-વનના નાયક, અને ભકતોનો સદાકાળ ઉદ્ધાર કરવાવાળા સાયક મારા ઉપર અમિદ્રષ્ટિ કરવા કૃપા કરશો, એજ વિનંતી.

લી. દાસાનુંદાસ શેવક.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.



પાત્રોનાં નામ.

વિરસેન.........નૈષધ દેશનો રાજા.
સુરસેન..........વિરસેનનો પ્રધાન તથા ભાઈ.
નારદમુની.......બ્રહ્માના પુત્ર.
હંસ.............એક જાતનું પક્ષી. (નળનો મીત્ર)
દમયંતી.........નળની સ્ત્રી તથા ભિમકસેનની પુત્રી.
ભિમકસેન.......વૈદર્ભ દેશનો રાજા.
વજ્રાવતી.........ભિમકસેનની રાણી અને દમયંતીની મા.
નળ...............વિરસેનનો પુત્ર.
પુષ્કળ............સુરસેનનો પુત્ર.

ઈંદ્ર
યમ
અગ્નિ
વરૂણ
—સ્વર્ગના દેવો.

બન્ને બાળક.....નળના બન્ને પુત્રો.
કળિયુગ...........સ્વર્ગનો દેવ.
કરકોટક...........જંગલનો નાગ.
રૂતુપરન..........અયોધ્યાનો રાજા.
પારધી............જંગલમાં રખડતો હિંસા કરનાર ઘાતકી માણુસ.
વણઝારા..........વહેપારીઓ. (એક ગામથી બીજે ગામ, હીરા, રત્ન, માણેક, ઝવેર, વિગેરે માલ લઈ જનાર તથા લાવનાર.)
ભાનુમતિ........દમયંતીની માસી.
ઈંદુમતિ..........ભાનુમતિની પુત્રી.
સુબાહુ...........ભાનુમતિનો પુત્ર.
સુદેવ.............ભિમકસેનનો ગોર.
બાહુક......... ..નળ પોતે જ.
સુલોચના.........ભિમકસેનના પુત્રની પુત્રી.

એ સિવાય અનુચરો, સાહેલીઓ, કાણીઓ દરજી, તેની સ્ત્રી જમની, રાજમનો વાલીયો હજામ, દયારામ શેઠની પુત્રી કામકળા, અને લખીયો, તથા ભીમજી, મહોબતખાં, જમાલખાં. પીરખાં, કમાલખાં નામના ચાર છોકટા, સિપાઈયો વિગેરે, વિગેરે, વિગેરે.

નાટકનો ટૂંક સાર.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—વિરસેન તથા સુગ્સેનનું જંગલમાં ભક્તિમાટે નળ તથા પુષ્કળને રાજ્યાસન સોંપી ચાલ્યા જવું, પુષ્કળને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી જંગલમાં જવાની અને નળે રોકી રાખવાની રગઝક, પુષ્કળનું ચાલ્યા જવું. નળનું પુષ્કળના જવાથી આક્રંદ કરવું, નારદ મુનીએ આવી નળ આગળ દમયંતીના વખાણ કરવા, નળનું દમયંતી ઉપર મોહિત થવું; નારદ મુનીનું ચાલ્યા જવું.

પ્રવેશ ૨ જો—પુષ્કળના અભંગ રાજ્યપાટ ધારણ કરવાના વિચારો, પુષ્કળનું ત્યાંથી ચાલ્યા જવું, નળનું જંગલમાં દમયંતી ઉપર મોહિત થવાથી (વિરહી વિયોગ થવાથી) આવી દિલગીર થવું. શિકારની શોધ કરતાં હંસનું માલુમ પડવું, તેને પકડવો; હંસે પોતાને છુટવા માટે આજીજી કરી વચન આપી નળ પાસેથી રજા લેઈ પોતાની માતુશ્રી તથા સ્ત્રિયોને મળવા જવું.

પ્રવેશ ૩ જો—જમનીએ આવી પ્રેમ સંબંધી ગાયન આરંભ કરવો, વાલીયા હજામે આવી કામકળાની શોધ માટે જમનીને પુછવું, જમનીએ દિલાસો આપવો; વાલીયાનું ચાલ્યા જવું.

પ્રવેશ ૪ થો—હંસે ઉડી નળ પાસે આવવું, નળે શાહબાશી આપી હંસને લેઇ નૈષદ દેશ તરફ નીકળી પડવું.

પ્રવેશ ૫ મો—દમયંતીનો વિયોગ તથા પરણવાની વાત જાહેર કરવી, હંસ કામ માથે લેઇ દમયંતી અર્થે વૈદર્ભ દેશ જાયછે.

પ્રવેશ ૬ ઠો—દમયંતી ભરપુર જોબનમાં હોવાથી અને તેના કુંવારા લોહિના ઉછળવાથી કામદેવને ધીરજ આપવી. સખિઓ સાથે વિરહ સંબંધી ગરબો ગાવો, હંસનું બાગમાં આવી બેસવું. દમયંતીએ યુક્તિ રચી તેને પકડવો. હંસે નળના વખાણ કરી દમયંતીને નળ ઉપર મોહિત કરવી, આખરે દમયંતીને પરણાવવા હા પાડી, મંડપ રચવા, તથા છાનો પત્ર મોકલવા સુચના આપી ચાલ્યા જવું.

પ્રવેશ ૭ મો—દમયંતીનું મંડપ રચવા પોતાની માતુશ્રીને કહેવું, વજાવતી તથા ભીમકે મંડપ રચવો એમ નિશ્ચય કરી ચાલ્યા જવું.

પ્રવેશ ૮ મો—દમયંતીએ ભીમકસેન કંકોત્રીઓ લખે છે, ત્યાં આવી સિપાઇ પાસેથી કંકોત્રીઓ લેઇ, નળરાજાનો પત્ર ખોળી કાઢી, તેનાં સાથે પોતાનો છાનો પત્ર આપી સિપાઇને વિદાય કરવો.

પ્રવેશ ૯ મો—હંસનું નળના મહેલે આવવું, હંસે દમયંતી પરણુસેજ, તથા મંડપ રચ્યો છે, અને ત્રણ દિવસમાં દમયંતીનો છાનો પત્ર આવશેજ, એવો દિલાસો આપવો, હંસે રજા માગવી, હંસનો વિયોગ થશે, એમ ધારી રજા નહી આપવી, હંસે ઘણો આગ્રહ કરી નળ પાસેથી રજા લેઇ ચાલ્યા જવું.

પ્રવેશ ૧૦ મો—છાનો પત્ર નહિ આવવાથી નળનાં કંઇ કંઇ વિચારો, એટલામાં સિપાઇએ આવી પત્ર આપવા, નળે રાજી થઇ પરણુવા માટે પ્રધાનને તેડી વૈદર્ભ દેશ પસાર થવું.

પ્રવેશ ૧૧ મો—ઈંદ્ર, યમ, અગ્નિ, વરૂણ, એ ચારે દેવોએ આવી, નળને દમયંતી આગળ પોતાના વખાણ કરવા કહેવું, નળે દૂત થઇ યોગીંદ્ર વેશે દમયંતી પાસે જવું.

પ્રવેશ ૧૨ મો—નળે આવી અંતપુરની શોભા નિહાળી ખુશી થવું. દમયંતી આગળ ચારે દેવના વખાણ કરવા, સત્ય પાળવું, દમયંતીએ ચારે દેવને ધિક્કારી નળનું નામ જપ્યા કરવું. છેવટે નળ માલુમ પડયાથી પકડવા દોડવું, નળે નાશી જવું.

પ્રવેશ ૧૩ મો—નળે આવી ચારે દેવને વખાણ કર્યા બાબત સમાચાર કહેવાં, ચારે દેવોએ તથા નળે દમયંતી પરણવા સલાહ કરી નિંદ્રાવશ થવું.

પ્રવેશ ૧૪ મો—કામકળા ઉપર લખિયો અને ભીમજી એ બન્નેનો જુલમ.

પ્રવેશ ૧૫ મો—મંડપમાં ચારે દેવનું નળના રૂપ લેઇ નળ સાથે હાજર થવું, દમયંતીનું નળને હાર આરોપવા જવું, પાંચ નળ માલુમ પડવાથી ચમકવું. ભીમકની યુક્તિ, ચારે દેવના માંહો માંહે શ્રાપ, ચારે દેવોએ દમયંતી તથા નળ ઉપર પ્રસન્ન થઇ વર્દાન આપવા, દમયંતીએ નળને હાર આરોપવો, આ બધી બિના નારદમુનીએ ચારે દેવોની સ્ત્રિઓ સહિત તપાસવી.

ડ્રૉપસિન.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—જમનીનો કાણીઆ દરજી ઉપર તિરસ્કાર.

પ્રવેશ ૨ જો—નળ દમયંતી વચ્ચે પ્રેમ સંબંધી વાદવિવાદ.

પ્રવેશ ૩ જો—કળિયુગે દમયંતી હસ્તમાં લેવા માટે જંગલમાં જઇ પુષ્કળને ખોટી સલાહ આપી, નળને દુ:ખી કરવા કહેવું.

પ્રવેશ ૪ થો—નળનું બંને પુત્રો સહિત કચેરીમાં બેસવું, કળિયુગે આવી દમયંતી સલાહથી આપવા કહેવું, કળી ઉપર નળનો ફીટકાર, સત્ય ઉપર ટેક, કળિએ નળને વરદાન આપવા કહી હસ્ત ઝાલી બાથ બીડી પ્રવેશ કરી ચાલ્યા જવું, પુષ્કળનું આવવું, નળ પુષ્કળે દુત (જુગટું) રમવું, નળની હાર, પુષ્કળનો નળ ઉપર તિરસ્કાર, નળે પોતાના બન્ને પુત્રો સાથે જોગી સ્વરૂપે ચાલ્યા જવું.

પ્રવેશ ૫ મો—નળ તથા બંને પુત્રોનો વિલાપ, દમયંતીનું બન્ને પુત્રોના બોલાવા જવાથી આવવું. દમયંતીએ સાથે જવાની અને નળે નહિ લઈ જવાની રગઝક, છેવટે બન્ને પુત્રોને દમયંતીના પીયર મોકલી તેને સાથે તેડી જવી. દમયંતીને તરસ લાગવાથી પાણી અર્થે બન્નેએ જવું, ઢંઢેરો પીટનારે આવી ઢંઢેરો પીટવો, નળ અને દમયંતીને પાણી નહિ મળવાથી આવી વિલાપ કરવો.

પ્રવેશ ૬ ઠો—પાણી અર્થે તથા ક્ષુધા માટે વાવમાં જઇ પાણી તથા મચ્છ લાવી દમયંતીને આપી નળે ફરી મચ્છ લેવા જવું, દમયંતીના હસ્તમાંથી અમૃત ઝરવાથી મચ્છનું ઉડી જવું, નળે દમયંતી ઉપર ભક્ષ કર્યાનું આળ મુકવું, સત્યવાદી દમયંતીએ સત્ય હતું તે કહી દીધું, છતાં નળે દમયંતીને તીરસ્કાર કરવો, દમયંતીનું નળની વાંસે ચાલ્યા જવું, આગળ ચાલતાં નળે બગલાને પકડવા જતાં બગલાએ વસ્ત્ર લેઈ ઊડી જવું, નળે નિરાશ થઇ રૂદન કરવું દમયંતીને નિંદ્રામાં હોવાથી નળે તિરસ્કાર કરી તરછોડી ચાલ્યા જવું.

પ્રવેશ ૭ મો—કરકોટક નાગને બળતા દવમાંથી ઉગારવો, નાગે નળને ડસવું, નળનું રૂપ કદરૂપુ થઇ જવું, નાગે ત્રણ વસ્ત્ર આપવા, તે લઇ નળે ચાલ્યા જવું.

પ્રવેશ ૮ મો—જમની તથા વાલીઆ હજામ અને દરજીનો ફારસ, ચાર છોકરા અને કાણીઆ દરજીની સુલાહ.

પ્રવેશ ૯ મો—નળે અયોધ્યાના રાજા રતુપરનની કચેરીમાં દાખલ થવું.

પ્રવેશ ૧૦ મો—નળે ઘોડાની ઘોડાળમાં રહેવું. વિલાપ!

પ્રવેશ ૧૧ મો—દમયંતીએ પતિ તરછોડી ચાલ્યા જવાથી રૂદન કરવું, રૂદન કરતી અબળાનો પગ અજગરે જાંગ સુધી ગળવો, પારધીથી દમયંતીનો બચાવ, પારધીની કુદ્રષ્ટિ, દમયંતીનો પારધી ઉપર ધિટકાર, પારધીને સમજાવ્યો નહિ સમજવાથી, દમયંતીએ શ્રાપ દેવો. પારધીનું બળી ભસ્મ થવું. દમયંતીનો પાછળથી પસ્તાવો, ફાંસો ખાતી દારાને કળિયુગે યોગીંદ્ર સ્વરૂપ ધારણ કરી અટકાવવી, દમયંતીએ નળની ખબર પુછવી, દમયંતીએ સંતોષ માની ત્યાં ફળ ફળાદિ ખાઇ નિંદ્રા વશ થવું, કળિયુગે વાડી ઉડાડી ચાલ્યા જવું. દમયંતીને સ્વપ્નામાં નળ સાંભરવાથી જાગ્રત થવું, વાડી તથા બ્રહ્મરૂષિ કળિયુગ નહિ મળવાથી પ્રશ્ચાતાપ કરી આગળ ચાલવું. નદિના કિનારે વણઝારાનું સામી મળવું, રાત્રીએ કળિયુગે સિંહ થઇ હાથીને નસાડી પોઠીઆ નસાડી મુકવા, સવારે કળિયુગે વણઝારાને ખોટું ભીડાવી, દમયંતીને માર ખવરાવવો, વિલાપ કરતી બાળાનું ચાલ્યા જવું.

પ્રવેશ ૧૨ મો—દમયંતીનું ભાનુમતીના મહેલે જવું, ભાનુમતીએ દુઃખી અવસ્થા જોઇ તેને બોલાવવી, અરસ પરસ વિના ઓળખાણે દમયંતીએ ત્યાંજ રહેવું.

પ્રવેશ ૧૩ મો.—સુદેવે બંને બાળા લેઇ ભીમકની કચેરીમાં આવવું, નળ અને દમયંતીની ખબર કહેવી, ભીમકે દમયંતીની શોધ કરાવવી; વણઝારાનું ત્યાં આવવું, દમયંતીની વણઝારા તરફથી ખબર મળવી, દમયંતીની ખોળ અર્થે સુદેવ બ્રાહ્મણને મોકલવો.

પ્રવેશ ૧૪ મો.—દમયંતીના માથે હારની ચોરી, ઇંદુમતી અને દમયંતી વચ્ચે હાર બાબત ધમાધમ, સ્તુતી કરતાં શ્રાપ દેતાં રોહલામાંથી હારનું નીકળવું.

પ્રવેશ ૧૫ મો.—સુદેવ બ્રાહ્મણે તે દમયંતીને રાજા યજ્ઞ કરે છે ત્યાંથી ઓળખવી; સુદેવે દમયંતીને વિતેલી વાર્તા પુછવી, દમયંતીએ વિતેલી વાર્તા કહેવી. ભાનુમતીએ દમયંતી જાણી પશ્ચાતાપ કરવો, રજા લેઇ સુદેવ તથા દમયંતીએ વૈદર્ભ દેશ રવાના થવું.

ડ્રોપસિન.

અંક ત્રિજો.

પ્રવેશ ૧ લો.--દમયંતીનું સુદેવ સહિત આવવું, ભીમક સેને નળની શોધ માટે પાછો સુદેવને મોકલવો.

પ્રવેશ ૨ જો.--રૂતુ પરનરાજાની કચેરીમાં સુદેવે ટેલ નાંખવી, જવાબ નહિ મળતાં ચાલ્યા જવું.

પ્રવેશ ૩ જો.—ફરતાં ફરતાં સુદેવનું ઘોડાની ઘોડાળમાં આવવું, ટેલ નાંખવી, નળે સુદેવ ઓળખી ટેલનો જવાબ આપી વિદાય કરવો.

પ્રવેશ ૪ થો.--સુદેવે ભીમકસેનને ટેલનો પત્ર આપવો. દમયંતીએ સુદેવને અયોધ્યાના રાજા રૂતુપરન ઉપર કંકોત્રી લખી આપી વિદાય કરવો.

પ્રવેશ ૫ મો.--કામકળાને અંબાજીના દેરે પુજન કરવા જતી અટકાવનાર લખીયા તથા ભીમજીનો તેનાપર જુલમ કરવો, એ ત્રણેની રગઝકમાં વાલીઆ હજામે આવી કામકળાને ઉપાડી નાસી જવું, તે ચારે જણ વચ્ચે દોડાદોડ.

પ્રવેશ ૬ ઠો—સુદેવે રૂતુપરનને કંકોત્રી આપવી, કંકોત્રી તેમો આવ્યા બાદ સુદેવ ઉપર ઠપકો, રૂતુપરને બાહુકને સીપાઇથી બોલાવવો, બાહુકની વૈદર્ભ દેશ જવાની ના અને રૂતુપરનની હા, છેવટે હા પાડી બાહુકે વસ્ત્ર પહેરવા જવા સુચના આપી કહેવું કે હું માર્ગમાં રથ લાવી ઉભો રાખું છું.

પ્રવેશ ૭ મો—રૂતુપરને બાહુકને પકડી લાવવાની અને બાહુકે રથ ઉપરથી ઉતરી નાશી જવાની ધમાધમ.

પ્રવેશ ૮ મો—રાજાની પામરી પડી જવાથી બાહુકે લઇ આવવી. રૂતુપરને ગણિત શાસ્ત્રની તથા બાહુકે અશ્વમંત્રની વિદ્યાને અરસપરસ બતાવવી, નળના અંગમાં વિદ્યાનો પ્રવેશ થવાથી કળિયુગનું નાસવું, કળિયુગને પકડી નળે ઉઘાડી તરવાર એંચી મારવા તૈયાર થવું, કળિએ પોતાના ગુણ તથા અવગુણ તપાસવા આજીજી કરવી, છેવટે કળીને જીવતદાન આપી બહેડાના ઝાડમાં રહેઠાણ આપવું (ત્યાં સુધી રૂતુપરન રાજાએ બાહુકજીને ખોળ્યા કરવું.)

પ્રવેશ ૯ મો—દમયંતીએ બાહુકજીની પરિક્ષા કરવી, નળ છે એવી ખાતરી થવાથી પોતાના બન્ને છોકરાને દાસી સાથે પરિક્ષા માટે મોકલવા, નળે તે બન્ને પુત્રને જોઇ રૂદન કરવું, દમયંતીએ તપાસ્યા કરવું.

પ્રવેશ ૧૦ મો—દમયંતીએ બાહુકજીને પોતાના મહેલમાં દાસી સાથે બોલાવવા, દમયંતીએ ગુપ્ત રીતે પોતાના ઉપર વિતેલી વાર્તા જાહેર કરવી. અરસપરસ નળ દમયંતી માલુમ પડવાં, ભિમકસેનને ખબર મળવાથી રૂતુપરન સાથે ત્યાં આવવું. રૂતુપરનને ભિમકસેને સુલોચના પરણાવવી, રૂતુપરનને તથા સુલોચનાને અયોધ્યા વિદાય કરવા; નળ દમયંતીએ ત્યાંથી રજા માગી નૈષદ્ધ દેશ રવાના થવું.

પ્રવેશ ૧૧ મો—વાલિઆ હજામનો કામકળા ઉપર જુલમ જમની તથા ચાર છાકટાનું ત્યાં આવવું, ચાર છાકટાએ કામકળાને જુલમથી પકડવા જવું; કામકળાએ પાછા હઠાવવા, એટલામાં રાજયના સિપાઇઓએ આવી પકડમ પકડા કરી પકડી લઇ જવા.

પ્રવેશ ૧૨ મો—નળ રાજા આવે છે એવી ખબર મળવાથી પુષ્કળે સામા આવી ભેટી પડવું, પુષ્કળનો પશ્ચાતાપ, નળ રાજાએ પુષ્કળને શાન્તિ (ધીરજ) આપવી, નળરાજાએ રાજય દોરી હસ્તમાં લેઇ દ્વારસનો ન્યાય ચુકાવવો, તહોમતદારોને ગુન્હા પ્રમાણે અદલ ઇન્સાફ આપવો, છેવટે વિજય ! વિજય ! !

સમાપ્ત.

નળ અને દમયંતી

ત્રીઅંકી નાટક.

પ્રારંભ.

સ્તુતિ.

સુત્રધાર—નંદકી નંદન કંસ નીકન્દન, જય જય ત્રીપુરારી. (૨)
વિષંભર કુંજબીહારી. (૨)
ધારી મુરતી મોરારી. નંદકી (૧)
જય જગદાતા, જય જગવિધાતા, જય જય રંગધારી. નંદ ૨
ગીરધારી, જયકારી (૨)
ગોવરધન ધારી સહાય દે તારી, જય જય રંગધારી. નંદ. ૩

નટી—પ્રિયતમ, આજના દિવસની રળિયામણી રાત્રી કેવી ખીલી રહી છે, આહાહા, શું તેનું તેજ! આકાશમાં પુનમનો પુર્ણ ચંદ્રમા ઝળકી રહ્યા છે.

સુત્રધાર—વાહ પ્રિયા! ત્હારા આવવાથી મ્હારા અંત:કરણમાં એક નવિન આશા પ્રગટ થઇ.

નટી—પ્રાણનાથ! શી આશા.

સુત્રધાર—શો ઉત્તમ વિચાર! નળ દમયંતી નામનો ખેલ આ રંગભૂમી ઉપર ભજવવા વિચાર છે.

નટી—જો એમજ હોય તો વિદુષકને બોલાવવો જોઇએ.

વિદુષક—(આવીને) અહાહાહા! અહાહાહા! અરે હાહા! હું જ્યાં જોઉં છું ત્યાં બન્નેનું તો જોડલુંને જોડલુંજ. (સુત્રધાર તરફ) કેમ પ્રિય મિત્ર તમે છો કે? આજનો વિચાર તો મહાભારત જેવો જણાય છે. સૂર્યને ઉદય પશ્ચિમમાં થયો લાગે છે.

સુત્રધાર—જા જા તું તો મશ્કરીમાં ઉડાવે છે.

વિદુષક—અરે મશ્કરી તો હોય. પણ વિચારમાં શા છો ?

સુત્રધાર—ભાઇ આજે તો "નળ અને દમયંતી" નામનો ખેલ રંગભૂમી ઉપર ભજવવા વિચાર છે.

વિદુષક—ચાલો ત્યારે વિના વિલંબે તૈયારી કરો.

સુત્રધાર—(નટી તથા સખીયો પ્રત્યે) હે પ્રિય, વ્યભિચારી લંપટ અને અનીતિએ ચાલનારા પુરૂષને શી દશા પ્રાપ્ત થાય છે; તે વિષે વિવેચન કરો પછી આવો. અમે સર્વે પાત્રોની તૈયારી કરાવીએ છીએ.

નટી-સખીયો— ગાયન ૧.

રાગ-સંકટ સહુસ સહુન જે કરશે.

લંપટ મનમાં લવારી કરશે, સુખ શાન્તિ માટે;
ખર આખર થઇ તે આથડશે, સુંદરી સુખ વાટે,
બાંધ ને ભારા, ધીક્ક ભમનારા. (૨)
સત્ય તજી જે અસત્ય આચરશે, દુ:ખ દારૂણ પડશે.
પ્રેમ આધીન થઇ સુંદરી સાથે; નર્કે પાણી ભરશે. લંપટ. ૧

પ્રવેશ ૧ લો.

કચેરી.

ગાયન ૨.

વારાંગના—થનક થનક ચાલી મજા દે જાન આલી.
લચકાતી મચકાતી પ્યારી જાન. થનક. ૧
ઝનનન છુમ ઝનનન છુમ. (૨)
કીડતક કીડતક ધીન તાક. થનક. ૧
દિખલાવ જરી પ્યાસીકું પ્યાર.
એજી પ્યાર પ્યાર પ્યાર એજી જરી પ્યાસીકુ પ્યાર.
થનક. ૧

વિરસેન—હે ભાઇ સુરસેન, હવે આપણે રાજ્યપાટ પુષ્કળને તથા નળને સોંપી જંગલમાં જઇ પ્રભુ સ્મરણ કરી આપણા કરેલા સર્વે પાપ નિવારણ કરીએ.

સુરસેન—હા ભાઇ મારો પણ એજ વિચાર છે, કારણ કે વૃદ્ધા અવસ્થા થઇ ગઈ છે.

વિરસેન—સિપાઇ.

સિપાઇ—જી હાજર.

વિરસેન—નળ તથા પુષ્કળ બન્ને કુંવરકું બુલાવ.

નળ—કેમ પુજ્ય પિતાશ્રી શી આજ્ઞા ?

વિરસેન—હે ભાઇ આજથી તને રાજ્યાભિષેક કરૂં છું, જેથી કરી તું રાજ્યપાટ સારી રીતેચલાવીશ. તને રાજ્ય સોંપી અમે જંગલમાં જઇ ઈશ્વર આરાધના કરી કરેલા સર્વે પાપ નિવારણ કરીશું. રાજાને સંભાળજે, સારી સ્થિતિમાં રાખજે.

સુરસેન—પુષ્કળ તને પણ પ્રધાનપદ સોંપીએ છીએ. તમે બે બંધુઓ એકઠા મળી રાજ્યને સંભાળજો. તમારૂં રાજ્ય અમર તપો, તથા તમે બન્ને ભાઇની જોડી સદા અચળ રહો. અમે જઇએ છીએ. ભાઇઓ અમે જઇએ છીએ. (જાય છે.)

ગાયન ૩. રાગ–ત્રિતાલ ચોપાઇ.

બન્ને ભાઇ—

લેખ લખીયા વિધીએ વસમા,
આલ્યા કરીને પીતાજી ભંગ રસમાં;
ધરણી પતી પદ કંઇકે ધરીયાં;
પૃથ્વી પરહરી પોતે પરવરીયાં.
થાજો સીતા પતી સ્હાય અમારી,
કાપો કષ્ટ આપો સન્મતી સારી;
દુ:ખ દારૂણ હોય ત્યાંથી બળજો.
વિશ્વંભર સુખના દીન અમને મળજો.
કરૂણા નીધિ અકળકળા તારી;
પીતા ચાલ્યા ત્યજી રાજ્યદ્વારી.

નળ—ચાલ ભાઇ ! કચેરી બરખાસ્ત કરી મહેલમાં જઇએ.

પુષ્કળ—મારે મહેલ શું કરવા છે ? પીતાજી રાજ્યપાટ તજી જંગલમાં ગયા. તો મારે શા સારૂં રહેવું ? દુનિયામાં શું છે ? કાંઇજ નહિ. જંગલમાં જઇ અભંગ રાજ્યપાટ ધારણ કરી, નિરંજનનું નિરંતર નામ જપ્યા કરૂં હે જગદીશ્વર ! તું તે તુજ છે. ત્રિભોવનના નાયકા અને પ્રજાના પાલનહાર ! તારા સમાન કોઇ નથી. ચાલ મન હવે જલદી થા !

નળ—હે બંધુ ! આ તુ શું બોલે છે ?

પુષ્કળ—જે બોલું છું, તે સત્યજ છે.

નળ—ત્યારે તો ગિરધારીના આધારી આ શો કોપ ! પિતા ચાલ્યા, કાકા પણ ગયા, અને આ જે ભાઇ ! જેની મારે ફક્ત ઓથ રહેલી છે ! તે પણ જવા તૈયાર થાય છે ! આ શો ચમત્કાર ! હે ભાઇ ! મારે, આ જગતમા ફક્ત આધાર એક તારોજ છે. અરેરે, તારા સિવાય મારે કોઇ નથી, ભાઇ હું તને નહિ જવા દેઉ !

પુષ્કળ—તુ મને જવાદે સારા કામ અર્થે જતા શીદ રોકે છે ? સંસારમાં કાંઇ નથી. ફકત માયા માયા અને માયાજછે, મહાસાગર રૂપી સંસાર તરવો એ સહજ નથી. હે ભાઇ હવે તો જંગલમાં જઇ પ્રભુ ચરણમાં પ્રીતી ધરી પ્રભુ દર્શન મેળવીશ અને અવિનાશીને મળીશ.

નળ—ભાઇ હઠ ના કર, સમજ સમજ.

પુષ્કળ—મને રજા આપ, હું ખોટો થાઉછું

નળ—અરેરે ! ભાઇ નહિ જવા દેઉં.

પુષ્કળ— ગાયન ૪.

બસજા (૩) જઉં અહાંથી જંગલ મનથી માનું હું મંગળ,
સીદને (૩) લેછે મુજ કેડો, જાવા દે છોડ ને છેડો.

નળ—બનશે (૩) વિપરીત મુજભાઇ, શીદ જાયે છોડી સુખદાઇ,
લે રાજ્ય (૩) કહું છું તુજને સીદ દોષ દેછે તું મુજને

પુષ્કળ—છોડી રાજ્યાસનની આશ.

નળ—શીદ થાણા કરે નિરાશ,
હું જનમ જનમનો દાસ.

પુષ્કળ—આરાધું (૩) જઇ ત્રીપુરારી, કરૂં ભક્તિ જઇ સુખકારી. બસ. ૧

નળ-- ગીતી.

છોડી મુજને ચાલ્યો ભાઇ જંગલમાં દશા શી થાશે,
ગોવીંદને શું ગમતું ભાઇ પિતાએ તજી સુખ આસે.

પુષ્કળ પુષ્કળ અરેરે મારા બંધુ તું મને ક્યાં મળીશ ! હે દિનરંજન મારા ભાઇની રક્ષા કરજે, દુખી થવા દેઇશ નહી, હવે ચાલ કચેરીમાં જાઉં વખત વીતી જશે.

(નળ ગાદીએ બેસે છે ને નારદમુની આવે છે.)

નળ---રૂષીરાજ પધારો ! ઘણે દિવસે મારા જેવા અલ્પ મતીની ગાદી પવીત્ર કરી શા કાર્ય અર્થે આપનું આવવું થયું ? જે ફરમાવશો તે કરવા આ શેવક હજુર છે.

નારદમુની–હે રાજન આ વામાંગ કેમ સુનુ દીસે છે.

નળ--મહાનરૂષી તમેતો પ્રજાના પાળક છો, સર્વે બીના જાણતા હશો.

નારદમુની---અરે શું નારી નથીજ ? ત્યારે સંપતી ક્યાથી હોય.

ગાયન ૫.

નૈષધના નળ નથી તુજ રાજ્યે કમળાક્ષી નારી,
રસીક રમણી રસાળી નાર,
ચતુરા ચાલે ચિત હરનાર,
જોજો ભવ હીરો હરનારી. નૈષદ્ધના. ૧
જોઇ કરે શારદા ત્યાગ,
ચાલ્યા છોડીને ભોમી નાગ;
છે કમળ કળી કુંવારી. નૈષધના. ૨
ઝબકતી નાઠી આભ વિજળી,
ચંદ્ર સુર્ય ગયા પ્રજળી;
નળ ખામી પ્રીતે પોકારી. નૈષધના. ૩

નળ---અરે હે મુની એના રૂપની બીના કેવી હશે રાજ્યવૈભવ મહેલ, દાસ દાસીઓ સઘળુ સુંદરી વિના સુનકાર લાગી રહ્યું છે, સંસાર રૂપી જંગલમાં રખડતા પ્રેમી ઉપર કૃપા કરી તેના રૂપનું વર્ણન શ્રવણ કરાવો.

નારદમુની--હવે તો બરાબર મોહીત કરી ચાલ્યો જાઉં. હે રાજન! એક વખતે દમન નામે રૂષી ફરતા ફરતા ભીમકની કચેરીનાં જઇ પહોંચ્યા, વજાવતી રાણીએ તથા ભીમકે બ્રહ્મરૂપી જાણી પુરણવિધિથી પુજા કીધી, વજાવતીને રૂષીના વર્દાનથી દમન દંતુ દરદ અને દમયંતીની સંપતી થઈ દમનદંતુ અને દરદ નામના પુત્ર કરતાં પણ અધીક રૂપમાં દમયંતી ખીલી રહી છે.

નળ--મહારાજ શું આવી સ્વરૂપવાન સ્રી!

નારદમુની--હા એના કરતાં પણ અધીક સ્વરૂપવાન! બ્રહ્માએ જ્યારે શ્રુષ્ટિ રચવા માંડી, ત્યારે એકઠા કરેલા તેજની આ ખાસ દમયંતીજ છે, બાકી વધેલી રજ વીણી આ ચંદ્ર પ્રગટ કર્યો છે.

નળ--એમ મનાય નહિ! શું અદ્યાપી સુધી ચંદ્ર નહોતો?

નારદમુની--અદ્યાપી સુધી તેને સ્વર્ગમાં રાખી હતી, તારો જન્મ થયો એવી ખબર શ્રી વિષ્નુ ભગવાનને પડવાથી, ભીમકને ત્યાં વજાવતીને પેટે જન્મ આપ્યો છે. તે ભરપુર જોબનમાં કાયા વેલીના પુષ્પ સહિત ખીલી રહિ છે.

નળ--રૂષિરાજ! જો પરણુંતો દમયંતીનેજ પરણું. અહાહાહા! ચંદ્ર પહેલાં ચતુરા પ્રગટ થઇ તે શું સત્ય!

નારદમુની--હા સત્ય! મેં હજુ સુધી તેને નિરખી નથી, કાને સાંભળી તેથી મોહ ઉત્પન્ન થયો! જો પ્રેમને કબજે થાઉં છું તો બ્રહ્મચર્યવૃત્ત તુટે છે. માટે હું દોડતો તારી પાંસે આવ્યો. વાહ! એજ સુંદરી તો તારેજ લાયક છે, એમ ધારી તને ખબર આપી.

નળ--મુનિરાજ! અહાહાહા! એવી સ્વરૂપવાન!

ગાયન ૬.

રાગ. શયા છોરે પતિ તેજ,

કયાં છે રે એ લલિત વદની સકળ દેશ પંકાય,
રૂષિજી જાઓ પકડી લાવો, લાગી મુજને લ્હાય.
અરે પ્યારી, મળે નારી, ગતિ મારી;
કામદેવ મુજ કેડે પડીઓ દશા દિવાની થાય. કયાં ૧.
અરે પણ પ્યાર, રસિક રમનાર, હૈયાનો હાર;
અલબેલી એ ચીતડું ચોરી ચાલી સુંદરી હાય! કયાં ૨.

નારદમુની-- ગીતી.

દૈવયોગે હું જાઉં, બ્રહ્મચર્યવ્રત ખંડિત મુજ થાયે:
મોહની મુજને લાગે, નર્ક વિષે જુએ તે જાયે. (જાયછે.)

નળ--અરેરે ! રૂષિજી ચાલ્યા ગયા, કેવી કૃપાળુની અકળલીલા ! કેવી આ પ્રેમીની પુર્વે જનમની કરણી, અને કેવી મારે માટે કરૂણાસાગરની કાળજી. ચાલ મન હવે તો જંગલમાં જઇ મનને શાંત પાડું, શિકારની શોધ કરૂં.

પ્રવેશ ૨ જો.

જંગલ.

ગાયન ૭.

પુષ્કળ-- રાગ. પંડિત કે બચન,

છોડી નૈષદ્ધ દેશ હું, આવ્યો જંગલ સંગ;
દિસે ખાનપાન સહુ છોડયો રાજ્યનો રંગ.
વૃક્ષ છત્ર બિરાજે, કેવો દિસું રાજન;
સિંહાસન પાષાણ કેરૂં ધરાવું વન.
અચળ રાજ્ય ઠાઠ આ, ભંગ કરે નહિ લેશ;
છોડી ચિંતા મનમાં અંતે જોગી વેષ.
અમલ નૈષદ્ધનો ચાલે હસ્તિ મદમાતા;
રાજપાટ શાયબી સર્વે સુખ શોભાતા. (જાયછે.)

નળ-- ગાયન ૮.

અલબેલી (૨) માનુની મદઘેલી,
પ્રિતિના જંગે ચઢેલી. અલબેલી ૧.
રસવેલી (૨) મળે જો પ્રાણ પ્યારી;
થાએ જન્મ સફળ સુખકારી.
મહેલ મંદીર ને માળીઆ મુકી બાળા;
ચિત્ત ચોરયું તુજ રંગથી,
રંગીલી રંગમાં, એક વેળા ભેટને (૨)
ભાવે ભેળી અલબેલી, પ્રિતિના ૨.

શત્રુના સમાન દીસે સુખ સનસારમાં;
સાચી પ્રિતિ છે બાળા માહરી,
પ્રેમની કટારી મારી મોહની લગાડી (૨)
બહાદરો બનાવી અલબેલી, પ્રિ.ના ૩.

નળ--અરે હે પ્રિયા! તું ક્યાં મળીશ? અને ક્યારે મળીશ? કેવું અઘોર જંગલ, ઝાડની ઘટા ચોગર્દમ ખિલી રહિ છે, અહોહોહો! દિનબંધુ તારીજ લિલા! રાજ્યાસન ભોગવા શું જોયું? કાંઈજ નહિ, વાહ પ્રિયા! તારા વિના સંસાર વૃથાજ છે. જ્યાં સુધી મારી સાથે પરણવાનો કોલ નથી! ત્યાં સુધી શું સમજાય! રસિલી, અહાહાહ મને માયા પોતાના વૈલાસ ભોવનના મહેલમાં કેદ કરી ગુપ્ત રીતે માર મારે છે. બાળા! દોડ!! દોડ!!! એક વેળા ભેટ! (આંખો મીચે છે, ખાલી બાથ ભીડે છે. લીન થાય છે. હંસ અને હંસણીઓ આવી ઝાડ ઉપર બેસે છે, નળ એકદમ ચમકે છે ને કહે છે.) વાહ! મારા મનને શાન્ત પમાડવા આ હંસ બસ છે. કાંઇપણ યુક્તિથી તેને પકડવો જોઇએ, પણ યુક્તિ શી રચું? લાવ લાવ વસ્ત્ર ઢાંકી ઝાલી લઉં,

પકડે છે, હંસણીયોએ નળને ઘેરી લીધો. પોતાના પતિને છોડાવા આજીજી કરે છે, કેટલીક નળ ઉપર જુલમ પણ કરે છે.

હંસણીયો--અરેરે રાણાજી! હમારાં પતિને મુકો; હમારાં પતિનાં વિયોગે હમારાં પ્રાણ જશે!

નળ--અહાહાહા! કેવું સુંદીર સ્વરૂપ! બાળાઓ તમારા પતિને હું નહિજ છોડું.

હંસણીયો-- ગાયન ૯.

મુકો મુકો રાણાજી હમારા શ્યામનેરે; (૨)
શાને દિયો રાણાજી રંડાપો અમનેરે. (૨)
મુકો શ્યામનેરે, રૂડા શ્યામનેરે; મુકો શ્યામનેરે. મુકો (૧.)
સુખ દુઃખનો એ બેલી હમાયરો!
ભામનીઓનો ભરથાર,......રાણા ભામનીઓનો ભરથાર.
ભરથાર તણો પ્યાર કરો કાંઇ વિચાર;
રૂડો શ્યામ, વ્યાપે કામ, રંડાપો અમનેરે. મુકો (૨)
પતિના વિયોગે હમે પ્રાણ રાણા છોડશું!

સુંદરીઓનો શણગાર,......રાણા સુંદરીઓનો શણગાર,
શણગાર. રદય હાર કરો કાંઇ વિચાર;
રૂડો શ્યામ, વ્યાપે કામ, રંડાપો અમનેરે. મુકો (૩)

નળ--બાળાઓ, જ્યાં સુધી મારામાં પ્રાણ રમી રહયો છે, ત્યાં સુધી ને પણ મારા રદયમાં રમી રહયો છે. હું કાંઇ તમારા પતીનો પ્રાણ નહિ લેઉં, અત્યારથીજ આ મહારો મિત્ર થઇજ ચુકયો "જેમ સરિતા અને સાગર" સરિતાનું નીર સમુદ્રને મળ્યા પછી ખારૂં થાય છે. તેમ આ હંસને દેખી મારૂં મન પીગળી ગયું તેથી એના વિના રાજ્યપાટ અને સાયબી અરે અનેક મન ગમતાં સુખ ખારાં થઇ પડયાં. બાળાઓ વારે વારે શું કહુ ! હું કદાપી કાળે આને મેલનાર નથી તે નથીજ!

નળ--ભલે !

હંસણી--રાણા ચેત! ચેતવું હોયતો ચેતી લે !

નળ--વારે વારે શું કહોછો ? ક્ષત્રીને ચેતવું શું ? ખરા ક્ષત્રી તો જે કરે છે તે ચેતીનેજ કરે છે. તેથી ક્ષત્રીઓના સપાટ લ્યો ચાખો ! (તરવાર ફેરવે છે હંસણીયો સાથે યુધ્ધ કરે છે હંસણીયો હારે છે ફરી આવે છે. આખરે હંસણીયોને હરાવી નસાડે છે. હંસણીયો નાસતાં નાસતાં કહે છે.) અરે હે રાણાજી ! દુષ્ટતા ધારણ કરેલા રાજા ! કુકર્મને આધીન થયેલા, જેવો હમને હમારા પતીથી વીયોગ કરાવ્યો, તેવો તારે અને તારી સ્ત્રીને વીયોગ થજો; અને એટલુંજ નહી પણ રાને રાન રખડજો અન્ન અને પાણી વીના ટળવળજો. (હંસણીઓ ઉડી જાય છે.)

હંસ--મીત્ર ! આ તેં સારૂ ના કીધું,

નળ--વાહ ! તારૂં સ્વરૂપ જોઇ મોહીત થઇ ગયો.

હંસ--રૂપને જોઇ શું મોહીત થાય છે. આ બોલી અને મારા ગુણ જ્યારે નીરખીસ ત્યારેજ તને ખબર પડશે, પણ હે રાજન મને શા માટે પકડયો.

નળ--અરે વાહ ! એક તો તારી સુંદીર કાન્તી; અને તારી સુંદીર વાણી, મારા મનને દીલાસો આપવા તથા મીત્રતાને લાયક તુંજ છે.

હંસ--એતો ખરૂં ! પણ મારી સ્ત્રીયો ટળવળી મરશે, અરે મહારી વહાલામાં વહાલી સ્ત્રીને પુત્રની પ્રાપ્તિ થઇ છે. માટે મને

મળવા જવા અને મુખ જોવા રજા મળવીજ જોઇએ. !

નળ--હું તને રજા તો આપું, પણ તું પાછો આવીશ કે નહી આવે ? મને વિશ્વાસ કેમ આવે. ? તારા જેવા રત્નને પકડી છોડી દઉં તો ગયો અવસર પાછો ના આવે.

હંસ--અરે અમેતો બ્રહ્માના વાહન કહેવાઇએ ! હમારાથી અસત્ય ભાષણ થાય કેમ ? હવે તો આપણે બન્ને અત્યારથીજ મીત્ર થયા; એક વખત રજા આપ, પાછો આવી કાઇ ઉપકાર કરીશ. વીશ્વાસ ન આવે તો આ લે મારા બાપ દાદાનું વચન.

નળ--લાવ્ય વચન.

હંસ--લે આ વચન ! મારા વ્હાલા મીત્ર આ હું જલદી જઇ તુરતજ પાછો આવુંછું.

નળ--ભાઇ ! વહેલો આવજે, જોજે ફેર ના પડે, તારી વાટ જોઇ હું અહીંયાંજ છું. અરેરે ! હંસ પણ ચાલ્યો ગયો; પાછો આવે કે ના આવે શો વીશ્વાસ ? અહાહાહા ! એકતો સુંદરીની અને બીજી આ હંસની ઝખનાઓ શરૂ થઇ, હાય ચીતહર ચતુરા ! વીયોગી વાલમને જરી યાદ તો કર !

પ્રવેશ ૩ જો.

રસ્તો.

વાસીઓ--આમને આમ મારે ક્યાં સુધી પેરો ભરવો ? (આ મથી આમ આંટા ખાય છે.) મારે ક્યાં સુધી ફર્યા કરવું ? અરે ! પેલું કોણ આવે છે. જમની તો નહી હોય ! (ધારી જુવે છે) હા ! એજ ! એજ ! લાવ જલદી છુપી જાઉં. (ખુણે છુપી જાય છે.) યા નસીબ ! યા નસીબ ! હવે તો નસીબનું પાંદડુ ફરી ગયું ! ભાગ્ય ખુલ્યા અને સુંદરીને મળ્યા ! (વાર થાય છે) કેમ વાર થઇ હશે ! (જુએછે.) હજી તો તંબોળીની દુકાને ઉભી છે, રાંડ એમ નહી જાણતી

હોય કે મારો યાર આવી ગેરો ભરે છે. બસ (બાંયો ચઢાવે છે) લાવ એક સોટી લઇ આવું. (સોટી લાવે છે.) આ સોટી અને એ રાંડ એવીતો બમબજાઉ એવી તો બમબજાઉ. પછી એ અહા! (દોડેછે ને કુદે છે.: હેઇઓપ હેઇઓપ હેઇઓપ યુ લુચ્ચી ઢેમ. (એટલામાં જમની આવે છે, વાલીઓ ખુણે સંતઇ જાય છે.)

ગાયન ૧૦. રાગ ધીરે ધીરે ચાલો અહા,

જમની—કેવી મહાલુ પ્રીતેથી પ્રેમની આવાર,
કેવી રંગે રીઝાવું રસીલા એ યાર.

વાલીઓ-(અરરરરરર કાળજુ કુતરૂ લઇ જતું રહ્યુ.)

જમની-લટકાળા (૨) રઢીયાળા જોગાળાની સાથ,
રંગે રમુ (અહા!) હું ભીટી ભીટી બાથ.
પ્રેમ પાસે બંધાવું પ્રીતીનો શ્રુંગાર.

વા--કેવી હેતે હાંચોળુ હઠીલી એ નાર.

જ—મળે ધન અરપું મન માનીતા યાર,
બાકી બીજા મારે મન છે ગમાર.

વા—(હા વહાલી તે પણ છે.)

જમની--શું છે ? તમારી ચાર પઇની હજામતમાં મને શું મળવાનું ! નહિ નહિ.

વાલીઓ--અરે ભંડાર ભર્યો છે ભંડાર.

જ—ચાલો આવો પ્રીતેથી પધારો મારા સ્યામ,

વા--કેવો ચાલે હેતેથી વાલીઓ હજામ;

વાલીઓ—વ્હાલી જમની પેલી કામકળાનો તો પતોજ નથી.

જમની--થોડા દિવસ થયાં ગામ ગઈ છે તે આવશે ત્યારે મારે ત્યાંજ ઉતરશે.

વાલીઓ--ત્યારે હું જાઉં છું ?

જમની--હા ! (ગયા કેડે) પધારજો !

——∞:∞——

પ્રવેશ ૪ થો.

જંગલ-(હંસ ઉડી આવે છે.)

નળ—અહાહાહા ! ભાઇ તું આવ્યો ?

હંસ—હા મહારાજ !

નળ—તને જોઇ મારા મનને ઘણોજ આનંદ થયો. એકતો તને જોયેથી, તારે આવ્યેથી, અને તારા સત્ય વચનથી હું ઘણોજ હર્ષ પામ્યો, હે મીત્ર હું તને શાબાસી આપુછું. હવે ચાલ મારે ત્યાં.

હંસ—હા ચાલો.

(બન્ને જાય છે.)

પ્રવેશ ૫ મો.

મહેલ.

(નળ—હંસને પોતાના હાથ ઉપર લેઇ બેઠો છે. હંસ એક આંગળી ઉપરથી બીજી આંગળી ઉપર એમ કુદે છે, નળ કુદાવે છે અને હાથ આમથી આમ ફેરવે છે તેમ કુદે છે ને રમે છે.)

હંસ—હે મીત્ર ! આજ તારૂં મન કેમ ઉદાસ છે.

નળ—ભાઇ ! કાંઇ નહિ.

હંસ—નહી નહી ! કાંઇ પણ કારણ હોવુંજ જોઇએ ! કારણ વિના આમ થાય નહિ; તું કેમ નથી બોલતો ? બોલ તને શું દુઃખ છે !

નળને દમયંતી સાંભરી આવી અને રદય ભરાઇ આવ્યું, ધ્રુસકે ધ્રુસકે રોવા માંડયું, પણ તે દાબી રાખ્યું.

નળના આંસુનું ટીપુ હંસની પાંખ ઉપર પડયું, હંસે ઉંચુ જોયું તો નળ રૂદન કરે છે,

હંસ—સબુર ! સબુર !

ગાયન ૧૧.

મહેલ બગીચાને વાડીઓરે, છતાં દુઃખ શું તને છે કહે ભાઇ;
હોદ્દા હાથીના ઘોડા ગાડીઓરે, છતાં દુખ શું તને છે કહે ભાઇ.

(વિચાર ! વિચાર !)

રીદ્ધી સીદ્ધી શાબ્બી, ખાન પાન પકવાન;
મન ગમતી મોજો મળે, ગમતાં મળતાં માન.

નળ--જરી કરને વિચાર, પ્રીયા વિણ સનસાર,
જોજે કેવો ચતુર કિરતાર.

હંસ--દેખી દુઃખી કાયા કંપતીરે, ખરી દોસ્તીને સાચી સગાઇ.

નળ--દીયે બાળી, રઢીઆળી, નખરાળી, લાગ્યો ચટકો ના રહે ખમાઇ.

હંસ— (શાંત, રાણા શાંત થા.)

સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જાવાની મુજ હામ;
લાવું કન્યા લક્ષ હું, આશા પુરશે રામ.
એ કિરતાર તારનાર, લાવું લાખેણી નાર,
તને પરણાવું હૈયાનો હાર.
અલબેલી કામતણી કામનીરે.—છતાં દુઃખ.

નળ—અરેરે ! સુંદરીનો વિયોગ, છબીલી અંતરમાં ચીતરેલી છબી, તથા લલીતાની અંગમાં પ્રગટેલી લહાય મારી કાયા કોરી કોરી ખાય છે. દમયંતી ! દમયંતી ! તારા નામની માળા જપ્યા કરૂંછું.

હંસ--(સ્વગત) લાવ્ય પુછુતો ખરો કે દમયંતી કોણ છે; (પ્રકાશ) અરે ભાઇ દમયંતી કોણ છે?

નળ--વૈદર્ભ દેશના ભીમક રાજાની કુંવરી, બાઇ દમયંતીનાં નારદજીના મુખથી વખાણ મારા રૂંવે રૂંવે સાલી રહયાં છે, દમયંતી વિના આ રાજ્ય પાટ અરે અનેક તરેહની શાહબી મુર્તી વિનાના મંદીર સમાન લાગી રહે છે.

હંસ—હું સુંદરી અર્થે વૈદર્ભ દેશ જાઉંછું, હું જલદી જઇ દમયંતીને મળી ત્રીશ દીવસમાં તારા લગ્ન સમાચાર હાજર કરીશ, જો એમાં ફેર પડે તો લે આ વચન,

(હંસ જાય છે નળ પણ મહેલમાં જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

બાગમાં ગરબો.

હંસ ચંપાના છોડ ઉપર આવી બેસે છે, દમયંતીની સખિયો તથા સહીયરો, ગરબાની શરૂઆત કરે છે. દમયંતી ગાતી ગાતી પ્રવેશ કરે છે.

ગાયન ૧૨.

સખિયો–ચંદની ખીલી છે સખી ચોકમાંરે લોલ,
એતો ખીલીને જગ ખીલવેરે;
કેવી કરૂણા કિરતારમાંરે લોલ;
પોતે રીઝીને જગ રીઝવેરે.

દમયંતી—ચંદ્ર થકી ઢંકઇ રહે, તારા જ્યોત અપાર;
પ્રીતમ વિયોગી પ્રેમદા, ધગ ધગતા અંગાર,

સખીઓ–સઇયર સીદને સંતાપે મારી બેનડીરે લોલ,
પ્રીતોની રીત રઢીયાળીરે.

દમયંતી–ખિલ્યાં યોવન સખી કામ કેડે લાગીઓ,
પ્રીતીનો પંથ રહી ન્યાળીરે લોલ;
રૂડા રંગે અલી ચાલું ચટકે ચટકાળીરે. ચંદની. ૧
વિરહ તણી આ વાદળી, વેરણ થઇ આંવાર;
અમૃત પ્યાલો પ્રેમનો, વિરલા જન પીનાર,
લટકે લડાવું લાડ લટકાળારે લોલ,
રંગે રમાડું રસ રંગમારે;
સુતી હતી હું સખી શયન ભુવનમાં,
વિરહે વ્યાકુળ એ પ્રસંગમાંરે લોલ,
મળે પ્રેમીતો પુજું વાલમને ઉમંગમાંરે. ચંદની. ૨
ભમર કમળપર જ્યમ ભમે, ત્યમ સતી પતીને ચહાય;
નિશ્ચે પતી વિણ નારીનો, જનમ જાય વૃથાય.
સાચી એક સહાય તારી શામળારે લોલ,
સતી પતિ પોકારે વારિ વારીરે;

અરપું કાયા હું સખી રંગે ભરીરે,
જો જડે, જીવણ જયકારીરે લોલ;
રૂડા રંગે સખી માળા પતીની કરધારીરે. ચંદની. ૩
પ્રેમી પંથે નવ મળે, જપતી પ્રિતમ માળ;
પ્રેમ બગીચે હું જઈ, ચડીને બેઠી ડાળ,
મારા સમ થાઓ અળગા સલુણારે લોલ,
વિનવું વિનંતી પ્રાણ પ્યારારે;
ગુણિકા ઘરમાં તારામતીની,
લજજા રાખી થઇ ન્યારારે લોલ;
મારા મનનણિ પુરજો આશા છું દીન દારારે. ચંદની. ૪

હંસ—(સ્વગત) આહાહાહા ? દમયતી તે દમયંતીજ છે, રૂપ અને ગુણનોતો ભંડારજ છે, પણ આજ—દમયંતીને નળ સાથે ના પરણાવુ તો મારૂં નામ હંસ નહિ, ચાલ હવે જાહેર થાઉં. (પ્રકાશ) હે નળ, હે નળ, હે નળ, (સખિઓ સાથે દમયંતી કાન ધરી સાંભળે છે.)

દમયતી--(સ્વગત) અરે વાહ ! આ કેવું સુદીર પ્રાણી છે ? સોનાના રંગનું પંખી જોઇ મોહીત થઈ ગઇ, પણ આ હે નળ, હે નળ, એ શું; બોલે છે ? લાવ લાવ યુકિત રચી તેને પકડી લેઉં. (પકડવા જતાં ગાબ્રી પડે છે.) આ—મારા ઝાંઝરના ઝમકારાથી પંખી ઉડી જશે, માટે પહેલાં તો તેને કાઢી નાંખુ. (કાઢી નાંખે છે) હવે તો વૃક્ષ ઉપર ચડી ધીમે રહી પકડી લેઉં.

(ઝાડ ઉપર ચડે છે, હંસ નીચી ડાળે બેસે છે; પકડવા જતાં પકડાતો નથી. સખીઓ પણ પકડવા દોડે છે. અરે હાય હંસ નામે પ્રાણી નહી પકડાય તો મારો પ્રાણ જશે, કદાચ; ના પકડું, પણ નળ નળ પોકારી રહ્યું છે. એ શું ?

હંસ—અરે હે અબળા ! તું મને ઝાલનાર કોણુ ? અમે તો કમળના ફુલની અંદર રહેનાર પક્ષી, સ્વર્ગ મત્યુ અને પાતાળમાં ઝાલનાર નળ શિવાય નથી તે નરરાજ ! તું કોણુ માત્ર તને નળની માફક ચાતુરી કયાંથી હોય ?

દમયંતી અરે હે હંસ ! જો તું નહિ પકડાય તો મારો

પ્રાણ જશે, હું તને નહિ જવા દેઉં. (સ્વગત) લાવ લાવ યુક્તિ રચુ અને પકડું. દાસી!

દાસી--જી સાહેબ!

દમયંતી--આલે મારા વસ્ત્ર, તું પહેર. એક લીલી સાડી લાવ.

દાસી--(દાસી લાવે છે) લ્યો. હું જાઉં છું.

દમયંતી--લાવ્ય (પહેરે છે.)

માથે કેળનું પાંદડું મુકી, તેના ઉપર હથેલી મુકી, જાંબુ ફળ મુકે છે, હંસથી ઉંચી ડાળે બેસી ભમરાની ગોડે ગણુ ગણેછે.

હંસ--વાહ સુંદરીએ પણ યુકિત ખરી લડાવી છે, અરે વાહ! વાહ! ચતુરા ચિંતાને દુર કરી શાંતી ધરી, યુકિત લડાવી, શું આ મારા જેવા પરાક્રમી હંસને છેતરે છે? અરે પણ હું શા કાર્ય અર્થે આવ્યો છું? પ્રેમદાને છેતરવાનું નહિ પણ નળને પરણાવવાનુંજ કામ છે. લાવ લાવ અજ્ઞાન થઇ પકડાઇ જાઉં (જાંબુપર જઇ બેસે છે.)

દમયંતી--(પગ ઝાલી લે છે) અરે હે હંસ; અધાપી સુધી તેં મને, વિના કારણે દોડાવી દુઃખી કીધી, પણ એ તારો અવગુણ મનપર નહિ લાવું. સુઆ; તેં મને ના ઓળખી? હું તને નહિ મારૂં. મારૂં નામ દમયંતી છે.

હંસ--ફુલી શીદ જાય છે! હું કાંઇ ભરમમાં ભુલ્યો નથી, પણ યાદ રાખજે; કે તારા જેવો થયો હોત, તો હથેલી ચીરી નાખત; અને પ્રાણ લેત.

દમયંતી--અરે હે હંસ! તું નળ નળ પોકારે છે-તે કોણ છે?

હંસ--અરે ઘેલી; તારી આગળ નળના ગુણ કહ્યાથી શું સાર? કાંઇજ નહિ! નળના ગુણ તો બ્રહ્માની સભામાંજ ગવાય, તે એક ડાહ્યો ને ચતુર પુરૂષ છે; તેજ નળનું નામ હું જપું છું.

દમયંતી--અરે ભાઇ! મારા જેવી રંક કુંવારિકા ઉપર ઉપકાર કરી, વખાણ તો કર?

હંસ--તારી ગરીબાઇને લિધે સાંભળ, તેના નેત્ર મોરના પીછાના ચાંદલા જેવા ખીલી રહયાં છે.

દમયંતી—અરે વાહ ! જેનાં નેત્ર એવાં છે ! તો રૂપ કેવું હશે ? મને તો બાવરીજ બનાવી દીધી.

હંસ—સાંભળતો ખરી, હજી તો હવે તાલાવેલી લાગશે ! કમળ કળી કરમાશે ! શું " ઉતાવળે આંબા પાકશે ?" ઈશક આંધળોજ છે.

દમયંતી—હે ભાઇ; જરી રૂપનું તો વર્ણન કર ?

હંસ—હું તો જાઉં છું !

દમયંતી—બિચારી બાળાને સંસાર સાગરમાં નાંખી, પ્રેમથી બાંધી, ડુબાડી શું ચાલ્યો જાય છે ?

હંસ—જુઓતો ખરા ! આ ન્યાય. હું ધારતો હતોકે તારા આગળ વખાણ કરે, કાંઇ સાર નથી, તે હવે સપડાયા વખત આવ્યો.

દમયંતી—આમને આમ કેટલીક બાળાઓને રડાવી ચાલતો થયો હઇશ ?

હંસ—જો કદાચ ! તારી સાથે વિવાહ થાય, તો તારી ભુત જેવી કાયાને શું કરે ? નહિ નહિ. હું તો આ ચાલ્યો !

દમયંતી—અરેરે ! મે અત્યારથીજ, કાયા નળને સોંપી દીધી. હવે તું નાહક સતાવી દુખી કરે છે. આ કામની ઝુરીઝુરી મરશેજ.

હંસ—કાયા સોંપ કે માયા સોંપ તેમાં મારે શું ? મારા જેવા હજારો હંસ નળરાજાના દુત થઈ સુંદરી માટે શોધ કરી રહ્યા છે. દેવાંગનાઓ જોઇ તથા નાગ કન્યાઓ નીરખી; પણ અરેરે! નળ હે નળ ! તારા સમાન રૂપવાન અને ગુણવાન નામળી તે નાજ મળી, શું દુનીયામાં સુંદરીઓનીજ ખોટ ?

દમયંતી—હે હંસ કાયા નળને સોંપી, તે સોંપીજ. હવે કદાચ જીવ જાય તો પણ શું ! સત્યને માટે જીવ આપું. સુર્ય નારાયણ પાસે માગું છું " જે જનમો જનમ નળરાજા મળે " કદાચ તરછોડે, તો સત્યને માટે શિરપર ચડાવી સત્યરૂપી વાવટો સ્વર્ગના શીખર ઉપર ફરકાઉં. પતિવ્રતા ધર્મ ના તોડુ તે નાજ તોડું

હંસ—ત્યારે સાંભળ, પણ તારો વિવાહ તો નહિંજ ! એક વખત બ્રહ્માએ પાત્રની અંદર તેજ ભરયું, તે તેજથીજ નળરાજાને પ્રગટ કર્યા બાકી વધતા ચંદ્રમાંની પ્રાપ્તિ થઇ, અરે તેની શાંત પ્રકૃતી જોઈ ચંદ્ર હારી ચુકયો. અરે ! તેનું રૂપ નીહાળી રૂષીઓ પોતાની પતિઓને લેઇ જંગલમાં નાશી ગયા, કે રખેને સ્ત્રીનું મન લલચાય.

દમયંતી—ભાઈ; વિકળદશાના પ્રેમ ભાવથી, નળની સાથે લગ્ન થાય તો ઘણુંજ આનંદકારી. અરે હે ભુંડા ? તારે ને મ્હારે મીત્રાચારી થઇ; વહાલામાં વહાલો મિત્ર થઇ મિત્રતાનેજ છેદન કરવા ઉભો થયો ?

હંસ—"જાણે જાણ માણનું છાણ, અને મ્હોટી ભાગવતની ભણેલી " આ ત્હારી કાયા શું નળને લાયક ! નહિ નહિ.

ગાયન ૧૩

રાગ—નરપતી પતિ પડું હું પાયે.

દમયંતી—લાગી તાલાવેલી માનો,
હંસ—નળ વરવા શો છે તાનો.
શું તેલ પાણીમાં ભળશે,
દમયંતી—શું દુધ હાડને ગળશે.
હંસ—શું સર્પ છછુંદર ગળશે,
શું કાગ હંસને કળશે.
દમયંતી—વાહ ! વાહ ! !
એજ પ્રેમ પ્રેમ મળનારા,
હંસ—નહિ દુધ છાશ ભળનારા.
દમયંતી—બાળા શું નળ તજનારી,
હંસ—જોઇ વેષ્યા સંગ ફરનારી.
દમયંતી—લાગ્યો તંત પ્રીતમથી લટકે,
પરણાવો પ્રિતમ નળ ખટકે.
હંસ—જાણી, જાણી !
દમયંતી—જાણ્યા શાણા ઠગોછો અમને,
જોયા જોયા ઠગારા તમને.

હંસ—હે ઠગારા ? હા ઠગારા.
શું કાગ મોતીને ચરશે,

દમયતી—લખ્યા લેખ વિધી નહિ ફરશે.

દમયંતી—(સ્વગત) અરે પ્રભુ, હવે તો સહાય થા; આ હંસને સદબુદ્ધિ સુજાડી હા કહેવરાય. નહિતો આ બાળા પ્રાણ ત્યાગ કરશેજ.

હંસ— (સ્વગત) આ શું ૨૯ મા દીવસની સાંજતો અહીંને અહીંજ પડી, માટે આને દીલાસો આપી; મંડપ રચવા સુચના કરી ચાલ્યો જાઉં. (પ્રકાશ) અરે હે ભગની તને દેખી અને તારા દીનતાના વચન સાંભળી મને દયા ઉત્પન્ન થઇ. હવે હું તને નિશ્ચે નળની સાથેજ પરણાવીશ.

દમયતી—હા વહાલા, તો તો ઠીક, મારી પ્રીતીતો "જેમ પુદુ અને દીપક, કમળ અને ભમરો" એના જેવીજ છે.

હંસ—તારે શું કરવું, હા ! પહેલું તો ઇચ્છાવર વરવા સ્વયંવર રચાવવો, ત્રણ દિવસમાં નળ રાજાને પહોંચે માટે મહેલે જઈ નતં છાનો પત્ર લખવો. હવે હું જાઉં છું; આ બે બાબતો ધ્યાનમાં રાખજે. મહુરત અને લગ્નનો દિવસ સાતમને સોમવારેજ છે. મારે વાર થાય છે મને રજા આપ.

દમયંતી—હે ભાઇ તને જા કહેતા માહારી જીભ કપાય છે, ગયા વગર કામ બનતુંજ નથી. અરેરે ! મારો વિરહવની સમાવવા નળને વિવા અર્થે લેઇ વહેલો આવજે.

હંસ—હું જાઉંછું. (જાય છે.)

દમયંતી—સ્વયંવર રચવા મારા માતુશ્રીને ખબર કરૂં.



પ્રવેશ ૭ મો.

મહેલ.

દમયંતી--પતી ! પતી !! વ્હાલા સતીને ક્યારે મળશો ? અરેરે, બોલો તો ખરા ! નહિંજ બોલો ?

ગાયન ૧૪.

બોલો બોલો, બોલાવે બાળા; અંગ તણા આધાર, રસિલા બોલોરે,
તમને મારા, સમ છે રઢીયાળા, સુંદરીના શણગાર, રસીલા બોલોરે.
બોલોને ! કેમ નથી બોલતા ?
શાણા શું સંતાઓ છો, આવી મળો અહિંયાય;
વાયા વસંતના વાયરા, મારા જોબનીયા વહી જાયરે રંગીલા.
મારા પ્રેમીરે રમનાર, રસિલા બોલોરે બોલો બોલો ૧.

આ શું ? અરે ! આતો સ્વપ્ન કે સાચું ? હાય, હે પ્રભુ ! આમને આમ મને મારા અંગતું પણ ભાન નથી રહેતું. પતિના વિયોગે બ્હાવરી બની ઠેર ઠેર ફરૂં છું. રાત્રિએ સ્વપ્નામાં પણ પતિ પતિ અને પતિજ ! હંસના બોલેલા બોલથી હું તો ઘેલીજ થઇ ગઇ, મારે શું કરવું ? તે સુઝતુંજ નથી. "કાગડાની કોટે દહિંથરૂં છે." હવે તો કાગ રૂપી હંસ પોતાની બોલેલી વાણી પાળે તોજ સુખ રૂપી વાદળી પ્રગટ થાય, માટે મર્યાદા છોડી મહેલમાં જઇ મ્હારી માતુશ્રીને બોલાવી સ્વયંવર રચાવવા છાની વાત જાહેર કરૂં.

દાસિ--(આવી) બાઇ સાહેબ, આપના માતુશ્રિ આવે છે.

દમયંતી--વારૂ, જા આવવા દે. (તાવ આવવા જેવા ચિન્હ કરી પૃથ્વિ ઉપર સુઇ રહે છે.)

વજરાવતિ--બેટા, અરે હે બેટા, દમયંતી ! અરેરે બેન બોલને ખરી ! પ્રભુ આને શું થયું હશે ? પૃથ્વિ ઉપર કેમ પડી હશે ? હવે તો કાંઈ બોલે તો સમજાય ! દમયંતી ! અરેરે બેન તું નહિંજ બોલે ?

દમયંતિ--(ઝીણા સ્વરથી) શું...કે...હો...છો ?

વજરાવતિ--બેન આવી સુખની શાયબી તજી, પૃથ્વિ ઉપર કાયા કેમ નાંખી છે ?

દમયંતી--મા...તુ..શ્રિ! મારૂ શરિર જરા નરમ લાગે છે!

વજરાવતિ--એન શાથી?

દમયંત્તિ--માડી મને શું પુછેછ? તું તારા મન વિશે વિચારી તો જો!

વજરાવતિ--બેટા, તારો વિચાર હું સમઝી. હવે ખાત્રી થઈ કે તને પીડા થવાનું કારણુ એજ છે.

દમયંતિ— ગાયન ૧૫

રાગ, નથી શાયબી સદાય કોઇની ટકી ટકી.

નથી વિરહવની સદાય, કોઇની ખિલી રહિ;
પ્રેમ નદીનાં પુર સમાને, આવ્યો ચઢીને અહિં. નથી ૧
જોબનતણા જંગે ચઢી, સુંદરીઓ મકલાય;
ચંદ્ર કિરણુ અગ્નિ થકી, લાગી મુજને લહાય.
જોબન ધન પલમાં પલટાશે, જેમ વિરહના રંગ;
પ્રિતી સાગર પ્રેમે ચઢીને, ડુબુ કયાં હું પ્રિતમ સંગ. નથી ર

વજરાવતિ--(સ્વગત) હે પ્રભુ! હવે તો આ દમયંતીને પરણાવવીજ જોઇએ, નહિતો વિપરીત થાય.

દમયંતિ--માતુશ્રિ! ઇચ્છાવર સ્વયંવર રચાવો, આ કુંવારિકા પરણાવો.

વજરાવતિ--બેટા મારો પણુ એજ વિચાર છે. કચેરીનો વખત થયો છે, હમણા તારા પિતાજી આવતા હશે!

સિપાઇ--(આવી દમયંતી પ્રત્યે) બાઈ સાહેબ આપના પિતાજી પધારે છે.

વજરાવતિ--હે સ્વામિનાથ! હવે તો પુત્રીને પરણાવી પારકી કરવી જોઇએ, સ્વયંવર રચાવો, જેમ બને તેમ તાકીદે કામ લ્યો, નહિતો "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" કારણ, એ પુત્રી વિરહી વિચારથી શોકાતુર થઈ ફરે છે.

ભીમકસેન--હા પ્રિયા? ચાલો સ્વયંવર રચી, પરણાવી પારકી કરીએ.

વજરાવતિ--ચાલો.

દમયંતિ--હવે હું મારા પિતાજી કંકોત્રિયો લખતા હશે, ત્યાં જઇ નળ રાજાનોજ પત્ર ખોળી કાઢી, તેની સાથે મારો છાનો પત્ર પણુ સિપાઇને આપી વિદાય કરૂં.

પ્રવેશ ૮ મો.

સુખાસન.

ભીમકસેન પત્ર લખે છે, એકે એકે સિપાઇને આપે છે.

ભિમકસેન--સિપાઇ, દમયંતીના લગ્ન સાતમને સોમવારે નિર્ધાયા છે. માટે સર્વેને કહેજે વહેલા પધારજો. (ભીમકસેન જાય છે)

દમયંતિ--(આવી) સિપાઇ ! શિદ જાય છે ?

સિપાઇ--સર્વેને કંકોત્રીઓ આપવા.

દમયંતિ--લાવ જોવા દે. (સીપાઇ આપે છે, સ્વગત) મારે તો નળ રાજાનુંજ કામ છે, માટે નળનોજ પત્ર ખોળી કાઢુ; (ખોળી કાઢે છે પ્રકાશ) હે સિપાઇ આ પત્રને તું પહેલોજ પહોંચાડજે. ઉભો રહે બીજો લખી આપું, તે લેતો જા. (લખીને કહે છે) લે આ પત્ર, બન્ને પત્ર જોડેજ આપજે, કાલ સવારે નક્કિ જઇ આપજે.

સીપાઇ—જાઉં છું

દમયતી--હા જા. (જાય છે) હવે તો સખીઓ સાથે શણગાર સજવા પેરવી કરૂં (જાય છે)

પ્રવેશ ૯ મો.

રંગ મહેલ.

નળ---અરેરે ૩૦ મા દીવસની સવાર થઇ, હંસ કેમ ન આવ્યો હોય, શું વિશ્વાસ આપી દગો દેઇ ચાલ્યો ગયો ? નહિ નહિ ! ઓ પેલું પક્ષી કોણ આવે છે, હા એજ ! એજ ! મારો પરમ સ્નેહી હંસ ઓ આવ્યો; વહાલા શી ખબર લાવ્યો.

હંસ—હે રાજન; સ્વયંવર રચવા સુચના કરી આવ્યો, તેનો છાનો પત્ર ત્રણ દીવસમાં આવી હાજર થશે, માટે હવે વૈદર્ભ દેશ તરફ વિવાહ અર્થે જવાની તૈયારી કરો.

નળ--વહાલા શાબાશ છે! તને ધન્ય છે; મારો ફરીસો જન્મ સફળ કર્યો, વિરહ વેદના શાંત પાડી, ચીંતા દુર કરી, પરદેશ વેઠી, દુખી થઇ, દમયંતીને હાજર કરવા તૈયાર થયો. વાહ! વાહ! ધન્ય છે;

હંસ--હે રાજન હું જાઉં છું મને રજા મળવીજ જોઇએ.

નળ—હેં આ શું બોલ્યો? અરે આ શું કહે છે? શું હાલ હું નિદ્રામાં છું?

હંસ--તમારી ખોટીજ હઠ છે, કાષ્ટમાંથી જુદો પડનાર અગ્ની એકજવાર પડે છે, વરદાન પણ એકજવાર અપાય છે, હે રાજન! મારી માતુશ્રી તથા સ્ત્રી વાટ જોઇ બેશી રહ્યાં હશે. મને જરૂર રજા આપો.

નળ--હે દીનાનાથ! કોડી વહોરી રત્ન ખોવા વખત આવ્યો, સુંદરીનો વિયોગ મટવા વખત આવ્યો, ત્યારે સુંદર સ્વરૂપ હંસ ચાલ્યો, હાય! શું ભાઇ તારો વિયોગ મને નહિ સાલે? ત્રીસ દીવસની ગાયની માફક ફર્યા કરેલું, અને જ્યારે ... ત્યારે તરછોડી રઝળતો મુકી ચાલ્યો જવા વિચાર કરે છે હાય! અફસોસ!

હંસ--"કરણી તેવી પાર ઉતરણી" મારા પેલા જન્મની અધુરી રહેલા મિત્રતાઇ પુરી કરી તારૂં કામ કરી આપ્યું મેં મારા વચનને સત્યને માટે પાળ્યું છે.

નળ--હે ભાઇ! "મરણ વખતે સાંપ કાઢી" શું ચાલ્યા જાવ છે.

હંસ--હે રાજન! મનગમતા લાભ દુઃખી થવું તે ફોગટ ફરીજ છે, એક બે વચન યાદ રાખજો જેથી કરી સદાકાળ સુખમાં પડી રહેશો "જુગટું તથા સ્ત્રીનો વિશ્વાસ" એ બે ઘાતકારી છે. તેની અંદર સદાકાળ દુઃખ રહેલુંજ છે. માટે એ કામ કરશોજ નહિ. હવે હું કદાપી કાળે રહેવાનો નથીજ.

ગાયન ૧૬

રાગ સંસારીયામાં કોઇરે બતાવો ન સુખીયા.

નળ—સંસારીયામાં, સુખને દુઃખના ... રાજ છે;
હંસ—છોડો ગુર્જનરે, જાવા દો મુજને નાન. સંસારીયામાં. ૧

નળ—હાય કાયા કાચતો કુપો, શીદ જાય દેઇને ડુંપો,
દીયોગે મુકયો—અગ્નિ.....હાયરામ.
હંસ—ભજ ભજમન રામા, એ હરે તારૂં કામ છે. સંસારી. ૨
કરે ખોટી જક તું મુકને, જાવાદે સત્ય કહું તુજને;
નળ—ભણુકારા મુકી, ભાઇ.....જઇશ હાય રામ,
હંસ—ભજ ભકિતથી સીતા...સતિ પતિ રામને. સંસારી. ૩
(હંસ ચાલ્યો જાય છે.)

નળ—અરેરે, મારો પરમસ્નેહી હંસ,઼ઓ ગયો ! ઓ ગયો !! ઓ ગયો !!!

પ્રવેશ ૧૦ મો.

મહેલ.

નળ—અરે વાહ વિધભર ! મારી કેવી ગતી, ત્રણ દીવસ થયાં પત્ર કેમ નહિ આવ્યો હોય ? (એટલામાં સિપાઈ લાવી આપે છે.)

સીપાઇ—લ્યો આ બે પત્ર. સાતમને સોમવારે વહેલા પધારજો.

નળ—(વાંચે છે, હસે છે, અડબડીઆં ખાય છે. અહાહા ! વાહ લલિતા ! તહારી કેવી ચતુરાઈ, તારાં વચન વાંચી હૈયું હાથ નથી રહેતું. પ્રિયા ! તારા વચનને વિસામો આપવા મારૂં મન શું બસ છે ? તારા લખેલા પત્રનો પ્રેમ અને ખુલાસો શું મારી તરફ-શીજ મળશે ? વાહ મારૂં કેવું ધન્ય ભાગ્ય ! જગતની અંદર પ્રેમ અને પ્રેમદા સિવાય કાંઇ પણ નથી. અરે હે જગતના નાટકકાર ! તારા નાટકથી તો અત્રધીજ ! "હર્ષ અને શોક, સુખ અને દુખ" બન્નેને સમાન અંતરે રાખી તારી અકળ માયાની દોરી ઉપર ન-ચાવે જાય છે. અહાહાહા ! છબીલીના લખાણની છટા ! અને મારા ઉપર પ્રેમની ઘટા ! લાવ મ્હારી વ્હાલી પ્રીયાનો પત્ર નિહાળું, વાહ !

દમયંતીનો પત્ર.

" સ્વસ્તિ શ્રી નૈષદ્ધ દેશ ! અચળ સ્થાને બિરાજમાન થયેલા
" મહાન પરાક્રમિ શિરછત્ર રાજા નળ ! પ્રેમના બળે કરી
" બાધી તે હવે નથી પડતી કળ ! આપના મિત્ર જે
" હંસ, તેમણે આવી પ્રેમ નાગની જેલમાં કેદ કરી ! પણ
" આ પરમ વિયોગી દાસી આપનેજ વરી ! અલબેલા તમ-
" નેજ વરી ! હવે તો રસિલા ! રંગીલા ! મહારૂં મન દો-
" ડયું દોડયું ત્યાં આવી તમને મળવા ચહાય છે. અહાહા !
" પણ મારા મનમોહન ! માયા અને કાયા બન્ને અહિંયાંજ
" રહી જાય છે. માટે રસિયા ! અરેરે, મારા મનમાં વસિયા !
" આપ આવી આ રંક બાળા ઉપર કૃપાનો વરસાદ વરસાવી
" મંડપમાં સર્વ ક્ષત્રીઓ સમક્ષ હસ્ત ગ્રહણ કરી વહાલા !
" અમૃત રૂપી પ્રેમનો સ્વાદ ચખાડશો ! મહારા મનહર
" હું શું આગળ લખું ? મહારા અંતઃકરણે આપની સાથે
" એવી તો જબ્બર બાથ ભીડી છે કે હવે તો કલમ પણ
" આગળ ચાલતી નથી. એજ વિનતિ ! તમે જરૂર આવજો,
" રસિલા જરૂર ! જો જો હો ! એ મારા લખાણની કલમ
" બંધ થાય છે ! એ જરૂર ! જરૂર ! ! જરૂર ! ! !

લખનાર,

પરમ વીયોગી દાસી દમયંતી.

નળ—રસિલી, ધીરજ ધર, ધીરજ ધર, આ તારા પ્રાણનાથ આ આવ્યા, ચાલ હવે તો પ્રધાન સહિત વૈદર્ભદેશ તરફ અલબે-લીની આશા સંપુર્ણ કરવા નિકળી પડું.

ગાયન ૧૭.

રાગ અબ ચલે ન મોહન તેરા.

કેવી મનહરણી એ નારી, ચાલે ચટકે ચટકાળી;
કરૂં તૈયારી વરવા પ્યારી, દમયંતી એ સુખકારી,
વસી છબી અંતરે એની, કેવી ખીલી રહિ કળી તેની.
અરેરે હાય, વિના જીવ જાય, મન મુઝાય;
મરણું જઇ લટકા...ળી ચાલે ૧.

પ્રવેશ ૧૧ મો.

છાવણિ.

ઇંદ્ર--હે અગ્નિ, ભાઈ આપણે આવ્યા તો ખરા પણ દમયંતી આપણને કેમ પરણશે?

અગ્નિ--તમે શા માટે ગભરાઓ છો? આપણે બ્રાહ્મણ સ્વરૂપે નિશાળિયા થઈ નળ રાજા પાસેથી વચન લેઇ નળને આપણા ચારેના વખાણ કરતા વિદાય કરીએ. એ સત્યવાદી ગરીબ બ્રાહ્મણના પુત્રો જાણી બોલો શી ઇચ્છા છે, તરત સવાલ કરશેજ. એટલે આપણે ચારે દેવ પ્રસન્ન થઈ ઉભા રહી શું.

વરૂણ--હા, હા, એજ બરાબર છે, ચાલો બ્રાહ્મણ સ્વરૂપે થઇ નળ પાસે ભીક્ષા અર્થે જઇએ.

યમ--હા ચાલો. (ચારે મળી બ્રાહ્મણનાં રૂપ ધારણ કરે છે.)

ચારેદેવ--આ...શી...વાદ.

નળ--બોલો શી ઇચ્છા છે?

ઇંદ્ર--તમો સત્યવાદી રાજા નળ ધારી ભીક્ષા અર્થે આવ્યા છિએ, એમ મોઢે બોલ્યું ના મનાય.

નળ--(સ્વગત) અહાહાહા! આ વળી નહાનાં બ્રાહ્મણના છોકરા શું માગશે? કેવું કાલું કાલું બોલે છે, કે મોઢે બોલ્યું ના મનાય. ત્યારે પુછું તો ખરો! (પ્રકાશ) કેમ મનાય?

ચારેદેવ--શકિત હોય તો આપો વચન!

નળ--(સ્વગત) આતો વળી શકિત બતાવે છે, મારાથી પાછી પાની થાયજ નહિ! કદાચ અંગ માગે તો તે પણ મારાથી ના નાજ કહેવાય, સત્વ હશે તો બધું અપાશે, (પ્રકાશ) લ્યો આ વચન.

જેવા વચન લે છે કે ચારે દેવો થઇ ઉભા રહે છે.

ચારેદેવ--હે રાજા નળ, અગાઉ વેવિશાળીઆ થઇ દમયંતી પાસે જાઓ, તેની આગળ હમારાં વખાણ કરો, પછી જેનાં કરમમાં હશે તેને પરણશે.

નળ—અરે પણ મને મહેલમાં દાખલ કરેજ કેમ ?

અગ્નિદેવ—યોગીંદ્રવેશ ધારણ કરી જાઓ, તમને દમયંતી તથા તેની દાસી સિવાય કોઈ નહિજ દેખે ! વખાણ કરી વહેલા આવો-એજ ઇચ્છા છે.

નળ—ભલે જેવી આપની આજ્ઞા ! હું જાઉં છું. (જાય છે.)

ઇંદ્ર—અરે પણ આપણે તો ડાહ્યા થઇ ડંડાયા, વાહ કૃતિ ! નળને વિદાય કર્યો, પણ જ્યારે નળને જોશે, અને સામસામી દ્રષ્ટિ મળશે, ત્યારે આપણા ગુણ નહિ સાંભરે, એક એકનું સ્વરૂપ જોઇ મોહીત થઇ જશે.

અગ્નિ દેવ—હા ! સત્યજ છે. એમાં કાંઇ પણ સંદેહ નહિ.

ઇંદ્ર—હે અગ્નિ ! હવે આપણે શું કરવું ?

અગ્નિ—આપણે અહિંથી એક દુત નળની પરિક્ષા માટે મોકલો, ગુપ્ત વેષે તેને કોઈ પણ ન દેખે, નળ બરાબર સત્ય સાચવે છે કે નહિ ! ગુણ ગાય છે કે નહિ ! તેની તપાસ કરી આવશે.

ઇંદ્ર—હે વરૂણ, દુતને બોલાવો. (અનુચરને બોલાવી લાવે છે.) હે ભાઈ જા ! નળને દમયંતી પાસે હમારા ચારેનાં વખાણ કરવાં મોકલ્યો છે, બરાબર વખાણ કરે છે કે નહિ ! સત્ય પાળે છે કે નહિ ! તે તપાસી વહેલો આવ, (દુત જાય છે,)

પ્રવેશ ૧૨ મો.

અંતપુર.

(અનુચર આવી તપાસે છે.)

નળ— ગાયન ૧૮.

આહા ! કેવી છબી પ્યારી, વળી નાકની બલિહારી, (૨)

ચાલે ચટકે લટકે મટકે છટા રસપર રંગ, (૨)

મતી ભુલાવે ગતી ડુલાવે પ્રિયા ઉમંગ. (૨)
કેવી ચાલે પ્યારી વાવા વાવા વાહ !
મળે કદી જો નારી વાવા વાવા વાહ !
સુખ અવનીમાં સુંદરી વાવા વાવા વાહ !
અહા.હાહાહા ! વાવા વાવા વાહ ! અહા કેવી ૧.

અરે વાહ ! જેનો મહેલ આવો શોભીતો છે, તો મંડપ કેવો હશે ? શું સુંદરીનું સ્વરૂપ છે ? અરેરે ! પેલા ચારે દેવોમાંથી કોનું ભાગ્ય ભળશે—અને કોના હાથે આ રત્ન ચઢશે. અહાહા ! હજુ સુધી તો હું છતો નથી પડયો ! પણ નળ નળ પોકારી રહી છે. ખરેજ આ મારા ભાગ્યની અંદર વિઘ્ન આવિ નડે છેજ; ભાવીપદાર્થ બળવાન છે, એ ચારે દેવો મારા વેરવી થઇ પડયા છે, પણ હું વચને બંધાયલોજ છું. જો કદાચ મતી ભંગ કરી ઇશ્વરનો ડર ના ધરી વખાણ ના કરૂં તો પ્રાશ્ચિત લાગે. બ્રહ્માના મુખથી વેદના ઉચ્ચાર થતા ઉપર પાણી ફરી વળે, કદાચ ચારે દેવો ના જુએ, પણ અંતર સાક્ષી પરમાત્મા સદાસર્વદા જોયાજ કરે છે પણ મારે તો સત્ય ભાષણ કરવુંજ છે.સત્યને માટે જે થશે તે સહન કરીશ. વચન આપ્યું છે—ને સત્ય પાળવાનોજ. સત્યને માટે સુંદરી શું પણ આ એક શીશ જવા વખત આવે, તો પણ અસત્ય ભાષણ કદાપી કાળે કરવાનો નથી ! તે નથીજ ! !

નળ જે દર્પણમાં દમયંતી માથું ઓળાવે છે તેજ દર્પણ સામી જઈ ઉભો રહે છે. અને તેજ દર્પણમાં દમયતીને જોગી વેષે નળનું સ્વરૂપ માલુમ પડે છે.

દમયંત્તિ—હે દાસી આ સામેના દર્પણમાં પુરૂષનું પ્રતિબિંબ કેમ દીસે છે ?

દમયંતી ખુણે નાશી જાય છે, દાસી ચમકે છે, તે દોડી દમયંતી પાસે જઇ પુછે છે.

દાસિ—કેમ બાઇસાહેબ મને બિવરાવી નાશી આવ્યા ?

દમયંતી—અરે દાસી મેં દર્પણની અંદર વૈરાગ વેષ ધારણ કરેલા નળ દીઠા !

દાસિ—બાઇસાહેબ નળની ઝંખના કર્યા કરો છો તેથી એમ જણાતું હશે! પણ એતો નળ નહિ, અહિં કોઇ પણ પક્ષી આવી શકતું નથી! તો પુરૂષ તો ક્યાંથી આવે?

દમયંતિ—ના માનતી હોય તો આવ્ય દેખાડું.

દાસિ—ક્યાં છે, બળ્યુ જાઓ જાઓ તમે તો જુઠા છો.

દમયંતી હાથ લાંબો કરી દાસીને દર્પણમાં બતાવે છે. દાસી જુએ છે.

દમયંતિ—આ એજ કે બીજા!

દાસી—હા એજ એજ. પણ નળ કેમ મનાય! આ તો કોઇ યોગીંદ્ર છે.

દમયંતી—દાસી, મારી વાત કેવી મળી?

દાસી—હા! બાઇ સાહેબ. હું જાઉં છું.

દમયંતી—(સ્વગત) હા! હે પ્રભુ સહાય થા! આમાંથી વિચિત્ર કપટ ઉત્પન્ન થશે! લાવ લાવ હિંમત ધરી પુછું તો ખરી, (પ્રકાશ) હે કપટ વેષે પધારેલા વૈરાગી! કેમ પધાર્યા છો?

નળ—વાહ! તું જોગીને કપટ રૂપ ધારે છે.? હું કાંઇ વિપયથી કેદ થવા નથી આવ્યો, પણ હું દેવતાનો અનુચર છું. હું સામની માટેજ આવ્યો છું, તારા પુર્વ જન્મના પુન્યથી તહારે ત્યાં દેવતાનો મોકલેલો દુત આવ્યો છે.

નળ—(સ્વગત અરે વાહ! મને આ કામની જોઇ કામદેવ પ્રગટ થયો, શું સુંદીર સ્વરૂપ છે! અહાહા! મારાથી દેવને દગો કેમ દેવાય! પ્રેમને કબજે કરૂં છુ તો વચન જાય છે, સત્ય તુટે છે. વચન અને સત્ય સાચવું છું તો સુંદરી જાય છે. પણ હે અધર્મી મન! સુંદરીને જોઇ શું મોહિત થાય છે. સત્યને માટે બ્રાહ્મણને વચત આપ્યું, અરે જે સત્યને માટે હંસ મને દમયંતી પરણાવવા ઉભો થયો! અને પરણવા વખત પણ આવ્યો. ત્યારે કર્મની કરણીએ દેવ આવી વચ્ચે નડે છે. હાય અપસોસ! સુંદરી તો કાલ બીજી મળશે—પણ સત્ય તુટશે તે ફરી નહિ સંધાય, માટે

વચનને પાળી, સત્યને શીરપર ધારો, સુંદરીને દુર કરી પરણુવાની આશા છોડી દેઉ.

દમયંતી—હે જોગીરાજ તમે કેમ પધાર્યા છો !

નળ—અરે હે દાસ મૃત્યુ લોકમાં શું મોહિ રહી છું ! અં તુરા ચિંતાને દુર કરો, અંતઃકરણમા ધીરજ ધરી સ્વર્ગના અચળ ભોવનનું સુખ લે !

દમયંતી—તમારે જ કહેવું હોવ તે શરૂ કરો. શું તમને નળ રાજાએજ મોકલ્યા છે ; સારૂં થયું જે તમે પધાર્યા.

નળ—અરે નળે નહિ ! પણ હું દેવના મોકલેલો એક અનુ ચરજ છું. નળ નળ શું પોકારી રહી છું, ચંદનને મુકી બાવળીએ શું વળગે છે,—રતનને સોંપી કોડી શું વહોરે છે વાસવ કહેતાં ઇંદ્ર, વન્હિ કહેતાં અગ્નિ, તથા વરૂણ અને જમ તારી ઇચ્છા કરી રહ્યા છે. અલ્પ આયુષ્યના ભરેલા રોગમાં, મનુષ્યના વ્યાધિ સહિત અવતરવાના ઠાઠમાં શું મોહિ રહિ છું.

દમયંતિ—અરે હે કપટરૂપી વૈરાગી નળને કાયા સોંપી તે સોંપીજ છે. સ્વર્ગનુ સુખ કાંઇજ નહિ, એક તો અમર થઇ દુઃખ રૂપી દરિયામાં લિન થવું. એજ એજ.

નળ— ગાયન ૧૯
રાગ ભરથરી.

સાર ન દીસે માનવમાં, સાચો મૃત્યુનો જોગજી;
દેવ સમો નહિ કોઇ દાતારે, છાજે ઇંદ્રાણી યોગજી. સાર ૧.
છાસઠ સહસ્ર રંભા વળી, સુખ તણો સનસારજી;
ભય પામે ઇંદ્રાણીરે, રખે દમયંતી નારજી. સાર ૨.
દમ—કપટ દિસે રૂપ સન્યાસી, બાળી માયરી કાયજી;
અંગે અંગારા લાગિઆ, ઇંદ્ર મુજને શું ચ્હાયજી. કપટ ૩.
ઝિભડા કાપું ઝેરરૂપથી, અલ્પ આયુષ્ય સુખજી;
દુઃખ દિસે એ દેવમાં, અમર એ મુળ દુઃખજી. કપટ ૪.
નળ—ઇચ્છે જે જમ તારી કાયાને, કમળા કામની માટજી;
વરૂણ ઇચ્છે તુજ પ્રેમને, ભોગવવા સુખ વાટજી, સાર ૫.
પ્રેમ પાછળ પડયો અગ્નિતો, વિરહ લાગ્યો છે મનજી;
બાળે કાયા તમ તાનથી, ઝંખે લે નવ અન્નજી. સાર ૬.

દમ—હરામખોરો એ લાગ્યા છે, દમવા મારી દેહજી;
અસત્ય ભાષણું હું નહિ આચરૂં, સત્યે તોડીશ કેહજી. કપટ ૭.

નળ—સતી! સુખ ક્યાં છે? સત્ય—સત્ય શું બળે છે! સત્યને માટ જો જો! હરિશ્ચંદ્રની કેવી બુરી હાલત થઇ હતી!

દમયંતી—(સ્વગત) અરેરે! હું આ દેવ દુતને શું જવાબ આપું? મારી દશા કોને શરણે જશે?

નળ—અરે હે સુંદરી જો તું નમ્રતા પણે હા નહિ કહે તો ચારેજણા એકઠા મળી બળા કારે કલ્પ વૃક્ષને તાણી લેશે.

દમયંતી—ભલે!

ગાયન. ૨૦

રાગ ઉપરનો ચાલુ.

કપટ દીસે રૂપ સન્યાસી,
દેહ પાડું જળમાં વસી, કાયા છોડું આ પ્રાણજી;
દેહ પ્રજાળું અગ્નિ વિષે, વાળું કાયાનો ધાણજી. કપટ ૧.
નળ—વરૂણ વસે જળમાંહિરે, કહેને સુખ ક્યાં સંતાયજી,
અગ્નિ વિચારી બેસી રહ્યા, મનમાં એતો મલકાયજી. સાર ૨
દમ—ફાંસો કંઠ વિષે ધરી, તજું હું મારી દેહજી;
કહેરે દશા દિન દુઃખની, સત્ય તજું નહિ એહજી. કપટ ૩.
નળ—અવગતે જમડા લેઇ જશે, સત્ય વરે જમરાયજી;
સુખ દર્શાવો સતી ક્યાં વસે, માગશો કચરીને મારજી. સાર ૪.
દમ—અન્નને ત્યાગી તપ કરૂં, મરૂં ગુફામાં પેશી;
દેવ આધીન થઇ નવ રહું, નળ વિણ વિદેશી. કપટ ૫.
નળ—પુન્ય ક્ષીણે ઇંદ્ર લઇ જાશે, સ્વર્ગે તુજને નારજી;
સુખ દીસે ક્યાં માનવમાં, સત્યે કરે છે પોકારજી. સાર ૬.

ગાયન ૨૧

દમયંતી— રાગ ક્ષત્રી કલહ.

ના કે ના કે એ દુષ્ટતણી શું કામ, કાળા શું કાળું કર્મ સાધેરે.
હામે અંગારાને પ્રગટે છે લહાય. ધ્રુ.

કીધી નિંદા સુર્ય સમાન નળરાય, „
કાપી ઝિભડી નાંખુ અગ્નિ કેરી માંય. „
ભલે ઈંદ્ર કરે કોપી મુજને નાર, „
કદી ચુકુ નહિ સત્ય સત્ય સાર. „
મીંડ સોંપ્યો છે મેં નૈષધ કેરે નાથ, „
ચિત્ત ચોટયું ભુલું નહિ ભીડી બાથ. „

નળ—અરે હે બાળા ! હઠ છોડી દે, અહંકાર દુર કર, સુખની પ્રપ્તિ કયાં છે.

દમયંતિ—(સ્વગત) નિરંજન, એકે તરફથી ઉગરવા વખત ના રહ્યો, હવે મારી શી દશા થશે ! લાવ લાવ પુછું તો ખરી આની કાયા હંસ જે વખાણ કરી ગયો હતો તેના જેવીજ છે, શું ! હુંજ ભુલું છું ? શું આ નકિ નળરાજાજ હશે ? (પ્રકાશ) અરે હે જોગીજન ! શું તમે દેવના દુત છો ? અરે પણ નહિ નહિ રૂપ અંને કાયા નળ સમાનજ લાગે છે.

નળ—હું તો માત્ર દેવનો અનુચરજ છું.

દમયંતી—મને વિશ્વાસ આવેજ નહિ ! સત્ય વાણી ચ્હાતા હો, સત્યને માટે સાચું બોલતાજ હો ! તો,—

ગાયન ૨૨.

બોલો બોલો રાણી ટેક દિસો સાફ સાફ સાફ. (૨)
દીઠા છો નળની કાયાને લાયક,
જો જો રાખો મનમાં કાંઈ પાપ પાપ પાપ; બોલો ૧.
સત્યને ચહાતા હોય નિરંતર,
સીદ મુકો સતી શીર કાપ કાપ કાપ; બોલો ૨.
અસત્ય વદો તો સમ તમ માતા,
કદી વદો જુઠ દેઉં શ્રાપ શ્રાપ શ્રાપ; બોલો ૩.

બોલો નળ છો કે દુત છો !

નળ—હું તો દુતજ છું.

દમયંતિ—(સ્વગત) અરેરે, આતો કહે છે કે હું તો દુતજ છું. લાવ લાવ પુછું. (પ્રકાશ) અરે શું નળરાજા નહિ !

નળ—(હસે છે.) આહાહાહા !

દમયંતી—(સ્વગત) આ તો નક્કિજ નળ રાજા છે. નળ હશે તો નાસી જશે (નજીક જાય છે નળ ખસી જાય છે. પ્રકાશ) હવે શિદ નાસો છો ! મેં નક્કિ જાણ્યા કે તમેજ નળ રાજા છો. (દોડી બાઝવા જાય છે. નળ નાશી જાય છે.) અરેરે ! એ નક્કિજ નળ હતા, પણ નાશી ગયા, હું શું કરૂં ! હવે તો આરામ લેઉં. નહિ તો કાલે સ્વયંવર છે. જે હશે તે કાલે જણાશે. (પલંગપર સૂઇ રહે છે.)

પ્રવેશ ૧૩ મો.

છાવણી.

યમ--(નળ આવે છે તે જોઇ) કેમ ભાઇ નળ શું કરી આવ્યો !

નળ-- ગાયન ૨૩.

જઇને આવ્યો કરી વખાણ તમ મહારાજ,
અરર અરર અરર વાહ ! દિસે અચળ એ કાજ. જઇને ૧
જો કદાચ નાઠ્યો હોત, નાશીને આ વાર,
સત્યનો કરત ભંગ રાણી મુજ નિરધાર. જઇને ૨
હંસના વખાણથી, રૂપના પ્રમાણથી,
જાણીઓ મુજને જોગી નળરાજ. જઇને ૩
સત્યની સાથે પ્રાણરે, દીસે છે જગતે જાણરે,
અધિક વ્હાલો ધરમ તેને પતિવ્રતા મહારાજ. જઇને ૪

ઇંદ્ર--પેલો દુત આવે છે, તેને પુછી જોઇએ, તું સત્યવાદી છે કે નહિ ને તુરત જણાશે.

અગ્નિ--કેમ ભાઇ આ નળરાજાએ સત્યતા બરાબર વાપરી હતી કે નહી ! નળ કહે છે કે મને ઓળખી વળગવા આવી.

દુત--હા સત્યજ છે, જો કદાચ નળ નાશી ના આવ્યો હોત તો સત્ય તોડાવી નાંખત.

વારેદેવ--એમાં કાંઇ ફેરતો નથી ! જે સત્ય હોય તેજ કહેજે.

દુત--ના નથીજ, હું સત્યજ કહું છું, હું જાઉં છું.

ચારેદેવ--હા જા.

ઈંદ્ર--હે અગ્નિ, હવે આપણે શું કરવું? હવે શી યુક્તિ રચવી?

અગ્નિ--હે નાગ અમે ચારે તારૂં રૂપ લેઇ સ્વયંવરમાં આવીશું, તારા પાછળ બિરાજમાન થઇશું. પછી જેના કરમમાં હશે તેને વરશે.

નળ--ભલે! જેવી આપની ઇચ્છા, હું મનુષ્ય જાતી થઇ દેવની પંક્તિમાં બેસું એ મારા ધન્યભાગ! ચાલો, તંબુમાં આપણે આરામ લઇએ.

પ્રવેશ ૧૪ મો.

રસ્તો.

લખિઓ--અલ્યા ભીમજી, આહાહાહા! શું આકાશને ટેકા મુકવા રાખ્યા હશે?

ભીમજી--અરે ના વળી ટેકા હોય!

લખિઓ--ત્યારે તે શા આધારે અધ્ધર રહ્યું હશે?

ભીમજી--તે અધ્ધર રાખનાર શ્રી પરમાત્મા! જગદિશ્વર! જેને આખી સૃષ્ટિની ફીકર રહેલીજ છે. પણ આ તારા વિચાર તને કયાં કયાં દોરી જાય છે.

લખિઓ--વારૂ વારૂ એક બીજો વિચાર મળી આવ્યો.

ભીમજી--ભાઈ, તારા વિચારોનો તુંજ પાર પાડે. પણ શો વિચાર?

લખિઓ--કોઈ ગુન્હો કરનાર માણસ હોય, તે માણસને જ્યારે રાજાએ દેશનિકાલ કરવો હોય ત્યારે તે પોતાના દેશની પાર (પોતાની હદ બહાર) કાઢી મુકે છે, પણ જ્યારે પરમેશ્વરનીજ એમ મરજી થાય કે આ ગુન્હો કરનાર માણસને દેશનિકાલ કરવો છે, ત્યારે તે કયાં કાઢી મુકે છે?

ભીમજી--પરમેશ્વરે પોતાના કેટલાક હક મનુષ્યને અર્પણ કરેલાજ છે, પણ તેની તપાસ પરમેશ્વર પોતેજ રાખે છે. કારણ કે

પરમેશ્વર પોતે દયાળુ અને માયાળુ છે. તે સર્વે ઉપર સમાન દ્રષ્ટિ રાખે છે. પણ રાજાઓની દ્રષ્ટિ સર્વે ઉપર સમાન હોતીજ નથી માટે ભાઇ તે જગદીશ્વર પોતે દેશનિકાલ કરતા નથી પણ પોતે તે ગુન્હો કરનાર માણુસને સંસારમાંને સંસારમાંજ સજા કરે છે. કારણ કે તેમનું તો રાજ્ય ઠેરેઠેર પ્રસરી રહ્યું છે. તે સર્વ વ્યાપક છે. ટુંકામાં અનંત બ્રહ્માંડના નાથ આખી સૃષ્ટિના મહાન ચક્રવૃદ્ધિ રાજા છે.

લખિઓ--અલ્યા ભીમજી, પેલી દયારામ શેઠની પૂત્રીનું શું રૂપ! શું રૂપ! અહાહાહા!

ભીમજી--પેલું કોણ છે? એતો નહિ હોય? તેનું નામ શું છે? કાંઇ ખબર છે?

લખિઓ—કામકળા.

ભીમજી—નામની તો બલિહારીજ છે.

લખિઓ—એઇસ! એઇસિ! ચુપ, આ આવી.

ભીમજી--કેમ કામકળા! કાંઈ આ બંદા નજરમાં આવે છે?

કામકળા--જાને પીટયા, મારા બાપને કહી માર ખવરાવીશ. જો ફરી બોલ્યો તો!

લખિઓ-એઈસ! કેમ મીજાજ બીજાજ કરેછ?

કામકળા—મારો રોયો આ જોને વળી!

ભીમજી—(આગળ આવી) હું કેવો રૂપાળો છું?

કામકળા--રૂપાળો છું તો તારે ઘેર રહ્યો! તેમાં મારે શું?

લખિઓ--(ભીમજીને ધક્કો મારી આગળ આવી) અલ્યા ખસી જા! મારી પ્યારીને કેમ સતાવે છે? કેમ નહિ વ્હાલી, તું તો મારે હૈયાનો હાર!

કામકળા--પીટયા પ્યારી કોને કહે છે?

લખિઓ--મારી દીલદારને.

કામકળા--હે પ્રભુ, આવા આવા કાળવેલીઆ ક્યાંથી આવ્યા છે? જાઓ જાઓ રોયાઓ રસ્તે પડો.

લખિઓ--વોય બાપલીઆ! આ તો હવે બોલાયા જેવીયે ના રહી, અલ્યા આપણુને કંઇ કંઇ બોલી દેશે.

ભીમક--ચાલ ચાલ વળી કોક દી મળશે. (જાય છે)

કામકળા—પ્રભુ, મારા પતિવ્રતા ધર્મની સંભાળ તારા હાથમાંજ છે. અંબિકાના દેરે પુજન કરવા જતી અટકાવનાર આ અન્તે જાણું કોણ હશે ? (જાય છે.)

પ્રવેશ ૧૫ મો.

મંડપ.

નારદમુની ચારે દેવની સ્રીયોને લેઇ ગુપ્ત રીતે સ્વયંવર દેખાડે છે. બધા રાજાઓ એકે એકે આવી પોત પોતાની જગ્યાએ બેસે છે, નળ રાજા પણ પેલા ચારે દેવ સહિત આવે છે. ચારે દેવ નળના રૂપ લેઇ ગુપ્ત વેષે નળની પાછળ ઉભા રહે છે.

ભીમક—સિપાઈ.

સિપાઇ—જી હાજર.

ભીમક--દમયંતીને બોલાવ.

સિપાઈ—વારૂ. (હર્ષથી દોડે છે, પડે છે, ઉભો થઇ નાસે છે. બોલાવી લાવે છે, દમયંતી સાહેલીઓ સહિત આવે છે.)

ભીમક--હે દમયંતી તારી ઝંખના પુરણ કરવા આ સ્વયંવર પ્રગટ કર્યો છે, તારી આશા સંપુર્ણ કર.

દમયંતિ—અરે વાહ ! મ્હારાં વ્હાલામાં વ્હાલા પરમસ્નેહી નળ આ સામે આવી બિરાજ્યા છે. હવે જલ્દી જઈ હાર આરોપી પ્રિતમને લઇ પાછી વળું, પણ શું કરૂં, આ રચેલા મંડપને માન આપ્યા વિના સિદ્ધિજ નથી.

પછી દાસી ફુલનો હાર, કંકુની કંકાવટી, રૂપાની ઝારી, કનકનો થાળ, લેઇ મંડપમાં આવે છે. બધા રાજાઓ મુછો મરડે છે. કંઇ કંઇ ચિન્હ કરે છે, દમયંતી પાસે આવે છે—ત્યારે ડોકા આગળ ધરે છે. દમયંતી ખમચાઇ પાછી પડી આવી જાય છે, પ-

રતાં ફરતાં નળ પાસે આવે છે, જેવી હાર આરોપવા જાય છે, તેવીજ તે પાંચ નળ દેખી ચમકે છે.

દમયંતી--અરે આ શું કપટ! નળ એક નહિ પણ પાંચ, હંસે મારી કેવી દશા કરી, હે કૃપાળુ! સહાય થા, આ અદ્ભુત ચમત્કાર દેખી મને કાંઇ પણ સુજતુંજ નથી, હવે હું શું કરૂં?

પાંચેનળ--(એકએકને ધક્કા મારી આગળ થઇ) હે લલિતા મને વરમાળા આરોપ, ઝટ આરોપી દે ઝટ.

દાસી—બાઇ સાહેબ, શા માટે અમુઝાઓ છો. આપના પિતાજીને ખબર કરો, તે કાંઇ પણ યુક્તિ બતાવશે.

દમયંતિ—લાવ લાવ મારા પિતાને આ બાબત જાહેર કરૂં. (જાય છે.) પિતાજી! નળ એક નહિ પણ પાંચ! હાર આરોપવા જતાં વચ્ચે વિઘ્ન આવી નડે છે.

ભીમક--હં! એ શું! પાંચે નળ હોયજ નહિ. તેમાંના એક નળ રાજા, તથા બિજા ચારે દેવજ હશે! માટે તેમની પરિક્ષા બતાવું, જે દેવ હશે તે પૃથ્વિથી અધ્ધરજ હશે, તેમના નેત્ર નહિ મીચાતા અસલ સ્થિતિએ રહેશેજ, જા તપાસ કર.

દમયતિ—હવે તો એમાં નળ કોણ છે, તે જઇ નક્કિ કરૂં.

પાંચેનળ--(દમયંતી પાસે આવે છે પાંચે જણ ડોકા ધરે છે.) અરે હે સુંદરી, પાછી કેમ ગઇ હતી? શું તને નળ રાજા નથી ગમતા!

દમયંતિ—અરેરે, હે પ્રભુ! હું શું કરૂં? મને મારા અંગનું પણ ભાન નથી રહેતું. ધીરજ ધરી પરિક્ષા તો કરૂં, (ધારીને જુએ છે.) ખરેજ આ ચારે દેવ તથા આ નક્કિ નળ રાજાજ છે.

ઇંદ્ર--હે અગ્નિ! તું આગળ ધસી ધક્કા મારે છે-તો તારૂં વાંદર જેવું રૂપ થજો.

અગ્નિ—આપે મને વાંદર બનાવ્યો! તો આપ રીંછ થઇ સુખેથી કન્યા પરણજો; જોઉં તો ખરો! કન્યા કેમ પરણાય છે.

નારદમુની--આ જુઓ તો ખરા! કોઈ દી જોયા હતા!

વરૂણ—(સ્વગત) આ બે તો ખરેખરા રત્ન થઇનેજ રહ્યા, ત્યારે લાવને હું પણ આ જમને બિલાડો બનાવી દેઉં. હે જમ

તારી પણ બિલાડા જેવીજ દશા થજો; કારણ કે તું પણ ઠેક-
ણે નથી રહેતો.

યમ--વાહ-વાહ! ત્યારે તો તું એકલોજ રહ્યો! અને શું
તુંજ પ્રેમદાને પરણીશ? દગા કિસીકા સગા નહિ, માટે થઇ જા
કુતરો.

આ બધી બિના જોઇ દમયંતી તો ચુપ થઇ ગઇ હતી. પણ
નળરાજા માલુમ પડી આવવાથી તરત હાર આરોપવા હાથ લાંબો
કર્યો, તેવાજ પેલા ચારે દેવોએ શ્રાપિત રૂપે ડોકાં ધર્યાં. દમયંતી
રત પાછી પડી.

દમયંતી—અરે હાય અફસોસ! આ કાયા નળ વિના ટળ-
વળી ટળવળી મોતને આધીન થશે, જગદીસ્વર લેજે ખોળે—
(મુર્છા ખાઇ પૃથ્વિ ઉપર પડે છે.)

નારદમુની—(ચારે દેવની સ્ત્રીઓને) એલી જુઓતો ખરીઓ,
આવા ખિલાડીના ખેલ કોઇ દી જોયા હતા? નળરાજા થયા વાદી
અને તમારા પતી! એ પતી! રીંછ, કુતરો, બિલાડો, અને વાંદરૂ,
કેવો તમાસો છે અહાહાહા! અહાહાહા! અહાહાહા! કેમ કેટલો
બધો પ્રેમ, દમયંતીને માટે કેવા કેવા રૂપ ધરવા પડયા છે.

ચારે દેવની સ્ત્રીઓ—(માંહો માંહે એક એકને) બેન
પીટયા એતો આપણા ફજેતીના ફાળકા કર્યા!

૧) બે સ્ત્રીઓ--હા બેન! આપણે આવીને ઉલ્ટા ખ-
રાબ થયા. આપણા પતીને આવા રૂપ ધારણ કરવા પડયા છે. તે
આપણે નારદમુનીની સાથે આવ્યા તોજ જોયા: ના આવ્યા હોત
તો સારૂં થાત.

નારદમુની--શું સારૂં થાત? જ્યારે હું તમને કહેત, ત્યા-
રે તમે માનત નહીં સાથે નાઆવ્યા હોત તો આવો તમાસોએ
જુઅત. (સ્વગત) જુઓ તો ખરા આપણે તો બંધા લડમલડા કરાવી-
ને વેગળાજ રહેવાના અને આવાજ લાકડે માકડા એકઠા કરવાના,
(પ્રકાશ) અરે જુઓતો ખરીઓ! કેવા પ્રેમને માટે અને કાન્તાના
સ્વરૂપને માટે પ્રીતી નામનો વૈરાગ લેઇ ઠેરઠેર ભટકતા ફરે છે. અ-
હા હા હા!

પેલા ચારે દેવ આપિતરૂપે સ્ત્રીઓને જોઇ આપ-શોક કરે છે.

દમયંતી—હાયે પ્રભુ દીનતાના વચન શ્રવણુ કરી આ રંક કુંવારિકા ઉપર જરાતો દયા ધર !

ગાયન ૨૪

રાગ—પાતળીઆ પરિશ્રમ ક્યો શાને

સુંદરી રડતી હાયે શામળીયા, હાહા મને વિઘન હા વિઘન છે;
રંગમાં રમતી રસીક રામા, વાહરે તેને રંગ તેને રંગ છે.
ચિંતાશે ટાળવી, વિરહ ભાળવી, રંગ શે જાળવી,
આ..........પાંચ પતી, આશી ગતી, સુંદરી ૧.

(શામળીયાની સહાય ત્વાં શી આંચ, આ શું કપટ !
નળ એક નહિ પણ પાંચ.)

રસવેલીને રાખે રંગે રામા તેને ધન્ય તેને ધન્ય છે,
કેવી ઉદાસી, રહી નિવાસી, જન્મની દાસી,
આ...........હું છું સતી, કેવી રતી સુંદરી ૨.

અરેરે ! તમારા પીતાનું નામ શું છે ? સત્ય કહો,

પાંચેનળ—અમારા બાપનું નામ વિરસેનજ છે.

દમયંતી—(સખી સામું જોઈ હસે છે) સખી આ શું ! (દેવ પ્રત્યે) હે પ્રભુ જે રાજા નળ છે તેતો મારે પતી સમાનજ છે, પણ નળ વીનાના આ ચારે દેવો મારે ભિમસેન પિનાજી બરાબર છે, તમે મને કેમ સંતાપો છો.

ચારે દેવ—(જે દેવ હતા તે દેવ થઈ) હે બાળા ! અમે તો તારૂં સત્ય જોતા હતા, કે તું પતિવ્રતા છે કે નહી.

નારદજી—(સ્વગત) જુઓ તો ખરા આ સતીઆ !

ઇંદ્ર—હે નળ ! તારૂં સત્ય તથા દમયંતીનો પ્રતિવૃતા ધર્મ જોઇ હું પ્રસન્ન છું. લેલે આ વચન ! આ એક અશ્વમંત્ર તથા કમળમાળા આપું છું. જે હજારો વરસ સુધી નહીં કરમાય ! દમયંતીના હસ્તમાંથી અમૃત ઝરશે. જે મુએલા પ્રાણીને દમયંતીનો હસ્ત અડશે તો તે મુએલું પ્રાણી સજીવન થઇ ચાલ્યું જશે.

અગ્નિ—હું પણ વચન આપુંછું જે તું મારા વરદાનથી

બળીશ તથા દાઝીશ નહીં, અને સંભારતાંજ અગ્નિ પ્રગટ થશે.

વરૂણ--રાજા નળ ! સુકું વૃક્ષ તારા હસ્તના સ્પર્શ થયે લીલુ છમ જેવું થઇ જશે. અને સમરતાંજ પાણી પ્રગટ થશે.

યમ--(સ્વગત) અરેરે હવેતો આપણેજ નકામાં ફજેત થઇશું માટે લાવલાવ હું પણ કાંઇ વચન આપું, મારે પણ નહિ ચાલે. હે નળ હું પણ તને વરદાન આપુંછું. જ્યાં સુધી ભોગ ભોગવીશ ત્યાં સુધી તારા રાજ્યમાં કાંઇ પણ રોગ ઉત્પન્ન નહિ થાય, અરે તને યમનું તેડું નહિજ આવે. તારી કથા જે શ્રવણ કરશે તે પાપી હશે તો પણ પાવન થશે. જે તારીજ માફક સત્ય ઉપર ટેક રાખી સદાકાળ તારા જેવા ગુણથી વર્તશે તેને પણ યમનું તેડું નહીં મળે.

એમ કહી ચારે દેવ જાય છે દમયંતી નળને હાર આરોપે છે.

નારદમુની—જોયું ! જ્યારે તમને જોઇઓ, ત્યારે વરદાન ફોક કરી અસલ સ્થિતીએ પહોંચી નળ દમયંતીને વરદાન આપવા માંડયા, અને પાછા સતીઆ થયા. હવે ચાલો ચાલો વાર થાય છે.

જ્યાં ચોરી બાંધી છે ત્યાં ભીમકસેન બ્રાહ્મણો સહિત દમયંતીને પરણાવે છે.

સાહેલીઓ-- ગાયન ૨૫

૧--હળીમળી અલી ચાલો (૨) સર્વે સાહેલીના સંગમાં,
૨--સંગે સલુણી (૨) વાહરે વીવાહના ઉમંગમાં,
૩--અલીજોને (૨) દમયંતી પરણે છે રંગેરે
૪--ગુણીઅલ ગજરા હું ગુંથી લાવી સહીઅર સંગે રે.
૧--અલી જાણી જાણી તારા બોલથી,
બસ રહેવા દે રહે તારા તોલથી.
૪--કરે ક્રોધ સખી આમ શું તું રે,
૧--લાવી લાવી તું અણઘટતું રે,
૪--શીદ જાઓ ચઢી તમે બાઇરે,
૧--હાર પુષ્પ ભુલી શીદ આઇ રે,
નળ દમયંતી બંને વધાવારે,
ક્યારે મળશે ઉમંગ રાંડ આવારે. અલી જોને ૧

ભીમક--(પરણાવ્યા કેડે) હે રાજન ! અમારી પુત્રી દમયતીને લઇ નૈષદ દેશ જઇ સુખેથી રાજ કરો. બંન્ને જણા સંપ સંપીને રહો, સત્ય સાચવો અને સુકીર્તી વધારો એવી આશિશ છે.

નળ--હે ભીમકસેન ! અમે જઇએ છીએ.

ભીમક--હા જાઓ ભાઇ. (જાય છે.)

ડ્રોપસીન.

પ્રવેશ ૧ લો

દરજીની ઓરડી

સ્થળ—દરજીની ઓરડી.

જમની-- ગાયન ૨૬

રાગ જાય છે જાય છે જાય છેરે.

ચાવલો ચાવલો ચાવલોરે, ઝુડી પાડું પીટયો થાયે ચાવલો. (૨)
બોલે કદી જો કહિંનું કહિં તો ઠીક ઘડું પણુ નાવલોરે. ઝુ. ૧
સમજે નહિ કાંઇ સંસારી લટકા, રોયો થાય છે ચબાવલોરે. ઝુ. ૨
ધરે કાને નહિ કહું જે સાનમાં, હેં હેં કરે તે ઉતાવળોરે. ઝુ. ૩
ઝાલીને આજે તો પીટું પીટયાને, આવો ફરી ના આવે દાવલોરે. ઝુ. ૪

જમની--લેતો જા ! (એમ કહી દરજીને મારે છે.)

દરજી—સીતારામ !

જમની—લેતોજા !

દરજી--રાધેકૃષ્ણ !

જમની--લેતોજા !

દરજી—સીતારામ, (બન્ને ચાલ્યા જાય છે.)

પ્રવેશ ૨

રંગ મહેલ.

નળ--હે પ્રિયા! આપણા સંસાર સુખના વૈભવનો પહેલો દિવસ આજેજ છે. પ્રીતી સાગરમાં કાયા વેલીને આણંદ પમાડવાનો તથા કમળ કળીને શાંતી આપવાનો દિવસ આજેજ છે. માટે ચાલો આપણે નિંદ્રાને વશ થઇએ.

દમયંતી—હા સત્યજ છે. પ્રાણ વલ્લભા, આજનું સ્વરૂપ ચંદ્ર કરતાં પણ કેવું જો મય દેખાય છે? આકાશમાં પ્રગટેલા ચંદ્રનું તેજ, અને આપના મુખાર્બીંદની કાંતિ બંને એકાકાર થયા લાગેછે.

નળ--ચંદ્ર એતો ચંદ્રજ છે, કદાચ ચંદ્રની ઉપમાને લાયક ન્હાવ એતો ભ્રાંતિજ છે.

દમયંતી--ભ્રાંતિ નહિ પણ સત્ય, આકાશમાં રહેલા ચંદ્ર અને આપના સ્વરૂપમાં બિલકુલ તફાવત છેજ નહિ.

નળ--તું ગમે તેમ કહેછે પણ હું કાંઇ ચંદ્રને લાયક નથી.

દમયંતી-- ગાયન ૨૭

રાગ રસીયારે સીદ રસિક થઈ,

રંગમારે અલબેલા રસિયા રસિક લ્યો લ્હાવો,

સુંદીર સુંદીર રસ પ્રીતિ રંગમાંહિ શાને શરમાવો.

નળ-વાહ ચતુરા ચિત્ત હરનારી,
દમ-લ્યો રસ રંગ જમાવો.
નળ-છે અરપણ સુખ સાગર કાયા,
દમ-રંગ ઉમગે રમાડો.

(હવે ચાલો-હા આવો.)

સુખ એક અવનીમાં દીસે, સુંદરી સુખ સંસાર;
મધુર રસ અલબેલીમાં, સુંદરિ સુખ શણગાર. સુંદીર ૧.
રંગમારે અલબેલા રસિયા રસિક લ્યો લ્હાવો.

નળ--હે પ્રિયા! ચાલ હવે પ્રિતીના બિંદુને શણગારી પ્રેમ પાન કરી, કામદેવ પ્રગટ કરી સુખેથી શયન કરીએ.

દમયંતી—વ્હાલા! ચાલો ચાલો.

પ્રવેશ ૬

જંગલ.

પુષ્કળ--(આવી) અરે હાય અફસોસ ! ઘણા દિવસ થઈ ગયા પ્રભુ ! પ્રભુ ! તમારા દર્શન ના થયા, અરેરે હું આમને આમ કેટલા દિવસ સુધી જંગલમાં રખડ્યા કરીશ ?

માથે બળતી સઘડી લેઇ તરવાર સહિત લોઢાના વસ્ત્ર ધારણ કરી સિંદુરની આડ કરી કળિયુગ આવે છે.

કળિયુગ--અરે હે રાજન ! મુંઢની માફક બેશી શું રહ્યા છું ? કંઇ વિચાર, વિચાર ! રાજ્યની આશા છોડી નિંદ્રાવશ શું થાય છે, આંખ ઉઘાડી તપાસ તપાસ ! તારી કેવી બુરી હાલત છે ? હુ તને પ્રસન છું, તું અહિંઆં સેવા કરે છે અને તારો ભાઇ એક રૂપાળી દમયંતી પરણી રાજ્યાસન ભોગવે છે, તું કેવી દશા ભોગવે છે. કેટલો બધો અન્યાય. અરેરે પુષ્કળ, તને દુઃખી દેખી હું મારા અંતરમાં નિરંતર બળ્યા કરૂં છું.

પુષ્કળ--અરે વાહ ! મારી આવીજ દશા ! બસ હવે તો એ કામયોગ સાધનારાને અને બુદ્ધિહિન થએલા નળને જંગલે જંગલ ના રખડાવું અને ઠેરઠેર ના ભટકાવું તો મારૂં નામ પુષ્કળ નહિ.

કળિયુગ--તું ગાભરો બની ઉતાવળ શા માટે કરેછ ? તું મારે શરણે છે, હું તને એક યુકિત બતાવું છું.

પુષ્કળ--શી યુકિત ?

કળીયુગ--લે આ પાસા. આ પાસા લેઇ નળની સાથે જુગટુ રમ, ત્રણ વર્ષની એવી સરત કર કે રાજ્યપાટ છોડી દેશવટો લેઇ જંગલમાં યોગીંદ્ર વેષે જવું, છતાં પડે તો ફરી જવું, જેટલી વાર છતાં પડે તેટલી વાર જવું પડે, હું પાસાની અંદર પ્રવેશ કરી તને જીતાડીશ.

પુષ્કળ--કદાચ ના જીતું તો છ માસ અહિં જંગલમાં રખડયો, પાછું ફરી ત્રણ વરસ ભટકવું પડે.

કળીયુગ--મારા કહેવામાં ફેર પડે તો લે આ વચન. જા રમ.

પુષ્કળ-- ગાયન ૨૮

રાગ કલ્યાણ.

જે જુગત પતિ, સહાય દો અતિ, કષ્ટ સર્વે દુર થાઓ આપો સન્મતિ
ભુવન ભારથી, મોહન મુરતિ, અચળ શાંત કાંત લક્ષ્મિ પતિ. જે ૧

શરદ રૂતુની વાદળી, પણ પળમાં પલટાય;
ચાર ઘડીના કારણે, મુરખ મન મલકાય. જે. ૨
હમણાં જાઉં, કેર મચાવું, કપટ રચું હું ત્યાંય,
દુત રમાડી જંગલ કાઢું, એક પલકની માંય. જે. ૩
કાઢી નળને જંગલ માંહી, રાજ્યસન લઉં હાથ,
ત્રણ વર્ષનો દેશવટો દેઉં, બીડું હું પ્રેમથી બાથ. જે. ૪
યુકિત ચલાવી, ભાન ભુલાવી, તરત તજાવું પીર,
જોગી બનાવી, જંગલ કાઢી, બની જાઉં રણવીર. જે. ૫

પુષ્કળ જાય છે.

કળિયુગ—હું પણ એના પહેલાં જઇ નળના અંગમાં પ્રવેશ કરૂં, પછી નળની ખબર લેઇ, જંગલે જંગલ ભટકાવું, રાજ્યાસન છોડાવું, એક એકનો વિયોગ કરાવી ઠેર ઠેર રખડાવું. (જાય છે.)

પ્રવેશ ૪

કચેરી.

નળરાજા આવે છે પગ ધોતાં પગની પાની ફકત કોરી રહે વાથી કળિયુગ કચેરીમાં પ્રવેશ કરે છે.

કળિયુગ—(સ્વગત) અહાહાહા ! કેટલાં વરસ થયાં રાજ્યની અંદર મારાથી પગલું પણ ભરાતું નથી, અનેક ઉપાયો કરી ચુકયો. હે રાજા નળ ! રાજા નળ ! તુંતે તુંજ છે. નગરની આસપાસ ફરતાં ફરતાં ઘણાં વર્ષ વિત્યે આજે લાગ મળ્યો છે ! હવે તો બરાબર કેડો લઉં, સત્યવાદી અને મહાન પરાક્રમિ દિશાએ જઇ આવ્યા પણ યાદ રાખજો કે પગની પાની કોરી રહી ગઈ, સત્યવાદી સત્યની સીમા આવી પહોંચી ! લાગ ભાગ પ્રવેશ કરી ચાહનો જાઉં નહિતો હમણાં પુષ્કળ આવતો હશે. (પ્રકાશ) હે રાજા નળ, દમયંતીએ થઈ પરણી નાખી આવ્યોછું, માટે ખુશીથી આપ નહિં તો દુઃખી થઇશ.

નળ—હું કદી દુઃખી થવાનોજ નથી. જો કદાચ સત્યનો ભંગ કરીશ તો દુઃખી થઇશ. પણ હું તો સત્ય બોલવું કરવાનોજ છું. અરે સુંદરી શું! એ સુંદરી મળવાનીએ નથી અને સત્ય તુટવાનુંએ નથી!

કળીયુગ—અરે હે ધર્મીષ્ટ! કાંઇ સત્ય છોડે દુઃખ પડતુંજ નથી, પણ સત્યને સાચવેથીજ પડે છે. જો જો! સતિ દ્રોપદીને પોતાના પતિવૃતા ધર્મને જારી રાખવાથી અનેક કષ્ટો સહન કરવા પડયાં, કૌરવો સભામાં લાજ લેવા તત્પર થયાં, કૈયાએ કપટથી સતિને મહેલમાં બોલાવી કેદ કરી, રાજા હરિશ્ચંદ્રને જંગલે જંગલ રખડવું પડયું, તાપ તડકો તરસ અને ભુખ વેઠવાં પડયાં, તારાને ગુણિકાને ઘેર વેચી, પોતે નિચનો ગુલામ થયો, પુત્ર રોહિતને માળીને ત્યાં વેચ્યો, અહાહાહા! કેટલો બધો અન્યાય! પુત્ર ખોયો અને પતિ ખોવા વખત પણ આવ્યો હતો, સત્યવાદી, સત્યવાદી પોતે દુઃખી થાય છે, અને બિજાને પણ દુઃખી કરે છે. સમજ, સમજ!

નળ—ભલે એના કરતાં પણ સહસ્ત્ર ઘણું દુઃખ પડશે, તો પણ હું સત્ય નહિજ ચુકું. અને સુંદરી નહિ આપું તે નહિંજ આપું, જે થશે તે સહન કરીશ, સાચાનો બેલી રામ છે, પરમાત્મા છે, કૃષ્ણ મહારાજ છે, અરે પરમેશ્વરજ છે. દુષ્ટ! સમજાવાને શું સમજાવે છે, વિચાર વિચાર! રાજા હરિશ્ચંદ્રને શ્રીભગવાનેજ સહાય કીધી હતી, અરે સતિ દ્રોપદીને પણ કૃષ્ણ પરમાત્મા સાનુકુળ થયા હતા, વિદાય થા, કેડો મુક-નહિ તો વિપરીત થશે.

કળીયુગ—(સ્વગત) અરેરે! સુંદરી નહિ મળે પણ અહિં આવ્યો તે શું પાછો જાઉં? કાંઇ પણ યુક્તિ ચલાવી તેના અંગમાં પ્રવેશ કરી દુઃખી કરૂં, અરે હે રાજા ધર્મિષ્ટ! હું તો તારી સત્યતા જોતોજ હતો, મારે દમયંતી શું કરવી છે? સ્ત્રી રત્ન તો સારૂં છે, હું પણ તને વરદાન આપવા આવ્યો છું, લે લે આ મારૂં વચન.

નળ—લાવ્ય.

કળીયુગ—(સ્વગત) હવે આની અંદર પ્રવેશ કરી ચાલ્યો જાઉં.

કળિયુગ પ્રવેશ કરી ચાલ્યો જાય છે, બાદ પુષ્કળ આવે છે.

નળ--અરે હાય, કપટી કળિયુગ જતો રહ્યો. (જોગી વેષે પુષ્કળને જોઇ કહે છે,) અરે કોણ તું પુષ્કળ!

પુષ્કળ--હા વહાલા ભાઈ હું પુષ્કળ. (બંન્ને ભેટે છે.)

નળ--હે મારા પરમ સ્નેહી પુષ્કળ આપણે ઘણે દિવસે મળ્યા.

પુષ્કળ--હા ઘણે દીવસે મળ્યા, પણ સ્ત્રિ રત્નતો સારૂં લાવ્યા છો.

નળ--હા ભાઇ.

પુષ્કળ--મને યાદ કર્યો હતો!

નળ--ના ભાઇ, મને ભવિષ્યે ભુલાવ્યો હતો. હવે બોલો શી ઇચ્છા છે!

પુષ્કળ--ઇચ્છાતો કાંઇ પણ નથી, પણ આપણે પહેલાની માફક જોડે બેસી દુત રમ્યા નથી, માટે આજે રમવુંજ જોઇએ.

નળ—વાહ વાહ! મારો પણ એજ વિચાર છે.

પુષ્કળ—પણ એમ રમ્યુ ના ફાવે, કાંઈ પણ સરત કરવી જોઇએ.

નળ--જેવી ભાઇની ઇચ્છા, શી સરત કરીશું?

પુષ્કળ--ત્રણ વરસ દેશવટો ભોગવવાની, જોગી વષે જંગલ રખડવાની, એટલુંજ નહિ પણ કદાચ છતાં પડીએ તો ફરી ત્રણ વરસ જવું પડે, જેટલી વાર છતાં પડીએ તેટલીવાર જવું પડે, ભાઈ મારો તો આ વિચાર છે.

નળ--(કળિયુગના પ્રવેશથી) અરે હાય! મારૂં મન કળિયુગ આવી ગયો ત્યારનું દુત રમવાનું થયાં કરે છે, ક્યારે રમું! ક્યારે રમું એમ થયાં કરે છે, લાવ લાવે રમું, વ્હાલા પુષ્કળ હા! એજ સરતથી આપણે રમિયે. પણ પાસા ક્યાં છે?

પુષ્કળ—આ રમા મારી પાસે.

(બન્ને જણા રમે છે, નળ હારે છે, સભા શોકાતુર થાય છે,)

નળ—હાય અફસોસ ! હું હાર્યો ! હે કમળાપતી મારી શી ગતી થશે ? ત્રણ વરસ દેશવટો ધારણ કરવા વખત આવ્યો.

પુષ્કળ—હવે ત્રણ વરસ જંગલમાં જઇ જોગી વેષ લેઇ ભટક, વનવસ્ત્ર ધારણ કર, તારા પુત્ર તથા તારી દમયંતીને લેઇ જા, એનું તથા તારૂં મુખ મને ના બતાવ.

આયન રહે.

કુર દુર થાતું હાહા, જંગલમાંહિ જા;
પ્રેમક્ષેમ સાચવ જાજા, સુખ દુઃખ દહાડા.
અરે દુષ્ટ જા, હવે હાહા, દુઃખ દહાડા. કુર. ૧
જંગલમાં જઇ મરતું રડતાં;
વૈરાગી થઈ જોગને ધરતાં.
અસંખ્ય કષ્ટો આવી પડતાં;
મોત આધિન જઇ થા—થા—થા. કુર. ૨

પ્રધાનો—જગતને શાંતિ આપનાર ચાલ્યા ! ધર્મને સાચવનાર ચાલ્યા ! સુકીર્તિનો લાભ લેનાર, અને સત્યને માટે શિષ આપનાર ચાલ્યા. હાય ! હવે રાજ્યની શી સ્થિતી થશે. નૈષદ્ધ હાય ! નૈષદ્ધ હાય ! તારૂં બહેતર તાકર્તા ભલા નળને રાજીનામું આપવું પડયું. હાય નૈષદ્ધ ! તારા માથે પનોતિજ છે, તારી પુરી ખબર લીધા વિના રહેશેજ નહિ, ખબર લેશે ત્યારેજ જપવાની.

નળ—(વસ્ત્ર ઉતારી યોગીંદ્ર વેષ ધારણ કરે છે.) હે મારા વ્હાલા પુત્રો, ચાલો હવે જંગલમાં જવા વખત આવ્યો છે.

બંન્ને પુત્રો નળની એકેકી બાજુએ હાથ ઝાલી ચાલ્યા જાય છે.

પ્રવેશ ૫ મો.

રસ્તો.

ગાયન ૩૦.

રાગ ચંદ્ર વખત શો આવીઓ.

નળ— બાળ અવસર શો આવિયો, ભમ્યો ભવિષ્યે ભમાવિયો,
કપટી લેઇ આવ્યો વેષ, (૨)
સરજી જુગટુ આ દેશ,
બાળક—બાપુ સર્વેના જીવને ભમાવિયો. બાળ. ૧
નળ— ખેલ રચિયો આ વાર, (૨)
દુ:ખ તણો નહિં પાર,
કર્મ કાળાએ જંગ મચાવિયો. બાળ. ૨
બાળક—પિતા શું ઉભા છો આંય, (૨)
થાશે સત્યે શ્રી સ્હાય,
કપટી કાકાએ દુત જગાવિયો. બાળ. ૩

નળ—હે ભ.ઇ! અરેરે, મારા વ્હાલા પુત્રો! હાય અફ્સોસ! મારી જીભ નથી ઉપડતી, ભાઇ! બેટા! તમારી માતાને બોલાવી લાવો.

બન્ને બાળકો જાય છે અને તેમની માતા દમયંતીને બોલાવી લાવે છે.

(દમયંતી યોગીંદ્ર વેષે પોતાના પતિને જોઈ મુર્છાગત થાય છે.)

એક બાળક—(દમયંતીની આસપાસ બેસી દમયંતીને હલાવે છે ને બોલાવે છે.) માતા! અરેરે માતાજી! બોલો તો ખરા! આ નિર્ભાગી બાળકને જરી બોલાવો, અરેરે, માતાજી સાવધ થાઓ, જ્યારે તમેજ આમ નિરાશ થઇ પૃથ્વી ઉપર પડશો, ત્યારે અમારી શી દશા?

દમયંતી—(સાવધ થઇ) હાય પતી ! આ શી દશા ?

બીજો બાળક— માતાજી શું જુઓ છો ! હમારા પિતાજીના હાથેજ દૈવયોગે દુઃખના ઝાડ રોપાયા છે, અમારા પીતાજી તથા અમારા કાકા બન્ને દુત રમ્યા છે, તેમાં અમારા પીતાજી હાર્યા ! હવે દુઃખની વેળા આવી છે, ત્રણે વર્ષો યોગીંદ્ર વેષે દેશવટો મળ્યો છે.

ગાયન ૩૧.

રાગ મનુભા શીદને કરે છે આડાઇ.

બાળકો— દશા આ શીરે કરી અવીનાશે,
દુઃખના દિન કયાંથી સુખ આવશે;
ગતિ આ શરણે કોની પ્રભુ જાશે,
ગયા ખાનપાનને ભોગ વિલાસે. દશા ૧

દમયંતી—સલુણા શીદને રૂએ મુજ ભાઇ,
આપણને સહાય થશે જદુરાઈ;
અરેરે, કેમ કરો છો આડાઇ,
છાના, માના, રહોરે ભાઇ દુઃખદાઇ. સલુણા. ૨
સ્વામીરે સાથે તેડોને આવાર,
નળ— જંગલમાં વાઘ વરૂના પોકાર;
દમયંતી—થાશે સહુ સેવારે પ્રાણ આધાર,
નળ— ત્યાં તું કેમ રહીશ બાપરી નાર. સ્વામિરે. ૩
તારૂણી લાગે જોગીને જંજાળ,
દમયંતી—પ્રાણ આ કાઢી કરીશ મારો કાળ;

કદાચ નહિ લઇ જાઓ તો પ્રાણ કાઢી આપઘાત કરીશ, ને સ્ત્રી હત્યા આપીશ.

નળ— હાય-ચાલોરે પીયર મુકીને બે બાળ,
કરે તેની રક્ષા તેઓનું મોસાળ. તારૂણી. ૪

દમયંતી—ભાઇ, સુદેવને બોલાવો !

એક બાળક—માતાજી ! શું કામ છે ! અરેરે માતાજી, હે પિતાજી તમે જાઓ તો ભલે ! આ તમારા બન્ને બાળકોનો મરણ સમય જોઇ પછી ખુશીથી સીધાવો, માતાજી હાય જોડી કરગરૂં

છું જે સુદેવને હું નહિ બોલાવું !

દમયંતી—બાઇ ! તારી હઠ તદ્દન ખોટીજ છે, અરેરે મારા વ્હાલા પુત્રો આ દુઃખીયારી માતા તમને ફરી ફરી ક્યાં મળશે ? બાઇ ! હજુ તમારી ઉમ્મર નાની છે, મારી માતા તથા પીતાજી તમારી પુરેપુરી સંભાળ લેશે. જાઓ ! સુદેવને બોલાવો ! અમે થોડા દીવસમાં પાછા આવીશું ! ધીરજ ધરો.

બીજો બાળક—ભલે ! માતાજી જેવી તમારી આજ્ઞા. (બોલાવા જાય છે.)

સુદેવ—(આવી) કેમ ! શી આજ્ઞા છે !

દમયંતી—હે બાઇ ! આ બન્ને બાળકને મારા પિયરમાં લેઈ જા, ત્યાં રહી સાચવજે.

એક બાળક—અરેરે ! હાય, પ્રભુ ! મોસાળમાં અમારી કોણ સંભાળ લેશે !

ગાયન. ૩૨

રાગ ચાંદલિયો ઉગ્યોરે સખિના ચોકમાં.

દમયંતિ—બાળુડા તું રોમા મારા દિકરા,
દવ લાગ્યો મારા તનજો. બાળુડા. ૧
માત પિતાનો વિયોગ સમય આ સંચરો,
સહેજો મામા મામિના વચનજો;
કામ નથી ત્યાં જંગલમાં પાછા વળો,
મળવા દોયલા વિધિ એ અંકજો બાળુડા. ૨

બન્ને બાળકો-નાની ઉમ્મરમાં થઈશું માતા વિના,
નહિ કહે કોઇ ફરી સાથજો;
રોઇશું હૈયુ ફાટ અમે બાળા બેઉ,
હવે કોણ ફેરવશે હાથજો. બાળુડા. ૩

દમયંતી—સુદેવજી તમે સાચવજો મુજ બાળને,
કહેજો જતન કરે મારી માતજો;
તાત મારાને કહેજો ત્યાં જઇને વળી,
પુત્રી, જમાઇ, ચાલ્યા વનની વાટજો. બાળુડા.

અરેરે, સુદેવ ! ભાઇ જા મારા પિયરમા જઇ આ બન્ને કુંવરોને સોંપજે ! અને ત્યાં કહેજે જતન કરે. ભાઇ ! અમ જઇએ છીએ.

બન્ને કુંવરો—હે માતાજી ! અરે હે પિતાજી ! અમારૂં કોણ બેલી ?

દમયંતી—વિષંભર ! સ્હાય થજે, અરેરે આ દુઃખમાં ડુબેલા બાળકોને ઉગારજે.

મોટો કુંવર—માતાજી, અરેરે, હાય અફસોસ ! મારી વ્હાલી માતા ! હું તો ઉમ્મર લાયક છું ! પણ આ તમારા નાના કુંવરની તો દયા ધરો, અરેરે માતાજી ! હું શું બોલું ? મારાથી બોલાતું નથી.

ગાયન. ૩૩

રાગ. જનમી જગત માંહી શુંશુંરે કીધું.

દમયંતી—બેલી થાજો અવિના...શી, વૈકુંઠવાશી,
માત પિતાનો વિયોગ સમય આ,
બેટી લિયોને કુંવર કાલા;
રૂદન કરો, શાને ઠા...લા. વૈકુંઠ. ૧
અરરર સમય આ ક્યાં થકી આવ્યો,
દુઃખ દાવાનળ ડુંગર લાવ્યો;
ભાવિએ ખેલ મજા...વ્યો; વૈકુંઠ. ૨
રામ રઠિ લિયો બેલી એ થાશે,
સુધન્વા ઉગાર્યો એ અવિનાશી;
ભજન કરે ભય જા...શી. વૈકુંઠ. ૩

નાનો કુંવર—હે માતાજી ! "જેમ જળ વિનાનું માંછલું" તરફડી તરફડીને મરે છે તેમ અમે પણ તમારા વિયોગે તરફડીશું. "જેમ મીઠા પાણીના માછલાને ખારૂં પાણી મળવાથી પોતાનો પ્રાણ તજે છે." તેમ મીઠા પાણીરૂપ સુખમાંથી હમને બહાર કાઢી ખારા પાણીરૂપ દુખમાં નાંખો છો, તે શું તમને ઘટે છે ? નિરાધારી બાળકોને આધાર કોનો છે ?

દમયંતી—બેટા રો નહી! આ તમારા અને મારા સુખનો છેલ્લોજ મેળાવો છે, હવે મળવા દેવના છે, ભાઇ છાનો રહે! તારા વચનરૂપી બાણુ મારી કાયા ભેદી નાંખે છે. હાય!

નળ—બેટા! ક્ષત્રીના તન થઇ કેમ રૂઓ છો?

નાનો કુંવર—પીતાજી! હવે તમે કયારે મળશો?

નળ—હાય, અફસોસ! આવીજ દશા! પ્રભુ તું તે તુંજ છે. તારી અકળ કળાને કોણ કળી શકે છે?

દમયંતી—સુદેવ! હવે આ બંન્ને કુંવરોને ઝટ લેઇ જા, નહિ તો ભુખ અથવા તરશ લાગશે. પાણી કયાંથી લાવીશું? અન્ન કયાંથી લાવીશું? જા ભાઇ, જા ઝટ લેઇ જા, અમે જઇએ છીએ, બાઇ સાચવજે, (સુદેવ બન્ને કુંવરોને લેઇ જાય છે. દમયંતી નળ પ્રત્યે કહે છે.) પતિ! તૃષા લાગી રહી છે, સ્વામી! પાણી પાણી જીવડો ઝંખી રહ્યો છે.

નળ—ચાલ પ્રિયા! આ પાસેના ઘેર જઇ પાણી પી, તૃષાગ્નિ શાંત પાડીએ. (બન્ને જાય છે,)

ઢંઢેરો પીટનાર—(પુષ્કળનો મોકલેલો આવી કહે છે.) અહિંથી છુટેલા, જંગલમાં જનારા, દેશવટો પામેલા, નળને કોઇ ના રાખે. (થાળી વગાડી ચાલ્યો જાય છે નળ અને દમયંતી પાછા ત્યાં આવે છે.)

દમયંતી—અરેરે! પાણી પણ કોઇ પાતું નથી, જ્યાં જઇએ છીએ ત્યાં હમને દેખી બારણા બંધ કરે છે, હાય શી દશા થવા બેઠી?

નળ—પ્રિયા! કર્મે લખેલી અંકની ટંક કોઇ ફેરવતુંજ નથી.

ગાયન ૩૪.

રાગ અલબેલીરે અંબે માતને મળતો.

વિધીએ લખીઆં લેખ, ટાળ્યાં ટળે નહિરે (૨)
જે કરે તે સહેવું જાતે (૨) રહેવું સદા સહીરે. ટાળ્યાં. ૧
કર્મે લખેલી અંકની ટંક મારી સુંદરી!
જેવી કરણી—પારે ઉતરણી, (૨)

ફરે નહીરે એ જરી મારી સુંદરી. ટાળ્યાં. ૨
ભક્તિ આધીન ભુધરેરારે વનમાળી વશ થાય;
સ્વર્ગ મૃત્યુનેરે પાતાળમાં,
ભવસિંધુ જીતાય મારી સુંદરી. ટાળ્યાં. ૩
માટે ભજી લે-રામ રટી લે, (૨)
સહાય થાશે મોરારી મારી સુંદરી. ટાળ્યાં. ૪

દમયંતી—પતિ ! જંગલમાં જઇ ગુપ્ત રહીએ. ત્રણ વર્ષનો દેશવટો સંપૂર્ણ કરીએ.

નળ—હા ચાલ પ્રિયા.

પ્રવેશ ૬ ઠો.

જંગલ.

કળિયુગ—(સ્વગત) લાવ લાવ હું આગળ જઇ વાવ, કુવા, સરોવરમાંથી પાણી અલોપ કરૂં, ફળ ફળાદિ અલોપ કરૂં, પછી એમની બરાબર વલે કરૂં. (જાય છે.)

દમયંતી—અરેરે ! પતી...પાણી વિના આ સતીનો જીવડો ચાલ્યો ! અરે દૈવ ! આ તેં શું ધાર્યું હશે ? હવે મારી શી ગતી ? સાત સાત દિવસના કડાકા, અરે અન્ન તો ક્યાંથી પણ ફળ અને પાણી વિના આ કાયા ખેદાન મેદાન થઇ જશે.

ગાયન. ૩૫
રાગ રામગ્રી.

હવે દશા મારી શી કરી,
કંઠ સુકાયે કાંટા પડ્યા, કંઠે પડીઆ શોષ;
વાંક કાઢું કોનો વિધાત્રી ? દઉં કોને દોષ ? હવે. ૧
કોમળ કાયા આ દાઝતી, લાગે અંગે અંગાર,
દમયંતી-ધીરજ ધરો મારા સ્વામીજી, સાચોરે કિરતાર. હવે. ૨

નળ—હાય આ કોમળ કાયા દાઝે છે, પગ બળે છે. (પગ બળવાથી કુદે છે, પગમાં કાંટા વાગે છે)

કળિયુગ—(આવે છે, સ્વગત.) અરેરે દેવના વરદાનથી આ સરોવર મારાથી અલોપના થયું. ચાલ મંત્ર જલ્દી થા (જાય છે.)

નળ—અહાહાહા ! મંદ મંદ વાયુની લહેરો કયાંથી આવતી હશે ? પંખીઓ, પોતાના ઝીણા સ્વરથી કલોલ કરી રહ્યા છે, આટલામાં સરોવર અગર વાવ હોવીજ જોઇએ, તપાસ કરૂં; (જાય છે, સરોવર માલુમ પડવાથી પાછા આવી કહે છે.) અરે હે સુંદરી ! કૃપાળુ એ કૃપા કરી, આ પાસેની ઝાડીમાં સરોવર લેહેરો લઇ રહ્યું છે, તું અહિં બેસ, હું અંદર જઇ પાણી તથા ક્ષુધા અર્થે મચ્છ લાવું છું, (જાય છે.)

(ત્રણ મચ્છ તથા પાણી પોતાના પહેરેલા વસ્ત્રમાં લાવે છે.)

દમયંતી—વાહ વાહ ! લાવો...લાવો.

નળ—અરેરે આટલેથી તો આપણે બન્નેની ક્ષુધા પુર્ણ નહિ થાય, લાવ બીજા મચ્છ લઇ આવું. (જાય છે.)

દમયંતી—અહાહાહાં ! દયાળુ દયાળુ. પલકમાં હર્ષનો શોક અને શોકનો હર્ષ ! ત્રણ મચ્છ આવેલા તે પણ મારા હસ્તમાંથી દેવના વરદાનથી અમૃત ઝરવાથી સજીવન થઇ પાણી સંચર્યા, (પાણીમાં ખોળે છે.) અરેરે ! મારા પતી આવી મને શું કહેશે. હાય ! વિધાત્રી...તું શું કરીશ ?

નળ—વ્હાલી ! હવે એ ત્રણ મચ્છ લાવ, મને દૈવયોગે કાંઇ પણ પ્રાપ્ત નહી થવાથી પાછો આવ્યો, એમાંથી દોઢ દોઢ મચ્છ ખાઇ ક્ષુધાને શાંત પમાડીએ.

દમયંતી—દેવ તણા વરદાનથી, સ્વામી ઉડી ગયા મચ્છ;
સજીવન થઈ પાણી સંચર્યાં, નથી કરિયા મેં ભક્ષ.
દેવે. ૩

નળ—અરે હે રંડા ! શું ત્રણે મચ્છનું ભક્ષણ કરી ગઇ ? પાપણી:પતીને દુખી અવસ્થામાં લાવી, અરે હાય ! અફસોસ ! ! હંસે કહેલી વાત કાને નહિ ધરતાં." દુત રમ્યો, અને નારીનો વીશ્વાસ પણ કર્યો" તેનું ફળ પણ મને મળી ચુકયું. હે મારા બંધુ હંસ !

હવે મારા શરીરના ચિન્હ ફેવા થાય છે, હે રંડા તારા કર્મના લખ્યા તું ભોગવ. (આગળ ચાલ્યો જાય છે. પાછળ દમયંતી રડતી રડતી ચાલી જાય છે.) અરે હે ત્રણ મચ્છની ભક્ષણ કરનારી આ તારા પીયરનો રસ્તો આવ્યો, ચાલ જા દુર થા, તારૂં મુખ મને બતાવી ચિંતાતુર ના કર.

દમયંતી—ધર્મ ચુકી નથી પતીતણો, અંદ્ર ચિંતાતુર થાય;
દશા કરી દીન બાપરી, તરછોડો શું રાય. દેવે. ૪

નળ—અરે હે રંડા ! ચુપ, બસ કર, બોલ નહિ.

ગાયન. ૩૬

રાગ અધિકારીરે આશ વિષયની ટાળો.

દમયંતી—કરગરૂંરે વિશંભર શિવનામી, દીનદાસી દુઃખને પામી.
ઉડી ચાલ્યા મચ્છ એ ત્રણેરે,
દિનદયાળુ છું શરણેરે;
રંક રાય બનાવો તરણેરે,
સહાય થાજોરે ચિંતાતુર હો સ્વામી. દીન-૧
વેઠી ભુખ તરશ મેં અંગેરે,

નળ—જા રાંડ તું મચ્છની સંગેરે;
ખાઇ પીને ફરજે ઉમંગેરે,

દમયંતી—નથી આધારે ઉડી ગયા એ હરામી. દીન-૨
કોઇ આવીને મુજને નડશેરે,
છોડી આશાને મરવું પડશેરે;

નળ—સહાય સર્વેશ્વર સહુ કરશેરે,

દમયંતી—અઘોર જંગલમાં આવે મુજને ખામી. દીન-૩
અરેરે, [નિરાશ થઇ પૃથ્વિ ઉપર પડે છે.]

નળ—અહાહાહા ! આ બિચારી અબળાનો શો વાંક ? અઘોર જંગલમાં તેનું કોણુ બેલી. હું જાણીતો છતાં કેમ ભુલું છું, ક્ષત્રિનો ધર્મ શો ? પરમાર્થ. ભલે ! ત્રણ મચ્છનું ભક્ષણ કર્યું, મા-થી દગો કેમ દેવાય ! બાળા સાવધ થા ! કદાચ, શ્વાપદનો ભંગર

ફરી મને લજાવીશ નહિ.

દમયંતી—હે પ્રાણનાથ ! મારામાં સત્ય સિવાય અસત્યનો લેશમાત્ર પણ અંશ રહેલો નથી, કદાપી કાળે હું અસત્ય નહિ વદું તે નહિજ વદું. મને શા માટે સંતાપો છો ?

નળ—મને વિશ્વાસ કેમ આવે ? તું ત્રણ મચ્છનું ભક્ષણ કરી ગઇ.

દમયંતી—સ્વામિનાથ ! હું સત્યને મારા જીવ કરતાં પણ અધિક માનું છું, જીવતો આજ છે અને કાલ નથી ! કાલ ઉડી ચાલતો થશે. પણ સત્યતો મુઆ કેડે અમરજ રહેશે. એ નક્કી ધારો. આવા વહેમ દુર કરી સાથે તેડો.

નળ—ચાલ વ્હાલી! તને છોડવી એ મારૂં મન ના કહે છે. (બન્ને આગળ ચાલ્યા જાય છે.)

કળિયુગ—(સ્વગત.) જે દુઃખ પડ્યું તેતો તેઓ સહન કરી શકયાં. પણ હવે તો યુક્તિ રચું, વિયોગ કરાવી, જંગલે જંગલે રખડાવી દુખી કરૂં. મારે શું કરવું ? હાહા ! લાવ બગલાનું સ્વરૂપ ધારણ કરૂં.

(કળી, બગલાનું સ્વરૂપ—પાંખો થોડી અને ભરપુર માંસ ધારણ કરે છે.)

નળ—(તેને જોઈ કહે છે.) સતી ! આપણા બન્નેના સંપુર્ણ અહારને માટે આ બસ છે, કેવી કરૂણાળુની કૃપા, અહાહાહા ! ચત્રુભુજ તારીજ લીલા, પણ મારી પાસે વસ્ત્રતો એકજ છે. લાવ નગ્ન સ્વરૂપ થઇ તેના ઉપર વસ્ત્ર નાંખી ઝાલી લેઉં સતી ! મારા સામી જોઇશ નહિ. (પકડતાં પકડાતો નથી ઉડી ઉડી જાય છે.) હવે તો વસ્ત્રને જાળવી નાંખી દાબીજ દેઉં. (વસ્ત્ર નાંખે છે, બગલો વસ્ત્ર લેઇ ઉડી જાય છે.) હાય ! અફસોસ !! મારી પાસે જે એક વસ્ત્ર હતું તે પણ પંખી લેઇ ઉડી ગયો. પ્રભુ હું તો નગ્ન સ્વરૂપ થઇજ રહ્યો. દમયંતી...દમયંતી ! દુરદશા આવી, તું પાછી ફરી મારા સામી દ્રષ્ટિ ના કરતી. હું નગ્ન સ્વરૂપ છું ! પાપી વસ્ત્રને લેઇ જતો રહ્યો પંખી એ ખરાબીમાં લાવી મુક્યા.

દમયંતી—(પાછાં પગલે પોતાનું વસ્ત્ર ચીરી નાખી આપે છે.) સ્વામિનાથ ! લ્યો આ વસ્ત્ર.

નળ—લાવ પ્રિયા ! (પહેરે છે.) અરેરે ! આ પાપી પેટને માટે અને આ સુંદરી માટે સ્ત્રીનાં વસ્ત્ર પહેરવા વખત પણ આવ્યો,

ગાયન ૩૭.

રાગ આશાગોડી.

આ શી દશા થઇ મારી, હરિહર આ શી દશા થઇ મારી,
દુત રમ્યાથી પાંડવ ચાલ્યા, હાર્યા સતી રાજ્યદ્વારી. હરિહર. ૧
સંસાર છોડયો જંગલ ભટકુ, મળિયા વિઘન ભારી. હરિહર. ૨
બન્ને કુંવર કયાં, કોને આધારે, ટળટળી મરશે મોરારી. હરિહર. ૩
કયાંરે આ જંગલ કયાંએ નૈશધ, અકળ કળા હરી તારી. હરિહર ૪
કૃપાનિધી કેશવ કરૂણા તમારી, વારે ધાઓ કુંજ બિહારી. હરિહર. ૫

દમયંતી—સ્વામી ! ભુખ, તૃષા, અરે નિંદ્રા મારી કાયા બાળી બાળી દે છે, મને ચેન બીલકુલ નથી, માટે આપણે અહીંજ આરામ લઇએ.

નળ—ભલે !

દમયંતી તથા નળ ત્યાં આરામ લેવા બેસે છે, દમયંતી નિંદ્રાને વસ થાય છે નળ રાજા દમયંતી પાસે બેસી વીચારે છે.

નળ—અરેરે ! આ સુંદરીનું હૃદય કેવું કઠણ છે ? આટલા દુઃખ સહન કર્યા છતાં કાંઇ મનપરજ નથી, મુખ ચંદ્રની માફક ખીલી રહ્યું છે, એની કોમળ કાયાએ અદ્યાપી સુધી દુખ સહન નહોતાં કર્યાં, તે એને પણ આજ વખત ! હે પ્રભુ, તેં તો સર્વેને માથે ચડતી પડતી નીરમીજ છે. (રાજાનું મન ફળી ફેરવે છે. ઉભો થાય છે.) અરે પણ આ દમયંતી પ્રીતીને છેહ દઇ મારી રજા સીવાય મચ્છનું ભક્ષ કરી ગઇ, અરેરે ! જો કદાચ આ પાપણીને મારી સાથે રાખું, અરે જો વીશ્વાસ રાખું તો મારો પ્રાણ જાય, મ્હારી દેહનો અહાર કરે. (એમ કહી ચાલ્યો જાય છે, સાત ડગલાં ભરી પાછો આવે છે.) અરેરે હાય અફસોસ ! આ સુંદરી મને વારેવારે સાંભરે છે, દેવને તરછોડી મને પરણી છે, એટલુંજ નહી પણ મારી

સાથે જંગલમાં આવવા તૈયાર થઇ છે. અને અહિં આવી છે, એણે આવા અસંખ્ય દુખ ક્યારે સહન કર્યાં હશે ! (પાસે જાય છે મચ્છ સાંભરવાથી ચમકે છે.) અરેરે પણ હુંજ ભુલું છું, ત્રણ મચ્છ ખાનારી, અને સત્યનો ભંગ કરી અનીતીએ ચાલનારી રંડાને તરછોડી ચાલ્યો જાઉં, હવે તો મુઠીઓ વાળી દોડી જાઉં તો જવાસે, હવે હે રંડા ! તારે ને મારે છેલ્લી સલામ છે. (દોડી જાય છે.)

દમયંતી—(નળ નાથી જાય છે, એવું સ્વપ્નું આવવાથી ચમકે છે ને કહે છે.) અરેરે મારા પ્રાણનાથ ઓ ગયા ! ઓ ગયા ! ! ઓ ગયા ! ! !

પ્રવેશ ૭ મો.

જંગલ.

નળ—અરે હાય અફસોસ ! અવિનાશી શી દશાની પ્રાપ્તિ થઇ; દમયંતી ! દમયંતી ! દમયંતી ! સુખાકારી દુર થઇ દુઃખરૂપી વાદળી પ્રગટ થઇ, અરેરે બિચારી અબળાને તરછોડી દોડી આવ્યો, બાળા તારે માટે જે વખતે હું ઝંખી રહયો હતો, તેજ વખતે મારો પરમ સ્નેહિ હંસ મને પરણાવવા દિલાસો આપવા તૈયાર થયો હતો, અરેરે મારા પરમ સ્નેહિ હંસ ! ભાઇ ! આ વખતે તું આવી મને દિલાસો ના આપે ? અરેરે ! તારા કહેલાં વચન મેં વિસારે નાંખ્યા, તેથીજ મને આ દુઃખ ઉત્પન્ન થયાં, ભાઇ, અરેરે દમયંતી ક્યાં હશે ? અરે તેને કોઇ ઉપાડી તો નહિ ગયું હોય ? બાળા હવેતો હદ થઇ, શું આટલામાં તો નહિ હોય ? લાવ તપાસ કરૂં. [તપાસ કરે છે નિરાસ થઇ પાછા આવે છે.] દમયંતી ! દમયંતી ! અરેરે ! હવે તો એક વેળા આવી ભેટી પડ ! બાળા એક વેળા ! એક વેળા ! એકજ વેળા ! ! ! (મુર્છાગત થાય છે. વળી પાછો સાવધ થાય છે.) અરેરે, બાળા ! આ તારો પતી તને

જંખી રહ્યો છે, જરીતો દયા ધર ! હવે તો હે અધર્મી મન ! બાળા કર્યા છે, જેટલી બાળાની ઝંખના કરે છે, તેટલી પ્રભુની ઝંખના કર, જેથી તારી કાયાનું કલ્યાણ થાય, સંસારનો ફેરો ટળે ! અને સ્વર્ગ ભોવનનું અચળ સુખ મળે.

ગાયન. ૩૮

રાગ. ફુલ્યો શું ફરેછેરે ભુલ્યો ભવ કુપમાં પડયો.

અંતે એછે બેલીરે, સાચવે છે છેલી ઘડી
જીવ જોને જાગીરે, મુક્તિની ના જુક્તિ જડી.
રત્ન સમી આ દેહ તારી, જાશે પળમાં ચાલી;
જ્યારે આવી જમ ઝાલશે, તુજને બેડી ઘાલી.
લેઇશ ત્યારે તાલીરે. મુક્તિ. ૧

રામ ભજી લે રક્ષા કરશે, આ લોક પર લોકે;
ભક્તિતણે આધિન છે, ભક્તિને નારોકે,
રોઇશ પોકે પોકેરે. મુક્તિ. ૨

કહે છે કાયા જીવને, તું મુજને મેલી ચાલ્યો;
ખાન પાન રસ ભોગવ્યાં, ખુબ ફુલ્યો ખુબ ફાલ્યો,
જીવડો જમે ઝાલ્યોરે. મુક્તિ. ૩

નવ માસ હું સાથે રહી, ગર્ભ વિષે અલ્યા વિચાર;
રામ રટયાં હતાં તે વેળા તેં, ત્યારે કાઢયો બ્હાર,
સાચી મારી સાક્ષીરે. મુક્તિ. ૪

બાળપણું રમવામાં ગાળ્યું, જવાની હતી તે ગઇ;
વૃદ્ધપણે ફરમાળા ઝાલી, તુટી તરત વેરાઇ,
ભક્તિ ના થઇ ભાઇરે. મુકિત. ૫

પ્રભુ, પ્રભુ, પ્રભુ, કૃસ્ન, કૃષ્ન, કૃષ્ન, કૃષ્ન. (મુર્છાગત થાયછે.)

કરકોટક—અરે હે રાજા નળ ! હે નળ ! હે નળ ! હે નળ (નળ સાવધ થઇ કાન દઇ સાંભળે છે.) હે રાજા નળ ! અરેરે, હે રાજા નળ !

નળ—(સ્વગત) અહાહાહા ! આવા અઘોર જંગલમાં મને કેણ્યુ પોકારતું હશે ? શું મનેજ પોકારે છે ? (કાન ધરી ફરીથી

સાંભળે છે.) હા ! હા ! મનેજ પોકારે છે. અરેરે આ કોણ હશે? લાવ લાવ તપાસ કરૂં.

કરકોટક—હે રાજા નળ ! હે નળ !

નળ—(ચારે બાજુ તપાસે છે.) અરેરે આટલામાં તો કોઇ નથી, શું મારી વહાલી દમયંતી તો નહિ હોય. અરેરે હે બાળા હું તને તરછોડી દોડી આવ્યો, પણ બાળા ! તેં મને ના વિસાર્યો. અહાહાહા ! આટ આટલા કષ્ટો પડવા છતાં મારૂં નામ જપ્યા કરે છે.

કરકોટક—હે રાજા નળ ! હું બળું છું ! હું બળું છું ! અરે હે સત્યના બેલી ! સારા કામને માટે સહાય થા ! મને આ બળતા દવમાંથી બચાવી જીવતદાન આપ; દયાના સિંધુ ! દીનતાને માટે સરજેલા હે રાજા નળ ! મને બચાવ ! મારો પ્રાણ જાય છે. અરેરે આ જીવડો અગ્નિમાં ટળવળે છે, હે હું બળું છું ! હું બળું છું !

નળ—અહાહાહા ! આ બીચારો નાગ બળતા દવની અંદર બળ્યા કરે છે ! લાવ લાવ તેનો પ્રાણ બચાવું ! નહિ તો હમણાં મર્ણ પામશે.

નાગને બળતો બચાવી બહાર કાઢે છે.

નાગ—હે રાજા નળ ! તમે મને બળતા દવમાંથી બચાવી જીવતદાન આપ્યું. હું દેવના વરદાનથી સળગતો હતો ! મને શ્રાપ દીધો હતો કે તને આવી પુન્યશ્લોકી રાજા નળ બહાર કાઢશે, તે તમેજ બહાર કાઢયો. હું ઉપકાર નહિ ભુલું.

નાગ નળને ડસે છે, નળ કદરૂપો થઇ જાય છે.

નળ—હાય અફસોસ ! મેં તને બહાર કાઢી જીવતદાન આપ્યું ! તેના બદલામાં આજ ઉપકાર ! ખરે "ગુણ ઉપર અવગુણ" એ કહેવત બરાબર છે મારૂં મુખ પંચ વરણા કેશ થઇ કદરૂપું થઇ ગયું ! છતે છાંતે ડાચા મળી ગયા ! અરેરે ખુંધ પણ નીકળી આવી.

નાગ—હે રાજા નળ ! હજી બે વરસ વનમાં ગુપ્ત રહેવા વખત છે, તે જાણી આ હું તમને ડસ્યો છું. લ્યો આ ત્રણ વસ્ત્ર ! તે તમે જ્યારે ધારણ કરશો, ત્યારે અસલ સ્થિતીએ જઇ પહોંચશો,

તમે ધીરજ ધરો, બાહુકજી નેમ ધારણ કરો ! તમને કોઇ પણ નહિં ઓળખે.

નળ—લાવ પહેરૂં તો ખરો ! જોઉં તો ખરો ! [પહેરે છે એટલે પહેલાં જેવું રૂપ થાય છે.] હે કરકોટક વાહ ! વાહ ! હવે તું મને ફરીથી ડસ્ય. (કરકોટક ડસે છે, નળ કદરૂપો થઇ જાય છે.) હે ભાઇ કરકોટક હું જાઉં છું.

કરકોટક—હા જાઓ ! પધારજો !

નળ—અવિનાશી ! આ અંતર બળી બળીને ખાખ થઇ જાય છે. હે દમયંતી ! હે દમયંતી ! મારા જેવા રંક પ્રાણી ઉપર પ્રભુ આ શો કોપ ! ચાલ ચાલ હવે તો કોઇ પણ દેશમાં જઇ ગુપ્ત વેષે ત્યાંજ રહું, અરે હે નિરંજન ! સહાય થા ! કોઇ પણ દેશની મને પ્રાપ્તિ કર ! અરેરે (જાય છે.)

પ્રવેશ ૮ મો.

રસ્તો.

જમની—હવે તો મારૂં કામ પાર-અને અહિંથી પોબાર.

વાલીઓ—(સ્વગત) અહાહાહા ! હા અહાહાહા ! અહાહાહા ! મારા ધન્ય ભાગ્ય કે અહીં આવી ચઢયો, હવે તો મહાલીશું ! છટાથી ચાલીશું !

જમની—હે વાલીયાજી ! શું તમે પધાર્યા છો કે ?

વાલીઓ—અરે વાહ વાહ ! આપણને પણ જીજી કહે છે. હજુ સુધી આ પ્રેમીનો સપાટો ચાખ્યો નથી ! માટે લાવ ચખાડું, (પ્રકાશ) કેમ વ્હાલી શું કહે છે ? આ તારા સ્વામિનાથ ! આ આવ્યા !

જમની—વાહરે વાહ ! તમારી ચતુરાઇ જોઇ હું તો બાતરીજ બની ગઇ !

વાણીઓ—(સ્વગત) હજી તો હવે ખાનાં ખરાબ થશે, ખુશામત એ પણ એક તાજો રોજગાર છે. ચાલ ભ્હાલી મોજું માણીએ ! રંગ ઉડાવીએ.

જમની—હા વ્હાલા ચાલો ! ત્યારે તમે ક્યારના બોલતા શું નથી ?

વાણીઓ—ઓય ઓય ચતુરાઇ ! ઓય ઓય ચતુરાઇ ! ઓય ઓય ડહાપણ ! ઓય ઓય ડહાપણ ! ચાલ ચાલ ! (બન્ને જણા જાય છે.)

કાણીઓ દરજી–(આવી.) જમની, અરે હે જમની, હે જમનીઇછઇ ! અરે એ ઉઘાડેછે કે નહિ ! અરે એ રાંડ ઉઘાડ, તારી માની લુચ્ચી મારૂં ઉઘાડેછે કે નહિ ! અલી એ આ તારો ધણી આવી બુમો પાડે છે. ગધેડી તારા ઝટીઆ ઝાલી ફેંદી નાખીશ, અરે એ ઉઘાડે છે કે નહિ ! અરેરે, આતો કોઇ બોલતું નથી. એ લુચ્ચી ક્યાં ગઇ હશે ? એની માની લુચ્ચી મારૂં એનીની હવે તો બરોબર વલે કરૂં.

એટલામાં મહોબતખાં, જમાલખાં, પીરખાં, કમાલખાં નામના ચાર છોકટા આવે છે.

મહોબતખાં—અબે એ કાણીઆ.

કાણીઓ દરજી—કોણ હશે ભાઈ !

મહોબતખાં—એઇસ ની પીછાનતાં, તેરી બાઇડી કીધર હે ?

કાણીઓ—(સ્વગત.) ચોરનાં પગલાં તો ચોરજ જાણે માટે આમની જોડે મળી જાઉં, અને તે રાંડ ક્યાં ગઇ છે, તેની બરોબર પેરવી કરૂં. પછીથી આમની વલે.

જમાલખાં—અબે બોલતા કયું નહિ ? તેરી બાઇડી કિધર હે ?

કાણીઓ—હેં ભેશાબ શું ?

પીરખાં—અબે અકલકે બજાર ! સુનતા હે કે નહિ ! બોલ તેરી બાઇડી કિધર હે ?

કાણીઓ—હેં ભેશાબ શું ? મારી બાઇડી ! મારી બાઇડી !

કમાલખાં—હાહા ! તેરી બાઇડી.

કાણીઓ—ભૈશાબ એ રાંડ ક્યાં ગઇ હશે ! તે બિલકુલ મને ખબર નથી, હું પણ એ રાંડને ખોળું છું.

જમાલખાં—અબે એ ચુપ ! સુન ! હમ ઉસ્કા ઠિકાના જાનતે હેં, ઉસ બાસ્તે હમ તેરેકું કહેતે હેં, જો વાલીઆ હજામ લે ગયા હોયગા તો જરૂર હમ ઉસ્કી પાસસેં છોડાંકે લાઇંગે.

કાણીઓ—(સ્વગત) " ઘી ક્યાં ઢળ્યું-તો કે ખિચડીમાં " હમણાં તો હાએ હા કર્યા કરવી, પછી ગરજ સરી એટલે વૈદ વેરી થઈ બેસીશું. કેમ બરોબર છે ને તોતો ઠીક-(પ્રકાશ) ભલે.

પીરખાં—જઇ, એક સિપાઇકુ બુલ્લા લા, જા.

કાણીઓ—જાઉં છું ભૈશાબ (જાય છે. બોલાવી લાવે છે.)

સિપાઇ—ક્યા હે કમાલખાં ?

કમાલખાં—અબે યાર મજણુતીઆં તેરા કામ પડાં હેં, એ કાણીએકી બાઇડી હેં ઉસ્કુ ઓ વાલીઆ લેકે ભાગ ગયા હેં, ઉસ બાસ્તે ઓ દોનુંકું પકડના ચાઇએ, એક રૂપિયા ચાઇએ તો લે.

સિપાઇ—મેં એક રૂપિયેકું ક્યા કરૂં ?

મહોબતખાં—અબે દો લેઇએ,

સિપાઇ—જાજા ! નિઆતા, દોજ રૂપિયે ?

જમાલખાં—અબે તીન લેઇએ લેતો સઇ.

સિપાઇ—જા જા ! તુને દિયા લો દેખો તીન રૂપિયે !

પીરખાં—અબે ચાર બી લેયગા કે નહિ ! જા અબ ચલા જા તુને લિયા, લો આયે !

સિપાઇ—મેં તો પાંચ લેઉંગા દેવે તો આઉં.

કાણિઓ—અરે મિયા સાહેબ ! હા કહોને હા ! પાંચ આપજો.

કમાલખાં—અબે લે લે ! યાં તો આ, દેખ ! હમ ચાર દેઇંગે ને એક એ કાણીઆ દેયગા.

સિપાઇ—જાબ તો અચ્છા.

ચારે જણા—અબ તો અપના કામ પાર. પીછુ એ રાંડકુ લેકે પોખાર. (જાય છે.)

કાણીઓ—(સ્વગત) આ એમની માને પકડવા હેંડયા. અહાહાહા ! વાહરેવાહ !

પ્રવેશ ૯ મો.

કચેરી.

નળ બાહુક વેષે કચેરીમાં આવી બે હાથ જોડી ઉભા રહે છે, સભા હસે છે, એક એકને બતાવે છે, કેટલાક સીપાઇઓ બીને પણ નાશી જાય છે, આવી ધમાધમ વચ્ચે,—

રૂતુપરન—હે દૈવયોગી આપ કોણ છો ? અને આપનું નામ શું ? શા કારણસર પધાર્યા છો ?

નળ—મારૂં નામ બાહુકજી છે, હું અશ્વમંત્ર સારી પેઠે જાણું છું, તથા ઘોડાની સેવા પણ સારી કરી જાણું છું, પેટને માટે રખડતો રખડતો જંગલમાંથી આવ્યો છું.

રૂતુપરન—(સ્વગત) આ રત્ન ક્યાંથી આવ્યું હશે ? કહે છે અશ્વ મંત્ર પણ જાણું છું. (પ્રકાશ) હે બાહુકજી ઇંદ્ર અને નળ રાજા સિવાય કોઇ પણ અશ્વ મંત્ર જાણતું નથી. ફક્ત બેજ જણ જાણે છે. અને આપ કહો છો કે હું જાણું છું. એ તો નવાઇ !

નળ—હું નળની સેવા કરતો હતો, ત્યાં હમેશાં પોતે પાઠ ભણતા હતા, ત્યાંથી મને પ્રાપ્તિ થઇ છે.

રૂતુપરન—ત્યારે આપ અહિં અશ્વરક્ષક થઇ રહો ! સિપાઇ.

સિપાઇ—જી હાજર.

રૂતુપરન—જા, આ બાહુકને ઘોડાની ઘોડાળ બતાવ.

સિપાઇ—જાતા હું સાબ.

નળ—હે રાજા! પણ મારી સાથે સરત કરે તો રહું, નહિ તો આ ચાલ્યો!

રૂતુપરન—શી સરત!

નળ—જો! ઘોડાની રક્ષા સીવાય બીજું કાંઇ નહિં થાય! હું કોઇનો પણ હુકમ નહિં માનું. વળી તારે પણ મારા હુકમમાં રહેવું પડશે! તારે ગરજ હોય તો રાખ.

રૂતુપરન—હા! એ બધી વાત કબુલ (સ્વગત.) "હાથે ચઢયું રત્ન શું કરવા ખોવું!"

બાહુકજી- જો રસોઇ કરવાની પણ મારેજ હાથ છે!

રૂતુપરન—જે જોઇએ તે લ્યો! અને અશ્વપતી થઇ રહો. સિપાઇ જા લઇ જા!

સિપાઇ—ચલોને સાબ, ચલોને.

બાહુકજી—(હાથ ઉગામે છે.) ચુપ! (સિપાઇ સજજડ થઇ જાય છે.) ચલ.

પ્રવેશ ૧૦

ઘોડાળ.

સિપાઇ—એ રહી સાબ! એ રહી.

બાહુકજી—ચલાજા.

ગાયન. ૩૯
રાગ માઢનો.

મારા પ્રેમી હંસ પ્રણામરે મારા પ્રેમી પ્રમી પ્રણામ.
મારી છેલ્લી બેજે સલામ (૨) રે મારા. ૧
વેળા આ વિતી સુખતણી, પ્રગટ થયો દુઃખ દિન;
અલ્પ અનાચારે અશ્વનો રક્ષક,(૨)જાણોંછો જુગજીવનરે. મારા. ૨
નિર્મળ પ્રાણુની પ્યારીરે ક્યાં છે એ સુકુમાર;

સત્યને માથે દુઃખ ભુધરજી (૨) રક્ષા કરજો જુગદાધારરે. મારા. ૩
વ્યાકુળ અંગ એહતણું, અન્નની પછાડશે કાય;
વૈદર્ભી વામા રહેજ રામા (૨) ટળવળી મરશે હાયરે. મારા. ૪

અહાહાહા ! ઘણે દિવસે નિંદ્રા લેવા વખત આવ્યો ! માટે નિંદ્રાને વશ થાઉં ! સર્વેશ્વર સહાય થજો. મારી પ્રીયાની તથા મારા વ્હાલા કુંવરની રક્ષા કરજો. (સુઇ રહે છે.)

પ્રવેશ ૧૧.

જંગલ.

દમયંતી—અરેરે હાય ! હે પ્રભુ ! મારા પ્રાણનાથ મને અઘોર જંગલમાં રખડતી મેલી ચાલ્યા ગયા ! (ચારે તરફ જુએ છે.) હે પતી ! હે પતી ! હે નળ ! હે નળ !

પુન્ય લોકે મને પરહરી, શત્રુ થયું સર્વ કોય;
નાથ ગયા મુકિ નારીને, દુઃખ કહું કોણ હોય. દૈવે. ૪

અરેરે મારી શી દશા થશે.

ગાયન ૪૦.

રાગ સીતાજીના મહીનાનો.

નડિઆ પુર્વના કરીયા જે પાપ, પતિ ચાલ્યા પરહરી;
મુકી મુજનેરે વેરાન, દશા મારી શી કરી.
દીધી નથી સરસ્વતી ગાળ, નથી વૃત ભાગીઆં,
બનીયા વીયોગી મુજ બાળ, કોના પાપ જાગીઆ.
કહીને શુંરે ગયા મમનાથ, વાડયો જોઇ તમ તણી,
વનમાં વાઘ વરૂના પોકાર, લાગે મુને બીક ઘણી.
જાણે આવેરે પ્રિતમ આજ, ધીખે જ્વાળા અંગમાં,
થાએ ગર્જના સિંહ વિકાળ, દુખ દાખે તનમાં.
સહાય થાજો દીન દયાળ, અરેરે વિકટ વેરાનમાં,

હું તો ઝંખુ મારા બાળ, નાથેરે વીસારી મુને વનમાં.
હે નળ ! હે નળ ! હે નળ !

અજગર મોં ફાડી પડયો છે. અજાણે અજગરના મુખમ. પગ મુકે છે, અજગર દમયંતીનો પગ જાંગ સુધી ગળી જાય છે, દમયંતીને રૂંવે રૂંવે વીખ વ્યાપી જાય છે.

દમયંતી—(એકદમ બુમ પાડે છે.) હાય ! અરે કોઇ બચાવોરે બચાવો ! આ નીરાધારી બાળાનો પ્રાણ જાય છે, કોઇ બચાવો ! ! અરેરે મને આ અજગર ગળી જાય છે ! કોઇ દોડો ! દોડો ! ! અરે પ્રભુ મારો પ્રાણ જાય છે. હાય પતી ! પતી ! આ બાળાને અજગરે ગળી ! હે રાજા નળ ! આ બાળાનો જીવડો ચાલ્યો.

ગાયન ૪૧

રાગ નાગ આ કરડયો.

અજગર ગળે છે, દોડોરે દોડો રામ.
જીવ મારો જાય રામ, પ્રાણ આ જાય રામ. અજગર. ૧
અંત સમય હોય બંન્નેરે બાળા,
આવીને અગ્નિ દાહ કરેરે રામ. અજગર. ૨
પ્રીય પતિ તમે, તરછોડી ચાલ્યાં,
વનમાં વિસારી, દયાના ધારી રામ. અજગર. ૩

અરેરે મને મારા રૂવે રૂવે વીખ વ્યાપી ગયું, હે પ્રભુ ! હાય અંતકાળે આ બાળાનું કોઇ બેલી થતું નથી.

મરણ સમે મારૂં કો નહી, આવ્યો દુખનો દીન;
સ્હાય થજો હવે શામળા, ટાળો અહિંથી વીઘ્ન. દૈવે.

એટલામાં પારધી દોડી આવે છે.

પારધી—(સ્વગત કાન ધરી સાંભળે છે.) અરે આ કોણ બાળા રડે છે ? આ શું બોલે છે ? આ કયું જનાવર હશે ? અરે કોઇ પક્ષી તો નહિ હોય ?

દમયંતી—હે નળ ! હે નળ ! હે નળ !

પારધી—(સ્વગત) અહોહોહો ! આ અજગર બીચારી બાળાને જાંગ સુધી ગળી ગયો છે. લાવ લાવ અજગરને ચીરી નાંખી આ બીચારી અબળાને છોડાવું.

જતાની સાથે કુહાડાના ઘાથી અજગરને ચીરી નાંખે છે, દમયંતીને બચાવે છે. પણ વીખ ચઢી ગયું છે.

દમયંતી—અરેરે મારો પ્રાણુ જાય છે આ વીખ શાથી ઉતરશે. લાવ લાવ મને દેવનું વરદાન છે, મારા હાતમાંથી અમૃત ઝરે છે.

(હાથ ચુસે છે, ઝેર ઉતરી જાય છે, પારધી અજગરને ખેંચી લઈ જાય છે.

પારધી—હે સુંદરી ચાલ મારી ઝુંપડી પાસે.

દમયંતી પાછળ પાછળ પારધીની ઝુંપડી પાસે જાય છે, પારધી અજગરના કકડે કકડા કરી મુખનું પાનું રહેવા દઇ, બાકીનું ભક્ષણ કરી જાય છે.

દમયંતી—(સ્વગત વિસ્મીત થઇ કહે છે.) અરે વાહ અવીનાશી ! અરે જે અજગર મારા અંગને ડસી મારો પ્રાણુ લેવા તૈયાર થયો હતો, મને ઝેર ચઢી ગયું હતું, તેનુજ આ પાપી ભક્ષણુ કરી ગયો ! વાહ ! હે નળ ! હે નળ ! હે નળ ! વ્હાલા વ્હાલીને ક્યાં મળશો ?

પારધી—હે સુંદરી ! નળ કોણુ છે ? ને તું કોને જપે છે?

દમયંતી—નળ નૈશદ્ પતિ છે, હું એમની સ્ત્રી છું, હું તેમની ઝંખના કરૂં છું.

પારધી—(સ્વગત) અહાહાહા ! ઘેર બેઠાં ગંગા નાહયો ! મારા ધન્ય ભાગ્ય કે પરમેશ્વરે દમયંતીનો અને મારો મેળાપ કર્યો, અરે સ્વર્ગના દેવો તેની ઈચ્છા કરી રહ્યા હતા ! પણુ તેમને ના મળી શકી, અને નળનેજ પરણી ! હવે નળે તરછોડી કાઢી મુકી હશે ! જરા કહું તો ખરો ! (પ્રકાશ) હે દમયંતી ! હવે નળની ઝંખના છોડી દે, બાળા મારી સાથે પ્રિતી બાંધ. અને મારી દેહ દીપાવ. સુંદરી ! તારા દુઃખના દીવસ દુર થાય છે. તુ અહિંયાં સુખેથી રહે.

દમયંતી—ચુપ ! બસ કર ! આ તું શું બોલ્યો ?

પારધી—એ હું શું બોલ્યો ! અને શું ના બોલ્યો ! એમાં

બોલવાનું કાંઈ પણ નથી. ફક્ત તારે અને મારે સંબંધ !

દમયંતી—અરે દુષ્ટ ! મોતને આધીન થઈશ.

પારધી—ભલે ! સુંદરી મળ્યા પછી મોતને આધિન થઇશ, તો હું દુઃખ બિલકુલ નથીજ માનતો !

દમયંતી—અરે કુકર્મી, કાળા કર્મના કરનારા, જંગલે જંગલ રખડનારા, અઘોર કર્મ કરનારા, હત્યારા, દુષ્ટ ! હવે ફરીને આવા વચન વદીશ તો પ્રાણ લઇશ.

ગાયન. ૪૨

રાગ લલિત છંદ.

અરેરે નાથરે, કયાંયરે ગયા; છોડી સાથરે, લાવોને દયા.
દુષ્ટ બાઝે છે, કાયા મારીરે; સ્હાય થાવોને, મોરારીરે.
પુત્રનો વિયોગ, પતીતણો વિયોગ, દારૂણ દુઃખમાં, નાંખી સાધ્યો યોગ.
કરમે પારધી, દુષ્ટ બોલે છે; વિષય કામના, રાખ ચોળે છે.
અતિ વિકાળ છે, અઘોર જંગલ આ, વિકટ વનમાં, કૃપાળુ સ્હાય થા.
દુર રહેજે તું, પાપી કહું તુને; વિષય વાસથી, આવિશ જો કને.
કરમ તારાથી, શ્રાપ દેઉં તુને, દુર રહેજે તું, અડેજો તુ મને.
અરર નાથરે, આ શુંરે થયું; સરવ માયરૂં, ઝેર થઇ ગયું.

પારધી—અરે હે સુંદરી ! જ્યાં સુધી તુ તારી હઠ નહિ છોડે. ત્યાં સુધી હું પણ મારો જીવ ગયે છોડનાર નથીજ, વ્હાલી આવો!

ગાયન. ૪૩

રાગ. હિરામોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમખારે.

જરી પ્રેમ ધરી સુંદરી અલબેલી અરજી ઉરમાં લે,
સલુણી અરજી ઉરમાં લે, તારૂણી અરજી ઉરમાં લે;
ચપળ ચક્ષુથી ચટપટી ચિત્તમાં, લાગી લલિતા લ્હે,
ભુલી ભાન હું મોહ્યો લટકે, ગજગમની ચાલે.

સ. ગજ. ૧. તા. ગજ. ૨

સલુણી તારી સુંદરી કાયા, વિરહ ઉછાળા દે.
કંચન ચંદન અંગ વિલેપન, ધરે મરમ શાને.

સ. ધરે. ૧, તા. ધરે. ૨

થનક થનક મન રસમાં ફરતું, તરૂણી વશ થાને;
દમયંતી–ફરતું ફુદું ફરરક ફરરક પડતું દિપકમાં,
અરેરે પડતું. ૧ અરેરે પડતું. ૨
અંધ બની હિણભાગી ફસિયો, મોહતણા ફંદમાં.

પારધી–સુંદરી શીદ અભિમાનકરે છે, વચનને અનુસરી આધિન થા, નહિતો પ્રાણ જશે. વિપત્ત વેળા આવશે.

દમયંતી–અરે અભાગી! સમજ! સમજ!!

ગાયન ૪૪.

રાગ મને સહાય સ્રજો.

જરી જોને વીચારી વ્યભિચારીરે, તારી થાશે દયા અંતે ખુવારી;
જાયે નર્કે સતાવી પરનારીરે, હોમી કાયા કંઇકે કુંવારી. જરી. ૧
સંસાર સમજીલે દુષ્ટ અભાગી, રંગ પતંગ એ આવારી,
સુંદરી સુખમાં અગ્નિની જવાળા, સિદ ભમે છે મતી તારી. જરી. ૨
લંકપતી જોને રાવણ હંકારી ચોરી ચાલ્યો સીતા નારી,
રામના હાથે જેનાં શિષ છેદાયાં, તેના જેવી છે ગતી તારી. જરી. ૩
સતી સતાવીને સુખ કયાં પામીશ સમજી લે હાય દુરાચારી,
પલક એકમાં પ્રલય થાશે કાયા વિચાર મન ધારી. જરી. ૪

પારધી–રસીલી, આ તારાં કહેલાં વચન આ કાનેથી આ કાને ચાલ્યા જાય છે. મારે કાંઇ તારા વચનની જરૂર નથી. ફકત તારા રૂપનેજ હું મોહી રહયો છું, હું શું સમજું, જો તું સમજે તો મારે સમજવાની કાંઇ જરૂર નથી. હું તો સમજેલોજ છું.

ગાયન ૪૫.

દમયંતી– રાગ ક્ષત્રી કલંક.

અઘોર કર્મ કરે તું પાપી આજ, પાપી તું પાપમાંહી ફસ્યોરે.
થાશે મૃત્યુ બેની કેરાં લેતા લાજ. „
અલ્યા માન મારૂં કહ્યું તું આ વાર, „
નીચી બુદ્ધિ હરી હવે કરૂ ઠાર. „
કરી ઉપકાર કાપે તારી ડાળ, „
કેમ ભમે છે ભવિષ્ય તારો કાળ „

પારધી—વ્હાલી, યાદ રાખ કે નક્કી આ કુહાડાથી તારો પ્રાણ લેઈશ. (ઉગામે છે.)

દમયંતી—સબુર ! દુષ્ટ ! સબુર ! કાળા કરમનાં કરનારા, નીચ બુદ્ધિમાં ઠરનારા, અને વિષયના પદને પામનારા, બળીને ભસ્મ થા. (ચાલી જાય છે.)

પારધી પગના અંગુઠાથી અગ્નિ લાગવાથી બળી ભસ્મ થાય છે.

દમયંતી—અરેરે મને હત્યા લાગી, હવે મારે શું કરવું ? એ પાપીએ મને ઉપકાર કરી ખોટા વચન કહ્યાં તેથી એનો કરેલો ઉપકાર નાશ થયો. અને મારા વચનથી બળીને ભસ્મ થયો. હાય ! પ્રભુ મારે હાથેજ શું એનું મૃત્યુ ! આ શો ચમત્કાર ! લાવ લાવ હું પણ ગળે ફાંસો ખાઈ દૈવને શરણે જાઉં.

ગળે ફાંસો ખાવા પોતાનું અડધું વસ્ત્ર કાઢી ગળામાં ફાંસો ઘાલી ફાંસો ખાવા તૈયાર થાય છે.

કળિયુગ—(ચિંતા થવાથી આવી) અહાહાહા ! આતો હમણા મરણ પામશે ! મારેતો હજુ દુઃખ દેવું છે. અરેરે ! એક સુંદીર બાગ બનાવી જોગી સ્વરૂપે ફર્યા કરૂં. અને ફાંસો ખાતી અટકાવું.
(અવાજની સાથે બાગનો દેખાવ. દમયંતીએ ફાંસો ખાવા ધસવું.)

કળિયુગ—સબુર ! સબુર ! ! સબુર ! ! ! કેમ આપઘાત કરે છે ? હે બાઈ રખે મરણ પામતી, હમણા એક પુરૂષ અહિં થઈને ગયોછે, મને લાગે છે, કે તારેને એને વિયોગ હશે.

દમયંતી—વાહ ! આવા જંગલની અંદર જોગી સ્વરૂપે પધારેલા યોગીંદ્ર ! અરે રે ! હે જોગીરાજ ! એ કાંઈ કહેતા હશે ! શું કહેતા હતા ?

કળિયુગ—અરે હે દારા, તે કહી ગયો છે કે મારી સ્ત્રી અહિં આવે. તો કહેજો, કે તારે જેમ કરવું હોય તેમ કર. પણ બાઈ ! તારૂ નામ શું ?

દમયંતી—મહારાજ ! મારૂં નામ દમયંતી છે.

કળિયુગ—શું તારૂંજ નામ દમયંતી !

દમયંતી—હા મહારાજ !

યોગીંદ્ર—અરે હે અબળા! તું શું નળ નળ કરી રહી છું, તારો પતીતો બીજી સ્ત્રી માટે શોધ કરે છે. વિચાર! વિચાર!!

દમયંતી યોગીંદ્રના વચન સાંભળી બેશુદ્ધ થઇ પૃથ્વિ ઉપર પડે છે. સાવધ કરી કહે છે.

કળિયુગ— ગીતી.

ચાલોને ચતુરા નારી, રહોને અહિંઆ સાંજ પડી દારા;
વળજો વડાણું વહાણાં, સહાય કરશે જગ આધારા.

દમયંતી—(કાને નહિ ધરતાં.) અરે હે મહાન રૂષી! એવી એકનો શું! પણ હજારો સ્ત્રિયો પરણે, પણ હું તો સત્યને શિરપર ધારી, ફક્ત નળનુંજ નામ જપ્યા કરવાની! અરે વાહ! શું નળ રાજાને શાંતી વળી, હું પણ ફળ પ્રાસન કરી દેહને શાંતી આપું. (ફળ ફળાદી તોડી ખાય છે) હાય! ઘણે દિવસે મારી દેહને શાંતી વળી, હવે તો જરા નિંદ્રા લેઉં, પછી પંથ કાપું. (કળી બગીચો ઉડાડી ચાલ્યો જાય છે. દમયંતીને નિંદ્રામાં નળ સાંભરવાથી એકદમ ચમકે છે. જાગતાની સાથે; યોગીંદ્ર તથા બગીચો, એમાંનું કાંઇ પણ નહિ મળવાથી કહે છે.) હાય મારે માટે આશું! યોગીંદ્ર પણ પોતાનો ઠામ છોડી ચાલ્યા ગયા! મારા પાપણીના પગલાથી શું સર્વે નાશ થયું? હાય! દૈવનું શું કરવા ધારે છે? (આગળ ચાલી જાય છે.)

અવાજની સાથે નદીનો દેખાવ! વણઝારા પોઠો લેઇ સામી મળે છે.

દમયંતી—અહાહાહા! આતો કોઇ વણઝારા લાગે છે, તેમને મારા પતી નળરાજાની ખબર હશે! પુછું તો ખરી! હે ભાઇ વણઝારા.

વણઝારા—(માંહો માંહે) હીરરરે હીરરરે હીરરરે કરે પોઠી; જાયે મરરરે મરરરે મરરરે.

દમયંતી—અરે હે વણઝારા! અરે હે ભાઇ વહેપારી!

(૧) **વણઝારો**—હે બાઇ તું કોણ છેરે?

દમયંતી—હું ભીમકરાજાની કુંવરી છું. મારા પતિનું નામ

નગરાજા છે. તમે શું નગરાજાને દીઠા હતા?

(૨) વણઝારો—(પહેલાને.) કંઇ કહેરે! એ દમન્તિ વે, એ દમન્તિ? નકો નકો ધણીરાએ દદા વે?

(૩) વણઝારો—(દમયંતીને) થારો નાંવ દમન્તિ વે?

(૪) વણઝારો—થારો થારો કંઇ કહે, અમુએતો થારો નર કોની પેખ્યો!

બધા વણઝારા નિંદ્રાને વશ થાય છે.

દમયંતી—(એક ઝાડ તળે જઇ બેસે છે ને) અરે વાહ! કરૂણા સાગર! આવા વિકટ સમયે મને કોઇ પણ બેલી થતું નથી

નદીમાં હાથી પાણી પીવા આવે છે.

કળિયુગ—(આવી.) હું પણ આ વખતે સિંહ થઇ આ હાથીને નસાડું, એટલે વણઝારાના પોઠીઆ નાશી જશે. પછી બ્રાહ્મણનો વેશ લેઇ વણઝારાને જુઠું ભીડાવી દમયંતીને દુઃખી કરૂં.

કળિયુગ સિંહ થાય છે, હાથી નાસે છે, પોઠીઆ નાશી જાય છે, પાછળથી હાથીને સિંહ પણ જતા રહે છે.

(૧) વણઝારો—(જાગી.) હીરરરે હીરરરે પોઠી નાઠી ગીયારે, ગીયારે, ગીયારે, મરરરે, મરરરે, મરરરે, હેયરે વણઝારો. (બધા જાગે છો દોડમદોડા કરી મુકે છે. કળી બ્રાહ્મણ થઇ આવે છે)

કળી—હે વણઝારો શું છે.

વણઝારો—હે મોટા! અમુરા પોઠીયારે હેરો ક્યિો!

કળી—(દમયંતીને) હે ભાઇ! આ વનની દેવીએ તમારા પોઠીયા નસાડી મુક્યા છે.

(૨) વણઝારો—કંઇ કહેરે, અણીરે અમુરા પોઠીયારે હેરો કિયો! કંઇ દેખોરે, ઠોકો ઠોકો ઠોકો (કળિયુગ જતો રહે છે, બધા વણઝારા પણ દમયંતીને મારી જતા રહે છે.)

દમયંતી—અરે હે દીનબંધુ! હાય! હું મરી ગઇ, હે દીનાનાથ! જરી આ દુઃખીયારી બાળાની દયા તો ધરો, અરેરે મારાથી બોલાતું પણ નથી, અરે હે નાથ, હે નળ! હે નળ! હે નળ!

ગાયન. ૪૬

રાગ. સાંભળરે તું સુજની મારી રૂજની ક્યાં રમીઆવીજીરે.
ક્યાંથી કર્મે મળી વિધાતા, ક્યાં આ વેળા દેખાડીજીરે.
બંદીખાનાની બેડી નાંખી, વિયોગી લ્હાય લગાડી, બાળા ટળવળશે.
ઝુરી ઝુરીને ભામની મરશે, મેલી એકલડી જાણીજીરે;
શુળી સમાને આ દુઃખ વસમું, પિતા પાઇને પાણી. બાળા. ૧
બળવંતજી પંથ બતાવો, જાશે પ્રાણુજ મારોજીરે;
નાથ વિનાની નારી તણો, મિથ્યા છે જનમારો. બાળા. ૨
હું ક્યાંની ને ક્યાંના કંથજી, શીદ આ પ્રીત લગાડીજીરે;
મર્માળે મીઠે વચને બાંધી, મોહ મમતમાં પાડી. બાળા. ૩
પ્રાણજીવન હાય તરછોડીરે, વા, ચો દેશના વાશીજીરે;
વિયોગી બાળા પ્રિય પ્રિતમથી, સોંધિ કુશકા થાશે. બાળા. ૪
રૂપ અનોપમ વૈભવ સઘળો, પતિ વિણુ ખારા ધાયેજીરે;
સિંહ શિયાળની વિકટ ગર્જના, થી ઉર ફાટી જાયે. બાળા. ૫

હાય ! હરી; દુઃખમાં ડુબાવી દીધી, હવે તો આ નદી ઉતરી પેલે પાર જાઉં, (નદી ઉતરે છે. પેલે પાર જાય છે.)

પ્રવેશ ૧૨ મો.

મહેલ.

દમયંતી—અરે વાહ, અવિનાશી ! આ મહેલ શો ? હું ક્યાં આવી ચઢી ? આ મહેલ કોનો હશે ?

ભાનુમતી—અરે હે બાઇ તું ઇંદ્રાણી છે કે શકિત ? આવા વેષે કેમ ફરે છે ? બેન તારી કેમ આવી દશા છે ?

દમયંતી—(સ્વગત) અરે આ કોણ હશે ? કોઇ મહાન પરાક્રમિ બાઇ લાગે છે. [પ્રકાશ.] અમે નર અને નારી બંન્ને જણા જંગલમાં દુખી અવસ્થા ભોગવતા હતાં,

ભાનુમતી—શાથી !

દમયંતી—અરે હે માતાજી ! મારા પતિ જુગટું રમવાથી

હાર્યા, ત્રણ વર્ષે જોગી વેષે જંગલમાં રખડતા દેશવટો મળ્યો ! જંગલમાં મને મારા પતિ તરછોડી ચાલ્યાં ગયાં; માતાજી ! હું રખડતી રખડતી અહિં આવી ચઢી, મારા પતિ ક્યાં છે ? મને બિલકુલ ખબર નથી, પતિના વિયોગે ટળવળતી ટળવળતી દુઃખી અવસ્થા ભોગવું છું, હું કાંઈ દેવી નથી ! પણ મૃત્યુ લોકની રખડતી એક કુંવરી છું.

ભાનુમતી—(સ્વગત) અરે હે ભગિની ! તારાજ જેવી મારી બેનને એક દિકરી છે. મને લાગે છે કે આજ હશે ! પણ નહિ, નહિ, એની આવી દશા ક્યાંથી હોય ! (પ્રકાશ) બાળા તું અહિયાંજ રહે, મારી ઈંદુમતી તને બહેન કહી બોલાવશે. મારો પુત્ર જેસુબાહુ તે પણ તને બહેનજ કહેશે. તું નચિંત રહે.

દમયંતી—રાખવા મરજી હોય તો હું દાસી તુલ્ય નીચ કામ કદી પણ નહિંજ કરૂં. બીજું કહેશો તે કરવા ખુશી છું. મારે એક નિયમ છે.

ભાનુમતી—બહેન શો નિયમ ?

દમયંતી—હમેશાં એક વિપ્રને સીધું આપી પછી મારે જમવું તે કદાચ મારા પતિ દુઃખી અવસ્થામાં હશે, માટે વિપ્રના જમ્યા પછી મારે જમવું જોઇએ.

ભાનુમતી—ભલે ! જેવી તારી ઇચ્છા, ચાલ. (બંન્ને મહેલમાં જાય છે.)

પ્રવેશ ૧૩ મો.

કચેરી.

સભા શોકાતુર થાય છે. સુદેવ બંન્ને પુત્રોને લેઇ આવે છે. ભીમક ચમકે છે.

સુદેવ—આ તમારા બંન્ને પુત્રોને તમારી પુત્રી દમયંતીએ સોંપ્યા છે, તમારી પુત્રી તથા તમારા જમાઇ નળરાજા ત્રણ વરસનો

દેસવટો જુગટું રમતા મળવાથી જંગલમાં ગયા છે. માટે આમેનું જતન કરજો, સંભાળજો !

ભીમક—અરે હાય અફસોસ ! પુત્રી અને જમાઇ ક્યાં હશે ? અરે હે ભાઇ સુદેવ ! તે બંન્ને ક્યાં હશે ? કાંઇ ખબર છે?

સુદેવ—ના મહારાજ ! બંન્ને કુંવરને સોંપી જંગલમાં ચાલ્યા ગયા છે, તે ક્યાં છે, મને બિલકુલ ખબર નથી.

ભીમક—(સ્વગત.) આ પેલા વણઝારા જંગલમાંથી આવે છે; તેમને પુછું તે જાણતા હશે. (વણઝારા આવે છે. પ્રકાશ.) હે વણઝારા ! મારી પુત્રી દમયંતી તમને મળી હતી, મારી પુત્રીને તો ઓળખતા હશો.

૧ વણઝારો—હા અમુંએ એક બાઇ ભાળીથી, કુણ જાણે કે દમન્તિ વદેસ, થારી છોરીરા એરા ભાગ્ય ફુટેવે, આ રો ગાભો પેન્નો થો, ઉના માથારા બાલ છુટા થા, આખા ડીલ માથે લોહીરા ઝુરીયા ભરેલા થા.

ભીમક—ભાઇઓ ! તે ક્યાં મળી હતી ?

(૨) વણઝારો—અમોરા ગામરી નદીરી પેલી તીરે, અમુએ ભાળી તી, પણ માંતો વંન્ને મારીથી.

ભીમક—માઇ શા કારણ સર મારવી પડી ?

(૧) વણઝારો—અમુ ઉનજાગા રાત્રા હોઇ ગિયાથા, અમોરા પોઠીયારે ડરાને નહા દિયાથા, અમુતો હોઃ હેદરે થાકીયા, જદે મિલિયા, ઉન્ને માહેવી જાણુરે અમુએ મારીથી.

ભીમક—તમે કાંઇ પુછ્યું તું ?

(૪) વણઝારો—નઇ વેતો ઓનર ઓનર કરતી બોલતીથી, કહેતીથી, વે ભાઇ નળરાજારે દેખિયા થા ?

(૨) વણઝારો—હાંહાં, વો કહેતીથી મેરો નાંવ દમન્તિ વે.

ભીમક—(સ્વગત) અરરર ! લાવ આમને વિદાય કરૂં. હે વણઝારા ! આપણા મહેલમાં પોઠો ઠલવી દો.

વણઝારા—(મોઢેથી બોલે.) હેરરરે, હેરરરે, હેરરરે, (ધમાધમ મચાવે છે. દોડમદોડા કરે છે, પોઠી આ પણ આમથી આમ નાશી જાય છે, છેવટે બધા પોઠીઆ હાંકી લેઈ જાય છે.)

ભીમક—હે સુદેવ ! ભાઇ જા, દમયંતીની તપાસ કર, તેને જ્યાં હોય ત્યાંથી અહિં બોલાવી લાવ. પણ વહેલો આવજે હું એની દુઃખી અવસ્થા જોઇ જેમ અગ્નિમાં બળે, તેમ બળ્યા કરૂં છું.

સુદેવ—હું જાઉં છું.

ભીમક—હા જા ભાઇ; (સ્વગતગ અરેરે બિચારી પુત્રી જંગલમાં ક્યાં રખડતી હસે ? આ વણઝારાએ કહી એવી દુઃખી અવસ્થામાં પિડાતી હશે ! હાય ! એની કોમળ કાયા એ ક્યારે દુઃખ સહન કર્યાં હતા ? પુત્રી ! પુત્રી ! તારો વિયોગ અરેરે તારી દુઃખી અવસ્થા સાંભળી મને એટલી તો દિલગીરી ઉત્પન્ન થઇ કે તું ક્યારે મળે, ક્યારે મળે. (પૃથ્વિ ઉપર પડે છે.)

પ્રવેશ ૧૪ મો.

મહેલ.

દમયંતી ઇંદુમતીને નવરાવે છે.

ઇંદુમતી—હે સતી ! આ મારો હાર લે.

દમયંતી—લાવો.

ઇંદુમતી—હું નાહ્યા કેડે પહેરીશ.

દમયંતી—વારૂ ! આ સામા ટોલે ભરવું છું, (ઇંદુમતી નહાય છે, ન્હાયા કેડે હાર માગે છે.)

ઇંદુમતી—હે સતી, હાર લાવ હું પહેરૂં. (દમયંતી સામા ટોલે જુએ છે તો નથી મળતો.)

દમયંતી—અરેરે આ શું ! એ હાર મેં તમારાં દેખતાં સામી ટોલે મુક્યો હતો, તે કોઇ લેઇ ગયું.

ઇંદુમતી—અરે લાવ લાવ, લઇ કોણ જાય ?

દમયંતી—હું સાચુંજ કહું છું, કે કોઇ લઇ ગયું. મને જુઠી ચોરી ના ચઢાવો.

ઇંદુમતી—દાસી ! મારી માને બોલાવ, આ મારો હાર નથી આપતી. દાસી ભાનુમતીને બોલાવી લાવે છે.

ભાનુમતી—હે સતી ! આનો હાર આપી દે.

દમયંતી—હે માતાજી, હું સાચે સાચું કહું છું. જે મારી પાસે નથી, મેં આ સામેના ટોડે ભરાવ્યો હતો, તે જ્યારે ઇંદુમતીએ મારી પાસે માગ્યો, ત્યારે મેં ત્યાં જોયો, તો મળ્યો ના મળ્યો, માતાજી ! હું સાચેસાચું કહું છું કે મને ખબર નથી.

ભાનુમતી—હે સતી. મારા ઘરનો હોય તો કાંઇ નહિ, પણ એના સાસરાનોજ છે, તું તો સતી છે, હસવા માટે લીધો હોય તો આપી દે.

ઇંદુમતી—વારે વારે શું કહું, મારી કને નથી, અને જુઠી ચોરી ચઢાવો છો,

ઇંદુમતી—લાવ નહિ તો માર ખાઇશ.

દમયંતી—માતાજી, અરે હે ભાનુમતી, મેં હાર લીધો છે ને મારે આપવોજ છે, નહિ મળે તો તમારે ત્યાં અગર બીજાને ત્યાં વેચાઇને તમારૂં દેવું પુરૂં કરીશ પણ મારી પાસે નથી. જગદીશ્વર આ શો કોપ, શું મારા પાપણીના પગલા આવાજ, શું હું હત્યારી છું પ્રભુ, પ્રભુ, મારી લાજ તારા હાથમાંજ છે.

દાસીઓ—હા હા એણેજ લીધો છે.

દમયંતી—હે પ્રભુ ! હું જ્યાં જોઉં છું ત્યાં દુઃખ, દુઃખ, અને દુઃખજ જોયા કરૂં છું, દુનિયાની અંદર ચોરીથી શું મોટું દુઃખ છે ? અહાહાહા ! આ ઇંદુમતી મારે માથે ખોટું આળ મુકે છે, મેં હાર નથી લીધો હાવ !

ગાયન. ૪૭

રાગ વાલમજી વેલા વળજોરે.

ઇંદુમતી / દમયંતી } તેં લીધી—નથી મેં લીધી તારી...માળા,

ભાનુમતી—સતી શિદ સતાવે ઠાલીરે કરતી...ચાળા,

ઇંદુમતી—[કેમ નહિ આપે]

દમયંતી—[કેમ નહિ ! લીધી છે ને આપવી છે.]

ઇંદુમતી—[લાવ્ય ત્યારે.]

દમયંતી—ભુલ ચુક માફી સ્વિકારોરે આ...રેવા,

અરજી હરજી ઉર ધારોરે, શું આ...રેઆ.

ઇંદુમતી—(તું નહિજ આપે.)

જારે જા જાણી છકેલીરે મેલી...દેહા,

આપી દે માળા ચગેલીરે, ઘેલી...થાના.

ઇંદુમતી—(મારવા દોડે છે ને) કેમ આપે છે કે નહિ ?

દમયંતી—અરે હે રાંડ દુર રહે, મને વળગીશ નહિ.

ભાનુમતી—બેન ઇંદુમતી તું એ સતીથી છેટીજ રહે, હું તને એના જેવીજ બીજી માળા આપીશ.

ઇંદુમતી—નહિ મારે તો એજ માળા જોઇએ.

ગાયન. ૪૮

દમયંતી—રાગ. બોલો મારા પ્રેમી પોપટજી બોલો, એને મળતો.

હાય બળુ અંગે ત્રીકમજી હાયે હાયે હાયે હાયે બળું છું,

કેદી ટળે લેખ લખેલા વિધી હાયરે, હાયે હાયે હાયે બળું છું.

બોલો જરી શ્યામ મારા, વિનવતી દીન દારા.

સતાવો શીદને કાલા, પ્રિતમ પ્રાણ પ્યારા.

બોલો બોલો બોલો બળું છું.

બોલો શ્યામ મારા સુંદરીના સાયમ રે.

શાણા ત્રીકમજી, બોલો બળું છું.

સાખી.

સાચી મારે શામળા, સાચી તારી સ્હાય;

આ શી આપી આપદા, કર્મ ચોરી હાય.

અરે હે દુષ્ટ ! લેનાર ફુટીને દુર થા.

દમયંતી એ લેનારને ફાટવાનો શ્રાપ દેતાંજ ટોલ્લો ફાટી બાર નિકળે છે. ને ઇંદુમતીના કુંડમાં જઇ પડે છે. ભાનુમતી, ઇંદુમતી, દાસીઓ, વિગેરે ચમકે છે. સ્તબ્ધ થાય છે.

ભાનુમતી—શાબાશ ! સતી !! શાબાશ !!! ધન્ય છે, બાળા તને ધન્ય છે. આ વખત તારી સાક્ષી પુરનાર કોઈ નહોતું, સાચાનો બેલી રામ છે, તને ઇશ્વરે સહાય કીધી, તારા જેવી સતી સ્ત્રિયો દુનિયામાં નજરે પડવી મુશ્કેલ છે, જેમ પાંચ પાંડવની રાણી સતી દ્રૌપદી, ક્રૂર કૌરવોએ ચીર તાણ્યા હતા, તે વેળા શ્રી કૃષ્ણ પરમાત્માએ લાજ રાખી હતી, તેમ પ્રભુએ તારી લાજ રાખી. આજથી તારૂં નામ સતી રાખવામાં આવે છે, હે સતી ! અમારો દોષ હોય તે માફ કરજે, સતી ! તું અહિયાંજ સદાકાળ રહી આ મારી પુત્રીને તથા સર્વ સ્ત્રિઓને નીતિ રસ્તે શિક્ષણ આપી ભક્તિ અને સુ માર્ગનું દર્શન કરાવી કાયાનું કલ્યાણ કર.

પ્રવેશ ૧૫ મો.

યજ્ઞ.

બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા છે, એક તરફ બ્રાહ્મણ વર્ગ છે, બીજી તરફ રાજાઓ અને રાણીઓનો વર્ગ છે, ત્રીજી તરફ સ્ત્રિયોનો વર્ગ છે, અને ચોથી તરફ પુરૂષોનો વર્ગ છે આવા આણંદ સમય વખતે મંડપની શોભાનો પાર રહેલોજ નથી, તેજ શોભા અને આણંદ સમયે પુજન કરી રહેલા બ્રાહ્મણો મુખેથી વેદના ઉચ્ચાર કરી રહ્યા છે. સુદેવ ત્યાં આવે છે, તે જોઇ દીંગ થાય છે, ખોળતાં ખોળતાં તેને સ્ત્રિ વર્ગ માલુમ પડે છે. તેમાં એક ધોળાજ વસ્ત્ર પહેરેલી સ્ત્રી તેની નજરે પડી. તેને ધારીને જોયાથી દમયંતીજ છે, એમ માલુમ પડયું. એટલે સુદેવ એકદમ બોલી ઉઠયો.

સુદેવ—અરે દમયંતી ? હે દમયંતી ?

દમયંતી—હા ! કોણ ભાઇ સુદેવ ?

દમયંતી સુદેવ પાસે આવે છે, તેની પાછળ ભાનુમતી તેની દાસીઓ ઇંદુમતી વિગેરે આવી સુદેવને ટગર ટગર જોઇ રહે છે.

ભાનુમતી—અરે હે મહારાજ આપ કોણ છો ?

સુદેવ—હું ભીમક સેનનો ગોર છું.

ભાનુમતીના મનમાં કંઇ કંઇ વિચાર ઉત્પન્ન થાય છે. પણ તેનામાં બોલવાની શક્તિ રહેતીજ નથી.

સુદેવ—હે દમયંતી, તારી આવી સ્થિતી કાંથી પ્રગટ થઇ ? અંગ ઉપર ધોળાં વસ્ત્ર ! બેન ! તારો પતિ ક્યાં ?

ભાનુમતી—(ઇંદુમતીને) શું આ દમયંતી છે ?

ઇંદુમતી—હા માતાજી, લાગે છે તો તેજ, જોઇએ છે, હમણા જણાઇ આવશે.

દમયંતી—ભાઇ સુદેવ, મારાથી બોલાતું નથી, ભાઇ ! નળરાજા મારા ઉપર ત્રણ મત્સ્ય ભક્ષણ કર્યાનું આળ મુકી, હું નિંદ્રામાં સુતી હતી ત્યાંથી તરછોડી ચાલ્યા ગયા તે ક્યાં ગયા ! હું બિલકુલ જાણતી નથી, જંગલમાં વાઘ વરૂ, સિંહ, વિગેરે ફાડી ખાનારાં જનાવરની ગર્જનાના મારા હૃદયમાં ભણકારાં વાગી રહ્યાં છે, તે હજુ પણ સાલી રહ્યાં છે હું રખડતી રખડતી ચાલી જતી હતી, રસ્તામાં એક અજગરે મને ગળી ત્યાં પારધીએ બચાવી પારધીનીજ મારા ઉપર કુદ્રષ્ટિ થઇ, મેં સમજાવ્યો, પણ તે દુષ્ટે મારાં વચન કાંઇ મનપર લીધાં નહિ. અને છેવટે મારા ઉપર જુલમનો વરસાદ વરસાવવા માંડયો ભાઇ ! મેં તેને શ્રાપ દીધો, તે પાપી બળીને ભસ્મ થયો. અરેરે ! જંગલમાં વણઝારા એ મને માર માર્યો. ભાઇ ! હું રંક બાળા માર સહન કરતી ટળવળતી ટળવળતી આ પાસેની નદી ઉતરી, આ શહેરમાં દાખલ થઇ. રસ્તે જતાં આ બાઇએ મને બોલાવી, પેતાને ત્યાં રાખી છે. હું હાલ ત્યાંજ છું. ભાઇ, અરેરે સુદેવ ! મારા માથે હારની ચોરી પણ ચઢી ચુકી,

સુદેવ—બેન ! હારની ચોરી ? હાય ! બેન તારા માથે પડવામાં કાંઇ બાકી રહીજ નથી ! અરેરે.

દમયંતી—હા ભાઇ સુદેવ, ઓ સુદેવ ! હું—આ ઇંદુમતીને

સખીઓ નવરાવતી હતી. ત્યાં ઉભી હતી, ઇંદુમતીએ હાર મને આપ્યો મેંલેઇ ટોલ્લે ભરાવ્યો હતો; વળી તે હાર ટોલ્લેથી ક્યાં ગયો, મને ગમ રહી નહિં. બાઇ મારી પાસે હાર માગ્યો. મને ના મળ્યો. મારા ઉપર આ ઇંદુમતી તથા આ દાસીઓએ જુલમ કર્યો, મેં પ્રભુ સ્તુતિ કરી, લેનારને શ્રાપ દીધો, હાર ટોલ્લામાંથી નિકળ્યો. બાઇ સુદેવ, આટ આટલી વિપત્તિઓ પડી, પછી શું બાકી રહ્યું. ?

સુદેવ—અરે હે ભાનુમતી મતી ભંગ કરી, દમયંતીને દાસ કરી, ઇંદુમતીએ હાર આપ્યો, તે લેઈ દમયંતીએ ટોલ્લે ભરાવ્યો, ટોલ્લો ગળી ગયો, તેમાં દમયંતી શું કરે ? આવી જુઠી ચોરી ચઢાવનારી અને દમયંતીને દાસી ઠરાવનારી રંડા ક્યારે છુટીશ.

ભાનુમતી—બેન દમયંતી તે તુંજ ?

દમયંતી—હા !

ભાનુમતી—બેન, હુંતો તારી માશી થાઉં ! હું કીયે જનમ છુટીશ ? મારી બેનની દીકરી દમયંતી તેનેજ દાસી કરી રાખી, હાય ! બેન તારી આવીજ દશા ?

દમયંતી—માશી તમે મનપર લાવી દુ;ખી ના થશો. મારા કર્મે દાસી પણું લખ્યું હતું, તે મેં કર્યું, તેમાં આપનો કાંઇ પણ દોષ નથી.

ભાનુમતી—મને પહેલાં ખબર કેમ ના આપી.

દમયંતી—મારે ત્રણ વરસ ગુપ્ત રહેવા વખત હતો, તે હું રહી છુ. તેમાં તમારો કાંઇ વાંક નથી. હું એમ ધારૂંછું કે તમે મને તમારે ઘેર રાખી એ મારા ધન્ય ભાગ્ય.

સુદેવ—હે દમયંતી. ચાલ હવે તારા પિતાજી તારી વાટ જોઇ બેઠી રહ્યા છે, અને કલ્પાંત કરે છે.

દમયંતી—માશી, હમે જઇએ છીએ.

ભાનુમતી—બેન અરેરે મારાથી તારી સેવા કાંઇ પણ ના થઇ, તારી સંભાળ પણ ના લેવાઇ.

દમયંતી—માશી, તમે સેવા કરવા યોગ્ય નથી હુંજ સેવા

હસવા યોગ્ય છું હું જાણું છું.

ભાનુમતી—બેન હા જા, તારા પિતાજી વાટ જોતા હશે.

(દમયંતી તથા સુદેવ જાય છે.)

ડ્રોપસિન.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

મહેલ.

સુદેવ—હે રાજા ભીમકસેન ! આ દમયંતી આવી.

ભીમક—ક્યાં છે ?

સુદેવ—આ આવી,

ભીમક—અરેરે દમયંતી તું આવી !

દમયંતી—હા પિતાજી !

ભીમક—હે બાળા તને અસંખ્ય દુ:ખ સહન કરવા પડ્યા હશે, હાય મેં તારા વિયોગથી, અન્ન અને પાણીનો ત્યાગ કર્યો છે. બેન તારો મોકલેલો સુદેવ બંન્ને બાળાને લેઇ અહિં આવ્યો હતો, તમારા બંન્નેના સમાચાર કહ્યા હતા.

દમયંતી—પિતાજી મારા પતિ ક્યાં હશે !

ભીમક—બેન તારા પતિની શોધ માટે આ સુદેવને મોકલીએ છીયે, તમે શી રીતે વિછુટા પડયા !

દમયંતી—પિતાજી મને જંગલમાંથી તરછોડી જતા રહ્યા છે, મને ખબર નથી, હું એમના વિયોગથી રખડતી રખડતી મારી માશી ભાનુમતીને ત્યાં જઈ ચઢી. મને ત્યાં આગળ સુદેવે ઓળખ્યા ત્યાંથી હમે બંન્ને અહિં આવ્યા પણ હાય મારા પતિ ક્યાં હશે ?

ભીમક—હે ભાઇ સુદેવ તેં પણુ દુઃખ વેઠી દમયંતીને હાજર કરી. ભાઇ હવે એક કામ બાકી રહી ગયું !

સુદેવ—જે ફરમાવશો તે કરવા સેવક બંધાયલોજ છે.

ભીમક—ભાઇ સુદેવ હવે નળ રાજા માટે શોધ કરવી છે.

સુદેવ—હું જવા ખુશી છું, આપની આજ્ઞા શીરપર ચઢાવી, સત્યવાદી નળરાજાને શોધી લાવીશ.

ભીમક—ભાઇ જા ત્યારે.

સુદેવ—હું જાઉં છું.

ભીમક—ભાઇ વહેલો આવજે. (ભીમક જાય છે.)

દમયંતી—સુદેવ લે આ પત્ર દેશો દેશ અને જંગલે જંગલ ફરી આ ટેલ નાંખજે.

સુદેવ--લાવો.

દમયંતી--જા ભાઇ. શોધ કરી વહેલો આવજે, કોઇની તરફથી જવાબ મળે તો લખી લેજે.

સુદેવ--સારૂ.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

કચેરી.

સુદેવ-- ગાયન ૪૯

રાગ. પત્તા નવલગા મછંદરકા.

મળશે ક્યાં રાજકુમાર. ગીરીવર તરૂવર ગીરનાર;
જંગલ રખડી ફરતો ફરતો ભટક્યો હશે દેશ,
અલ્પ વસ્તુની પ્રાપ્તિ થાતાં ત્યાગી એ પરમેશ,
રત્નનુ જતન વિસરનાર. મળશે. ૧
વિસપેછે વસ્તુ વહોરતીઆ ફરશેર ભસ્નો પેઠ,

આશા આંમે રહી વિમાશી કીર્તિ પહોંચીઠેઠ;
કહે સુદેવ મન વિચાર. મળશે. ૨

રૂતુપરન—અરે! આ શું બોલે છે?

પ્રધાન—આ બ્રાહ્મણ ટેક નાંખે છે. મહારાજ!

રૂતુપરન—પુછો એને શું છે?

સુદેવ—મહારાજ આ જે ટેક મેં કહી તેજ ટેકનો હું જવાબ માગું છું.

રૂતુપરન—અહિં તમારી ટેકનો જવાબ નહિં મળે, બીજે તપાસ કરો. (સુદેવ ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૩ જો.

ઘોડાળ.

સુદેવ—અરે આટ આટલા દેશો ફર્યો જંગલે જંગલ રખડયો પણ નળ રાજાની પ્રાપ્તિ ના થઇ તે નાજ થઇ, હવે તો સત્યવાદી રાજા નળની બરાબર શોધ કરૂં શું મારો ફેરો અફળ જશે.

ગાયન ૫૭

રાગ-પતા નવ લગા મઝહરકા.

મળશે ક્યાં રાજકુમાર, ગીરીવર તરૂવર ગીરનાર,
જંગલ રખડી ફરતો ફરતો ભટકયો દેશોદેશ,
અલ્પ વસ્તુની પ્રાપ્તિ થતાં ત્યાગીએ પરમેશ,
રતનનું જતન્ન વિસરનાર મળશે. ૧
વિલપે છે વસ્તુ વહોરતીઆ પરબેર ભરતો પેટ,
આશા આંમે રહી વિમાશી કીર્તિ પહોંચી ઠેઠ,
કહે સુદેવ મન વિચાર. મળશે. ૨

બાહુક—(કાને સાંભળી કદરૂપા અંગે કામળો ઓઢી હાથમાં ખુરેરો લેઇ ચાબુક સહિત બહાર આવી કહે છે) હે સુદેવ. (સુ

દેવરૂપ જોઇ બાએ છે નાસે છે.) બાઇ હું વ ક્ર નથી કે તને ખાઇ જઇશ, મારૂ નામ બાહુકજી છે.

સુદેવ-પણ મને તો બીક લાગે છે.

બાહુક—સુદેવ બાઇ સુદેવ.

ગાન. ૫૨

રાગ-તું તો નામ ભજી લે સિતા સતી પતી રામનુંરે.

જુઠી જુઠી પ્રિતી સંસારી નહિ કામનીરે (૨)
મરમ વચનનો મારો મારી, નીકળ્યો મહેણું દેતા ધારી;
વસ્તુ વિપત્તીમાં હોયે આશા સમનીરે જુઠી. ૧
સ્વાર્થીઓ સંસાર છે, એ પ્રેપંચી પ્રેમદા;
મચ્છ મળતાં આરોગીઆ, સત્યે તજી મેં સદા.
જાણી જાણી પ્રીતી એની નામનીરે. જુઠી. ૨

સુદેવ—(સ્વગત.) અહાહાહા ! આની બોલી તો નક્કી નળના જેવીજ લાગે છે, ફેરા નું ફળ મળશેજ, પણ આ નળ કેમ મનાય ! નળરાજાનું રૂપ ક્યાં અને આ લુનનું રૂપ ક્યાં. લાવ બોલાવું હે બાહુકજી.

બે માણસો—(આવી) અરે હે બ્રાહ્મણ, તું અહિં કેમ આવ્યો છે.

સુદેવ—મારે કામ છે.

૧ માણસ—અરે અભાગીઆ.

સુદેવ—છે શું !

૨ માણસ—અલ્યા મોતને આધીન થઇશ, અલ્યા અમર મોતે મરી જવું હોય તો જજે, મારોજ નાંખશે તારો પ્રાણ જશે. એનું રૂપ તો જો, સ્ત્રીએ સામી મળ્યો હોય તો માણસ ફાટીને મરી જાય, બે વરસ થયાં અહિં આવ્યો છે; એને પોતાની સ્ત્રીનો વિયોગ છે એમ જણાય છે, તેથી જેને તેને મારે છે.

સુદેવ—એને કાંઈ આવડે છે.

(૨) માણસ—તે પોતે પવિત્રને ધર્મીછે, રાજાએ તેને અશ્વ

મંત્ર આવડે છે, તેથી રાખ્યો છે, પણ ભૈરાબ એ રોજ લોકોના છોકરા બીવરાવે છે, માટે તું ના જઈશ, નહિતો મારી નાંખશે.

(આ બે માણસો જતા રહે છે.)

સુદેવ—ત્યારે તો ભૈરાબ હું તો નહિ જાઉં.

બાહુકજી—ચાલ ચાલ્યો જા કેમ ઉભો છે (સુદેવ બીતો બીતો ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૪ થો.

કચેરી.

ભીમક—આવો ગોર મહારાજ પધાર્યા ! શી ખબર લાવ્યા ?

સુદેવ—હું જંગલે જંગલ અને દેશો દેશ ફરી ચુક્યો, પણ નળ રાજાની પ્રાપ્તિ ના થઇ, અરેરે હાય ! મારો ફેરો અફળ ગયો, પણ એક થોડી ખબર અયોધ્યામાંથી મળી છે.

ભીમક—ભાઇ શી ખબર છે ?

સુદેવ—જ્યારે હું રતુપરણના ઘોડાની ઘોડાળ પાસે ગયો, ત્યારે ત્યાં મેં ટેલ નાંખી ત્યારે એક બાહુકજી નામના માણસે આ ટેલનો જવાબ આપ્યો છે. તે મેં લખી લીધો છે. લ્યો આ પત્ર.

ભીમક—લાવ્ય, (લીધા કેડે વાંચી જુએ છે, ને કહે છે.) હા એજ એજ નક્કી નળ રાજા છે.

સુદેવ—અરે નળનું રૂપ ક્યાં અને એ ભુતનું રૂપ ક્યાં !

દમયંતી—ભાઇ તેમનું રૂપ કેવું હતું ?

સુદેવ—મારા ભાગ્યની રતી કે હું અહિં સુધી જીવતો આવ્યો, નહિ તો મને મારીજ નાંખત, અરેરે મને રાત્રીએ પણ સ્વપ્નામાં આવી બીવરાવે છે. અયોધ્યામાં બાળકોને રોતા રાખવાને તે એક પ્રગટ થયો છે, હું પણ બીતો બીતો નાસી આવ્યો છું કે રખેને મારી પાછળ આવતો હોય, તેનો એક હાથ જેવોજ તેનું છે,

રૂપ કાળું અને કદરૂપા જેવુંજ છે, તેને જોઇ હું પણ થરથર ધ્રુજવા લાગ્યો.

દમયંતી—હે ભાઇ એ નક્કી નળ રાજાજ હશે ! જો નળ રાજા હશે તો તરત જણાશે, હાલ અયોધ્યાના રાજા રૂતુપરન ઉપર કંકોતરી લખું, જો તેના રાજ્યમાં નળ રાજા હશે તો તે રૂતુપરન રાજા મુદતસર અહિં આવી પહોચશે, નહિતો નહિ આવે, (કંકોતરી લખીને સુદેવને વાંચી બતાવે છે.) લેજો સાંભળ.

ગાયન. પર

રાગ. ખટક રહી આ મૃગ નયનીરે.

સ્વસ્તિ શ્રી અયોધ્યા પુરી, રૂતુપરન રાજા પાવન;
વૈદર્ભ દેશથી લખિતંગ ભીમક, તજી દમયંતી નળ રાજન.
વરદાન દેવનું મળીયું એને, મંડપ રચિયો હમે ફરી;
પૃથ્વિના સહુ ક્ષત્રિ આવશે, તમો આવજો કૃપા કરી.
સૂર્યવંશીને નિશ્ચે વરવું. કુંવરી મનમાં એ ઇચ્છે;
આવો રાજનને દઇ એ કન્યા, લગ્ન દિવસ નિરખે. નિશ્ચે.
આજ મહુરત લગનતણું છે, આવો આવો પ્રેમ ધરી;
સુર્યવંશીને ખચીત વરશે, ભીમક કહે છે ફરી ફરી.

લી. ભીમકસેન.

દમયંતી—હે ભાઇ તું હવે ઝટ જા, અને રૂતુપરનની કચેરીમાં જઇને તુરત આ પત્ર આપજે, કહેજે કે આજે બપોરે એ વાગતાં બધા રાજનો આવી ભરાશે વળી આ બીજો પત્ર પણ ત્યાંજ આપજે, લે જા.

પ્રવેશ ૫ મો.

રસ્તો.

લખીઓ—અલ્યા ભીમજી આજે તો પેલી ઢામકળાને બરાબર અને તડાતડ પકડવી.

ભીમજી—ચાલ ચાલ ત્યારે,

લખીઓ—નહિ નહિ એ રોજ અંબાજીના દેરે પુજન કરવા જાય છે, હમણાજ આવતી હશે !

ભીમજી—(કામકળા આવે છે તે જોઈ.) કેમ છો વહાલી આમ રીસાઇને કોને મનાવા ચાલ્યા,

કામકળા—આ શો ચમત્કાર ! એકજ વેલાના ઉગેલા ફ઼િબડા ! આય પણ પેલાના જેવાજ લાગે છે.

ભીમજી—એ વિચારીને બોલ તારા ભાગ્યના ભપકા કે ચતુર હૃદયમણી તને મળ્યા, પ્રિયા પ્રિતી ધરી પ્રેમદાની પદવી ધારણ કરો.

વાલીઓ—(આવી.) અરે હે ? શું બરાબર છે ? નહિ નહિ ! શું કામકળા તે આજ !

લખીઓ—હા હા.

વાલીઓ—(સ્વગત) ત્યારે તો ખાના ખરાબ ! યા નસીબ ! યા નસીબ ! અહાહાહા ! સુંદરીની શોધ કરતાં, રસ્તામાંજ મળી, હવેતો જલ્દી અહિંથી ઉપાડી રસ્તે પડું. (ઉંચકી નાસે છે.)

વાલીઆનું કામકળાને લેઇ નાસમનાસ કરવું, લખિયાનું અને ભીમજીનું પકડવા દોડવું, છેવટે વાલીઆનું નાશી જવું.

લખીઓ—કેમ અલ્યા ભીમજી, મારો બેટો કામકળાને લઇ જતો, રહ્યો !

ભીમજી—ઉંહ ! હું દોડી દોડીને થાક્યો, પણ હાથમાંજ આવે નહિ ને,

લખીઓ—હવે તો બસ !

ભીમજી—જવા દે ! આ વખત.

લખીઓ—અરે શું જવા દે ઠેઠ પહોંચાડવો.

ભીમજી—પણ જો જે હો ! ઠેઠ હાઇ કોરટ (બંન્ને જાયછે.)

પ્રવેશ ૬.

ઋતુપરનની કચેરી.

સુદેવ બ્રાહ્મણ આવી પત્ર આપે છે.

ઋતુપરન—(વાંચે છે) હે બ્રાહ્મણ તારૂં નામ શું છે ?

સુદેવ—મારૂં નામ સુદેવ છે.

ઋતુપરન—સુદેવ જો આજેજ લગ્ન છે, તો કંકોતરી બે દિવસ પહેલાં કેમ ના આપી.

સુદેવ—મારે એક દેશ ઉપર છાપ નથી, હું કેટલા દેશો ફરતો ફરતો આવ્યો છું. અને બીજી કંકોતરીઓ પણ મારી કનેછે, તે પણ હજી હવે હું પહોંચાડીશ ત્યારે.

ઋતુપરન—પણ ભુંડા, તેતો મને કંકોત્રી આપી, પણ ઉડતી લ્હાય લગાડી, (ગુસ્સે થાય છે.)

સુદેવ—હે રાજા, એતો આજ સવારમાં કંકોત્રી પહોંચી, નહિ તો બપોરેજ મળી હોત તો શું કરતા ?

ઋતુપરન—સિપાઇ-ચાવ આ બ્રાહ્મણને બહાર કાઢ.

સુદેવ—(સ્વગત) આ વળી એક જાતનો ન્યાય છે રાજાને વિવાની કંકોત્રી આપી ત્યારે કહે છે કે સિપાઇ બ્હાર કાઢ, લક્ષ્મિ ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જાય તે આનું નામ. (સુદેવ જાય છે.)

ઋતુપરન—અરર સાંઢણી પણ શણગારી તૈયાર નથી કરી, એક રાતને જો આંતરે હોત તો ગમે તેમ કરી દોડી જાત, પણ શું કરૂં આજે બે વાગેજ છે, હવે શું કરવું ? તેનું ભાન જતુંજ રહ્યું. સુઝ પડતીજ નથી, શું સુંદરી મને નહિ મળે ?

પ્રધાન—મહાન પ્રતાપિ અને બુદ્ધી શાળી છો ડાહ્યા થઈ કેમ ગાંડાં થાઓ છો ? આપણા ઘોડાની ઘોડાળમાં રહેલો બાહુક ક્યારે કામ આવશે ? આવી ~~આવી~~ની વખતે કામ નહિ આવે તો પછી ક્યારે ? કેટલા દિવસ થયાં બેઠો બેઠો ખાયા કરે છે.

રૂતુપરન—રસીલી ! રસીલી તેં તો રામબાણ માર્યો. સિપાઇ, જા બાહુકજીને બોલાવ સિપાઇ જાય છે (બોલાવી આવે છે.)

બાહુકજી—(આવી) કેમ મીજાજ બીજાજ કરેછે કે શું? કેમ સિપાઇને તેડવા મોકલ્યો તો.

રૂતુપરન—(થરથરથર ધ્રુજે છે.) અરેરે બાહુકજી આ વેળા મારી લાજ ના રાખો ?

બાહુકજી—શોની લાજ ?

રૂતુપરન—મારા દુઃખના ભાગનાર તથા મારી લાજના રાખનાર તમેજ છો. આજે ઘણે દિવશે બાઇ એક કામ પડયું છે. સમુદ્રને સેવ્યે રત્ન મળે તેમ તમને રત્ન જાણી રાખ્યા છે. આજે વેદર્ભ દેશમાં મને લઇ જાઓ અને દમયંતી પરણાવો.

બાહુકજી—હે છત્રપતી, આ કાઇ વરવાના લક્ષણ ના કહેવાય, તેને પતી કહેતાં નળ હજી તો જીવતો હશે ! ને હસ કન્યા શું તને પરણશે ! હું નિર્લજ થઇ તારો સંગ કરૂ તો નકામો ફજેત થાઉં.

રૂતુપરન—અરે હે અશ્વરક્ષક, જ્યારે તમે મને ના કહેશો ત્યારે મારે સઘળું નાશ થયા બરાબરજ છે. મારો આધાર તમારા ઉપરજ છે.

બાહુકજી—હે રાજા, તું પરણીશ અને હું નહિ! બોલ જેવું હોય તેવું કહી દે.

રૂતુપરન—બાહુકજી તમે પહેલા અને પછી હું.

બાહુકજી—હે રાજા ત્યારે તું જઇ વસ્ત્ર ધારણ કર, હું રથ જોડી લાવી મારગમાં ઉભો રાખુ છું જા, (રાજા વસ્ત્ર ધારણ કરવા જાય છે)

પ્રવેશ ૭ મો.

મહેલ.

રૂતુપરન—વસ્ત્ર પહેરે છે, દર્પણમાં જુએ છે ફેંટો બાંધે છે ઉતારી નાંખે છે ફરી બાંધે છે) અહાહાહા ગારા બ.ગ્યની બલી-

હાજીજ છે ! હું દમયંતીના નામની માળા જપ્યા જ કરતો હતો. વાહ ! (રાણી આવી તપાસે છે.)

ગાયન ૫૩

રાગ—ગઝલ તાલકવાલી.

પ્રિયા તરફથી પત્ર મળ્યું, ત્યારે આજે માયરૂ ભાગ્ય ભળ્યું.
વાહરે વાહ ! આજે માયરૂ ભાગ્ય ભળ્યું.
પુર્વે કરેલું પુન્ય ફળ્યું. ત્યારે. ૧
સફળ જન્મ હું આજ ગણું, અલબેલી એ કામનીને પરણું;
માનીતી મહિલાનું મન મળ્યું. ત્યારે. ૨
દિધો દિલાસો મુજને વરે, દિહા દમયંતી કાજે તપ કરે;
પુર્વેનું નિશ્ચે પાપ ટળ્યું. ત્યારે. ૩
થેઇ થેઇ થેઇ થેઇ મનડુ ડોલે; સંસારી વાયરે ચઢીયો ઝોલે;
પત્ર વાચી મારૂં ચિત ચળ્યું. ત્યારે. ૪

રાણી—સ્વામિનાથ કયાં સિધાવો છો ?

રૂતુપરન—દુષ્ટ દુર રહે. સારા કામ અર્થે જતાં શુકનમાં કયાં !

રાણી—અહાહાહા ! કેવા અધમ વિચાર? શું દમયંતી તમનેજ વરશે ? તમેજ પરણશો.

રૂતુપરન—હા.

રાણી—રાવણ કયાં ના કહેતો હતો ? કિચક કયાંના કહેતો હતો ?

રૂતુપરન—ના માનની હોય તો જો આ પત્ર.

રાણી—અહાહાહા ! શું લખ્યું છે જોઉં તો ખરી. (વાંચે છે.) મારા શિરછત્ર મુગટમણી રાજા રૂતુપરન, અયોધ્યામાં બિરાજમાન થયેલા, હું રંક બાળા મારા શુદ્ધ અંતઃકરણથી આપને ચાહી રહી છું. થોડું લખ્યું ઘણું કરી માનવું એ આપની ફરજ છે. વિવેકી વાલમ મારા જેવી રંક કુમારિકા ઉપર દયા ધરી તમે જરૂર આવજો. હું તમારા સિવાય બિજાની જોડે સંબંધ જોડવા બિલકુલ ચ્હાતી નથી. મારા મનહર આ દાસીને ત્હારી જાણી વેહલા પધારજો જોજો નહિ

આવો તો હું નહિ આપને આ હત્યા આપીશ.

લી. દાસી દમયંતી.

ઋતુપરન—હવે તો નક્કિ થયું ? જોયું કેવું લખે છે?

રાણી—આતો પત્ર છે, પણ સતિ સયંદ્રિએ જે વેળા કૈરો સાતમા માળની અગાસીએથી પડયો હતો, કાયા કચ્ચર ઘાણ થઇ હતી, તે વેળા પ્રત્યક્ષ કહેલું, પણ કેમ ના પરણી ?

ઋતુપરન—તે તો કપટથી કહેલું. પણ આ પ્રેમીતો પ્રીયાને પરણુશેજ બસ ચાલ હવે તો જાઉં.

ગાયન ૫૮.

રાગ. ડરમાતું દીલ સાથ છોકરા.

જઇ પરણું રંભાકાલ, હવે તને કરૂં શોક્યનું સાલ.
રાણી—મિથ્યાછે મોહની ઝાળ, ફસો છો ફંદે ભમે તમ કાળ.
ઋતુપરન—છાની છીનકી, પરણું નકી.
લાવી બેસારૂં એ દમયંતી રાણી,કરૂં તને દાસી એ પટરાણી,
રાણી—રાવણ રોળાણો ગર્વે ભરાણી,હર્ણું કીધું સતી સીતાને જાણી.
હાયપ્રિયા.બસપ્રિયાજ ચઢો કયાં ઉંડાણમાં ભરી ફાળ ફસોછો. ૧
ઋતુપરન—જારે જારંડા પડશે ડંડા.
માનિતી મહિલા મનમાં મારા,છબી ચીતારી વચને તારા;
સાચી સગાઈ અલબેલી તારી,ચીતડું ચોરી લીધું હમારૂં,
ધીક્કાર, ફીટકાર, પરણે લટકાળી લાલ. હવે તને. ૨

(ઋતુપરન ચાલ્યો જાય છે. રાણી રૂદન કરે છે.)

રાણી—દમયંતી, દમયંતી, પણ હે પ્રભુ હું ધારતી નથી કે તે અનીતિવાન છે, પણ તે તો સતીજ છે, હુંજ ખાતરી કરી કહું છું કે જયાં સુધી સુર્યચંદ્ર તપે ત્યાં સુધી તે સતી પોતાનું સત્ય મુકે જ નહિ ચાલ હવે નિંદ્રાવશ થાઉં. પ્રભુ મારા પતિ કદાચ સંકટથી સપડાયતો રક્ષા કરજે.

પ્રવેશ ૮ મો.

રસ્તો.

રતુપરન—હવેતો જલદી કરો, બાહુકજી ઝપાટો મારો.

બાહુકજી—અરે તું બેસતો ખરો! સારથી થઇ જરી હાંકતો ખરો! હું રથમાં બેસુ છું. જોઉં તો ખરો કે હાંકતા આવડે છે કે નહિ.

(રાજા હાંકે છે, ઘોડા ચાલે છે તો બે ડગલા ભરી બેસી જાય છે.)

બાહુકજી—જુઓ તો ખરા, ખરો પ્રેમ તે આનુંજ નામ, સાચો પ્રેમ તે આનુંજ નામ અહાહાહા! કેમ, કેવા આ વરરાજા ફાંકડા થઇ રથમાં બેઠા છે! રાજાને પણ સારથી થઇ હાંકવા વખત આવી છે. ગરજે ગધેડાને બાપ કહે તે આનુ નામ, કેમ બરોબર છેને? તો તો ઠીક.

રતુપરન—હે બાહુકજી આનો ચાલતાએ નથી અને બેસી બેસી જાય છે, આતો મરિઅલ છે.

બાહુકજી—જે છે તે એછે. હું તો આ ચાલ્યો! (ઉતરી હેંડવા માંડે છે.)

રતુપરન—અરેરે બાઇ, તમે આમ કરો છો, તો આ સંધ ક્યારે પોંકશે?

બાહુકજી—(સ્વગત.) હવે તો વખત થવા આવ્યો છે, માટે ચાલ તૈયાર થાઉં વૈદર્ભ દેશ રથને એક પલકમાં ઉતારી પાડું. (પ્રકાસ.) ચાલ બેસીજા સારે, (રતુપરન બેસે છે, અને બાહુકજી અશ્વના કાનમાં મંત્ર ભણે છે, ઘોડા પવન વેગે ઉડે છે.)

પ્રવેશ ૯ મો.

જંગલ.

રાજાની પામરી પડી જવાથી ઝાડમાં ભરાઇ જાય છે.

રૂતુપરન—સબુર ! સબુર. હાં હાં હાં હા ! ઉભા રહો ! ઉભા રહો ! ઉભા રહો !

બાહુકજી—છે શું ?

રૂતુપરન—મારી પામરી પડી ગઇ

બાહુકજી—જા જઇને લઇ આવ

રૂતુપરન—જો તમેજ લાવી આપો, તો ઘણુંજ સારૂં.

બાહુકજી—ભલે. (બાહુકજી જાય છે. લઇ આવે છે.)

રૂતુપરન—વાહ વાહ ! ધન્ય છે, અશ્વમંત્રનિ વિદ્યાતો બરોબર જાણો છો. મારી પાસે પણ એક વિદ્યા છે.

બાહુકજી—બોલ શી વિદ્યા છે ?

રૂતુપરન—ગણિત શાસ્ત્રની.

બાહુકજી—બરોબર ?

રૂતુપરન—હા.

બાહુકજી—ત્યારે બોલ આ બહેડાના ઝાડની જમણી બાજુની ડાળે કેટલા પાંદડા છે ?

રૂતુપરન—નક્કિ ત્રણ હજાર સાતસોને ત્રણ છે. (બાહુકજી ડાળુ કાપી ગણી જુએ છે તો બરોબર થાય છે.)

બાહુકજી—[સ્વગત] આ પણ વિદ્યા કામની છે, ખરા ઉપયોગની છે માટે અરસપરસ બતાવીએ, (પ્રકાશ) હે રૂતુપરન ! તું જો ગણીતશાસ્ત્રની વિદ્યા આપે તો હું અશ્વ મંત્રની વિદ્યા આપું, કેમ ઠીક છે ને.

રૂતુપરન—હા, મારો પણ એજ વિચાર છે.

એક એકના કાનમાં બોલે છે, નળરાજાના અંગમાં જ્યાં ગણીતશાસ્ત્રની વિદ્યાનો પ્રવેશ થાય છે કે તરત કળિયુગ નાસે છે, કળિયુગની પાછળ બાહુકજી દોડે છે. રૂતુપરન નળ રાજાને જોયા કરે છે.

બાહુકજી—અરે હે દુષ્ટ ઉભો રહે, (પકડી લાવે છે. ઉઘાડી તરવાર ખેંચી કેસ પકડી મારવા તૈયાર થાય છે.) કાળા કરમના

કરનારા, શ્રદ્ધાના ધારણ કરનારા, અનેક પ્રાણીઓ પર જુલમ કરનારા. પાપી કળી હવે તારો પ્રાણ લેઇશ.

કળી—મહાન પ્રતાપી અને ધર્મીષ્ટ એક વખત જીવત-દાન આપો.

બાહુકજી— ગાયન ૫૫.

રાગ પરભાતીયાનો (ઝુલણા છંદ.)

પાપીઆ પાપનો બાંધીઓ પોટલો, જાણજે આવીયું મોત તારૂં,
દેહમાં વ્યાપીને સુખને કાપી તેં, દુરમતી આપીરે આજ ધારે.
સહાય તુજ શામળા ઓઢવા કામળા વનમાં દુઃખ તેં એજ દીધા,
વન વિષે કાઢીઆં, દુત રમાડીઆ ચિત હરી સહુ સુખ લીધા,
દુર થા દુર તું શું કહું આજ હું આવિયો જાણજે કાળ તારો,
ખડકને ખેંચીને પ્રાણને સીંચું હું છે નહિ તુજને એક આરો.

કળી—મહારાજ, આપ એક વખત મારા ગુણ તથા અવ-ગુણ તપાસો; પછી પ્રાણ લેશો એવી આશા છે.

બાહુકજી—તારા ગુણ અને અવગુણ મારે શું કરવા છે?

કળી—હે રાજા આપ મારો પ્રાણ તો લેશોજ, તો તે પ્રાણ લેવા પહેલા જરી ગુણ અને અવગુણ શ્રવણ કરો. આપ અને પ-ક્ષાંએ મારશો અને પછીથીએ મારશો, માટે હું વિનવું છું જે એક વેળા મારા ઉપર કૃપા કરો.

બાહુકજી—અભાગીઆ! ચાલ ઝટ કર.

કળી—હે રાજા નળ જુઓ, પરમાર્થમાં પ્રીતી અને નિતી નવે મુકાશે, અધર્માચરણ આચરશે, વિદ્વાન બ્રાહ્મણો ઘેરઘેર ફરશે, વિદ્યાઓ ભણી વાદવિવાદ કરશે, નાણા મળવાના લોભે કરી વેદાંત વાંચશે પણ સિદ્ધાંત નહિ સમજતાં ભવસાગરમાં ભટકશે. બ્રાહ્મણો માંહોમાંહે લડી મરશે, વળી પૈસાને માટે ઝેર કરશે, અને અભિમા-નમાં તણાઇ મરશે. અણઘટતાં કામ કરશે, મદિરા પીને મસ્ત બની ફરશે. ઘેર ઘેર શાસ્ત્રો સમજાવશે પણ પોતાનો ધર્મ શો છે, તે નહિ સમજતાં પંડ્યા પંડીતો થઇ રાજદ્વારે વાંચશે, વળી પેલા છડીદાર ધક્કા મારશે ત પણ તેઓ સહન કરશે. પૈસાને માટે પારકાના દાસ

થઇ પોતાના પેટનાં પાગી મારશે, ના બાજાન શું નહિ કરે ! એક નોતરે ચાર જમવા જશે, પોતપોતની નાત નહિ સમજતાં એક ભાણે બેશી ખાશે, અફીણ, તમાકુ, ભાંગ, ગાંજો, ચડસ વિગેરે વ્યસન કર્વામાં હાજર થશે અને વ્યસન કરશે, સગા સગામાં વેર બાંધી લડી મરશે. પારકી નાતની લડાઇઓ પોતાની નાતમાં ઘાલશે, બ્રાહ્મણો પોતાના યજમાનો ઉપર રીસ કરી લપુ ચુકવશે બ્રાહ્મણે ટેલ નાંખી ચકલે ચકલે અને શેરીએ શેરીએ ફરશે પુરષો પોતાનું પુર્ષાતન તજી અરે વિકારી સ્ત્રીનું રૂપ લઇ નાચશે, પુરૂષો પાણી ભરશે, રસોઇઓ કરશે, વળી જુઓ રાજા નળ હું ઠેર ઠેર પ્રસરીશ અને અનેક અધર્મ કરાવીશ, દિકરીઓનાં નાણાં લેવરાવીશ અરે એટલુંજ નહિ પણ પૈસાના લાલચે પુત્રીને ખરાબ ઠેકાણે દેવરાવીશ. સ્ત્રીઓ પોતાની મર્યાદા છોડી ઉઘાડા અંગે ફરશે, વ્યભિચાર અને જુઠ ઉત્પન્ન થશે, હે રાજા નળ વળી આ જગતમાં જ્યાં જ્યાં પૈસો જોવામાં આવશે, ત્યાં ત્યાં બુદ્ધિઓ બગડશે. ચોર લોકો ચોરીઓ કરશે, રસ્તે જતાંને લુંટશે, પણ બિચારા રંક જનોની ફરીઆદ કોઇ નહિ સાંભળે, વળી દરવાજે દરવાન રંક જનોને રખડશે, પણ બિચારા રંક જનો બોલ્યા વિના ચાલતાં જશે. રાજ્ય દરબારે સાચાનું જુઠું અને જુઠાનું સાચું થશે. દિવાન લોકો રાજાને કેદ કરશે, નિમકહરામી થઇ પોતાના અમલદાર સાથે લડશે. ટુંકામાં નિમકહલાલી જતી રહેશે અને નિમકહરામી આવશે, અરે વહેપારી લોકો પોતાનો ધર્મ ચુકી ઓછું ઓછું જોખશે. હેંડતા હેંડતા લોકો ધર્મના સમ ખાશે, ધર્મને ધુળની માફક ધસડશે, ધર્મને જુત સમાન ગણી લાત મારી અવળા આચરણ આચરશે. જુઠી જુઠી ચાડી એક એકની કરશે, પારકાની નિંદાનો પાર રહેશેજ નહિ. એક પૈસાની લાલચે પોતાની જનેતાને ગાળ દેવા તૈયાર થશે, વિશ્વાસે લીધેલું ફરીથી પાછું આપવા વિચાર નહિ કરે. ગુરૂઓ, બ્રાહ્મણો, સાધુઓ, ભગતો બિચારી વિધવા સ્ત્રીઓનાં ધન ઓળવવાના વિચાર કરશે, અને ઓળવશે. દુધમાં પાણી અને ઘીમાં તેલનો ભેગ થશે. પોતાના ધર્મને માની પારકા ધર્મની નિંદા કરશે, ઉંચમાં ઉંચ જાતી બ્રાહ્મણ તે પોતાની માની જણી બેનને નહિ મુકે તો પછી નીચ જાતી શું નહિ કરે, ગુરૂની પાસે જઇ કપટી ચેલા થઇ ગુરૂને દગો દેશે, ગર્ભણી સ્ત્રીઓના ગ-

ભેને ઔષધ આપી સમાવી દેશે. બાર વર્ષની બાળા ગર્ભ ધરશે, સાચું બોલવાનું તો કયાં પણ પોતાના બોલેલા બોલને નહિંજ પાળે, મંત્ર તંત્રની વિદ્યાઓ ભણી કંઇકના ઉંધા ચતાં કરશે, ઉત્તમ લોકોનાં આચરણ નિચ જાતી થઇ કરશે. બ્રાહ્મણોનો જે ધર્મ તે નીચ જાતી ઢેડ પણ પાળશે, અરે બ્રાહ્મણોથી નહિ પળાય. પરસ્ત્રી ઉપર મોહીત થઇ તેના ધણીથી વેર બાંધી રાજ્ય દરબારે ચઢી, લઢી, દંડ ભરી, ને સ્ત્રીને લેઇ નાશી જશે. સમજુ થઇ ગરીબના ઘર મારશે. અરે ગરીબને ખરાબ કરશે. નિચ જાતી થઇ બ્રાહ્મણ પાસે વેદ કરાવશે. શાસ્ત્ર સઘળું સંતાશે ત્યારે હજામ પણ વેદ થશે. અઢારે વર્ણ પોતાની કાયા નહિ ચાલતાં સધુઓનાં ટોળામાં ભળી ભીખ માગશે. ગામે ગામ અને મંદીરે મંદીર બાવા થઇ બેસશે અને જુઠા દેવના દાસ થઈ દરશન કરવા આવતી બાળાઓને ભોળવી લેઇ ચાલ્યા જશે, એટલે સુધી મારો કેર વર્તાશે કે પૃથ્વિ પણ પોતાની લજ્જા લોપશે, દાટેલું ધન પણ ફરીને હાથમાં નહિ આવે અને પૃથ્વિ મળી જશે, પિતા પુત્ર અને ભાઇ વચ્ચે વેર ઉત્પન્ન થશે સ્ત્રી પોતાનું ઘર નહિ માંડતાં પારકે ઘેર અથડાતી ફરશે, પરપુરૂષ પર મહાલશે, પતિથી વેર બાંધી ડાકણ થઈ બડબડશે અને કુવે જઇ પડશે. પોતાના સહેજ સ્વારથ માટે પતીને મારવા ઉભી થશે, અને વિલડી ચાલી પોતાના પિયરમાં જઇ સુખેથી મહાલશે સ્ત્રિઓ નગ્ન અંગે સ્નાન કરશે. મંગળ ટાણે વિવાહના ઉમંગમાં જુદા જુદાં ગીત ગાશે. ચકલે ચકલે એકઠી મળી ગરબા ગાશે સાંય પણ કોયલના જેવા ટહુકા કરી નવીન પ્રકારના ગીત ગાઇ આંખોના અણસારા કરી પરપુરૂષના મન રંજન કરશે, વળી કહેશે કે, બળ્યું બેન, પીટયા પતીને પરણીને શું સુખ પામી, પહેરવાને ઘરેણાં, ઓઢવાને લુગડાં, એમાંનું કાંઇએ ના મળે. વહુનું સુખ જોઇ સાસુ નિરંતર બળ્યાં કરશે. જ્યારે રંડાનો પતી મર્ણ પામશે, ત્યારે પતીને વગોવી કુળને લાંછન લગાડી પરપુરૂષથી પ્રીતી બાંધશે. પતી પાસે ઘરનાં દરેક કામ કરાવતાં પાછી નહિ પડે, જાણે પતિ તો સ્ત્રીનો ગુલામ ! ભટકતી ભામા દેવ મદીંરે જશે, ત્યાં અન્ય પુરૂષો સામા આવી અથડાશે, સ્ત્રીયો પોતાના પુત્રને સંતતી થશે તોપણ ગર્ભ ધર્યાં કરશે. રાજા એવો મારો મહિમા છે, કે વળી હું જા ! જાઇશ ત્યાં

ધર્મ રહેશેજ નહિ, અઢારે વરણ ભ્રષ્ટ થઇ થોડુ આયુષ્ય અને થોડી વિદ્યા ઉત્પન્ન થશે.

બાહુકજી—અહાહાહા !

કળિયુગ—વરસાદ થોડો આવશે, સ્રિયો પોતાનો ધર્મ છોડશે, તથા બીજીવાર લગ્ન કરશે, સ્વામી પહેલાં સ્રીઓ ભોજન કરશે, અને મારા પ્રતાપથી સ્ત્રીની સેવા પતિ અને શિષ્યની સેવા ગુરૂ કરશે કરશે અને કરશેજ.

બાહુકજી—(વાળ જબ્બરથી પકડી.) અરે પાપી, હવે તો તારા પ્રાણ લેઇશ.

ગાયન. ૫૬

રાગ ક્ષત્રી કલંક.

પાપી પચ્યો પાપ માંહી તુતો છેક, પાપી હું તારો પ્રાણ લેઉરે,
દુ:ખ દેવાને પ્રગટયો તુતો એક. ,,
કાપુ શિશ તારૂં થાએ મુને પુન્ય. ,,
તેંતો કર્મ કાળામાં ના રાખી ન્યુન્ય. ,,
દેખી તુજને જીવતો ઉઠે મુજને ઝાળ. ,,
કરૂં મોત આવી પહોંચ્યો તારો કાળ. ,,

કળી—મહારાજ હવે હાથ વેંતમાં છે, ફક્ત મારા બે ગુણ રહી ગયા છે, અનદાતાર !

બાહુકજી—બોલ ઝટ, ચાલ તારા ગુણનું વર્ણન કર.

કળી—મહારાજ, જે એક વખત પુન્ય કરશે તે સાત વખત પામશે, કૃત તેતા અને દ્વાપરમાં સો સો વર્ષ સુધી રૂષીઓ તપ કરી રહેતા, અરે પોતાની આખી જીંદગી પ્રભુ ભક્તિમાં ગાળતા અને નિરંતર આરૂંઢ રહેતા, પણ નિરંજન જગતના નાથ, પ્રભુ, પરમાત્માના દર્શન નહોતા થતા, પણ મારા અમલમાં જે કોઇ પ્રભુની ભક્તિ ખરા અંત:કરણથી એક ચિત્તે ૬ માસ સંપુર્ણ કરશે, તેને પ્રભુના દર્શન થશે, સત્યનાસાયક અને ત્રિભોવનના નાયક મળશે, કૃષ્ણપરમાત્મા તેની આશા સંપુર્ણ કરશે.

બાહુકજી—અરે અધર્મી તેં મને બહુ દુખ દીધું, જંગલે-જંગલ રખડાવ્યો મ્હારો, મારી સ્ત્રીનો, અને મારા કુંવરોનો વિયોગ કરાવ્યો, અરે પાપી એક એકને છુટા પાડયા. પણ જાજા તારા પર દયા આવે છે. તારા અવગુણને ઢાંકનાર ફકત તારા બે ગુણ બસ છે. પણ તું મારા રાજ્યમાં નહિ.

કળી—મહાન પ્રતાપી રાજા નળ, આપનું રાજ્યતો ઠેર ઠેર પ્રસરેલું છે. તમારા રાજ્ય વિના તલભાર પણ જગ્યા ખાલી નથી. હવે મારે ક્યાં રહેવું ?

બાહુકજી—જા આ બહેડાના ઝાડમાં રહે, તને રહેવાને માટે સદા એજ ઠામ આપું છું, સદા સર્વદા તારો વાસ એમાંજ થશે. જા ઝટ (કળિયુગ બહેડાના ઝાડમાં પેસે છે પ્રકાશ.) હે રૂતુ-પરન, ચાલ હવે રથમાં બેસી જા, હવે તો જલ્દી વૈદર્ભ દેશ જઇએ, નહિતો વેળા વીતી જશે.

રૂતુપરન—હું તો ક્યારનોએ બોલ્યા કરતો હતો, પણ તમે ક્યાં હતા ?

બાહુકજી—અરે રાજા આપણી પછવાડે એક પાપી પડયો હતો, તેને સ્વધામ પહોંચાડવા ગયો હતો પણ દયા આવવાથી જીવતો મુકી તેને કાઢી મુકયો.

રૂતુપરન—પણ તેતો પાછો આવશે !

બાહુકજી—ના નહિ આવે, મેં એને બરાબર કેદ કર્યો છે.

રૂતુપરન—ત્યારે સારૂ ચાલો.

[રૂતુપરન રથમાં બેસે છે, બાહુકજી રથ હાંકી વૈદર્ભ દેશ તરફ રવાના થાય છે.]

પ્રવેશ. ૧૦ મો.

મહેલ.

રૂતુપરન તથા બાહુકજી રથ સહિત કચેરીમાં દાખલ થાય છે.

ભીમકસેન—પધારો! પધારો! પધારો! રાજા રૂતુપરન પધારો!

દમયંતી—(સ્વગત) પિતાજી! આ રૂતુપરન રાજાને માન સહિત આપણે ત્યાં રાખો, મેં નળરાજાની શોધ માટે વિવાહની કંકોત્રી લખી બોલાવ્યા છે,

રૂતુપરન રાજાને આસન આપી બેસારે છે, બાહુકજી પણ રાજાની પાસે જઇ બેસે છે.

બાહુકજી—અરે હે રાજા! આ તારો રથ અને અને આ તારા ઘોડા, ચાલ જલ્દી બાંધી દે.

ભીમકસેન—સિપાઇ જા રથને લઇજા તથા ઘોડાને બાંધી દે, મહારાજ આ આપની સાથે કોણ છે?

સિપાઇ રથને લઇ જાય છે અને ઘોડાને બાંધી દેછે. બાદ બાહુકજી રૂતુપરનને ધક્કા મારે છે અને આસન ઉપરથી ઉઠાડી મુકેછે.

બાહુકજી—કેમ હવે કેટલી વાર છે.!

રૂતુપરન—શેની?

બાહુકજી—પરણવાની,

રૂતુપરન—છાના રહો, છાના રહો! હવે થોડીવાર છે.

બાહુકજી—શું મે કોઇના બાપની ચોરી બોરી કરી છે કે હું છાનો રહીશ,

રૂતુપરન—ના બાહુકજી ના,

ભીમકસેન—અરે મહારાજ આ પુરૂષ કોણ છે.?

રૂતુપરન—મારો અશ્વરક્ષક છે.

ભીમકસેન—અશ્વરક્ષકને આટલાં બધાં માન શા. ?

ૠતુપરન—મહારાજ, તેને અશ્વમંત્રની વિદ્યા આવડે છે, તેનાંજ.

ભીમ સેન—ઠાક ત્યારે આપ મારી સાથે મહેલે ચાલો.

ૠતુપરન—હું મહેલે આવું તો ખરો! પણ આ બાહુકજીનું ઠેકાણું ક્યાં રાખશો?

ભીમકસેન—સિપાઇ જા આ બાહુકજીને બાગ બતાવ અને રસોઇ કરવા જોઇતી સાહીત તેમની આગળ હાજર કરી.

ૠતુપરન અને ભીમકસેન જાય છે અને સીપાઇ બાહુકજીને લેઇ વિદાય થાય છે.

પ્રવેશ ૧૧ મો.

બાગ.

સિપાઇ—બાહુકજી આ બાગ અને રસોઇ કરવા પેથી જો-ઇતી સાહીત્ય.

સીપાઇ જાય છે બાહુક રસોઇ કરવી શરૂ કરે છે, દમયંતી સ્થાંથી તપાસે છે.

બાહુકજી—અરે હાય, આ શો ચમત્કાર! જ્યાં જઇએ ત્યાં એ કમલા કર્મ આગળને આગળ, અરે આ શું! રસોઇ કીરીતે કરવી? પાત્રમાં પાણી નહિ, અગ્નિ પ્રગટ કરવા અગ્નિ નહિ, દાળ હલાવવા કડછી નહિ, સુર્યનો તાપ માથે લાગી રહ્યો છે. સુખેથી ર-સોઇ કરવા છાંયા પણ નહિ, હે પ્રભુ! હવે તો સહાય થા! અને દુઃખનો અંત આણુ લાવ લાવ દેવના વર્દાનથી સઘળું પ્રગટ કરૂં.

સુકા વૃક્ષને હસ્ત લગાડેથી લીલું છમ જેવું થઇ જાય છે, મંત્ર ભણે છે, અગ્નિ પ્રગટ થાય છે, રસોઇ શરૂ કરે છે, પાણી પ્ર-ગટ થાય છે. કડછી નહિ હોવાથી હાથવતી હલાવે છે. એક ક્ષણ-

બારમાં રસોઇ તૈયાર કરી નાંખે છે પછી જમવા બેસવા પહેલાં ફરીને મંત્ર ભણી પાણી પ્રગટ કર્યા કરે છે. આ પોતાના અંગ ઉપર પારના પાણીના ઘડા રેડી સ્નાન કરે છે) સ્નાન કર્યા બાદ સુકુવસ્ત્ર પહેરી જમવા બેસવા વિચાર કરે છે.

બાહુકજી—રસોઇ તો થઇ, સ્નાન કર્યું, લાવ હવે તો ભોજન કરી લેઉં, પછી રૂતુપરનની શી દશા થાય છે, તે તપાસું.

દમયંતી—(અંદરથી) અરે હે બાહુકજી (બાહુકજી ચકિત થાય છે અને વિચારે છે કે કોણુ બોલાવતું હશે. સ્વગત.) દીનબંધુ તારીજ કૃપા! અગ્નિ તથા પાણી પણુ પ્રગટ કર્યાં. વૃક્ષ પણુ લીલુ છમ જેવું કરી નાંખ્યું, દાળને પણુ હાથવતી હલાવી, અહાહાહા! નક્કી નળરાજાજ જણુાય છે. દાસીને બોલાવી બાહુકજીને વાતે વળગાડી રસોઇનો સ્વાદ ચાખું કારણુકે નળરાજાની રસોઇનો સ્વાદ હું બરાબર જાણું છું નળરાજા હશે તો વરત માલુમ પડશે. દાસી! અરે દા...સી.

દાસી—આવી.

દમયંતી—અરે દાસી.

દાસી—આ આવી, બોલો શું કામ છે?

દમયંતી—આ બાહુકજીની રસોઇ વટલાવવી છે, અને મારે રસોઇનો સ્વાદ ચાખવો છે, માટે તું વાતે વળગાડ, એટલે હું જઇ તરત વટલાવીશ,

દાસી—અરે બાઇ સાહેબ, તમે તો નળ વિના ગાંડા ઘેલા થઇ ગયા છો! શું નળ રાજા તમને મળશે, નળ રાજાનું રૂપ કયાં! અને આ બાહુકજીનું રૂપ કયાં તમે આવા ગાંડા વિચાર કયાં કરો છો, કયાં જંગલ અને કયાં વૈદર્ભ દેશ! નળરાજા તો જંગલમાં કયાંએ રખડતા હશે. શું નળરાજા તે આજ હશે, નહિ નહિ!

દમયંતી—ચાલ બોલ્યા ચાલ્યા વિના છાની રહે! કામે વળગ.

દાસી—વારૂ ત્યારે લ્યો આ કામે વળગી (પ્રકાશ) હે બાહુકજી તમે કોણુ છો?

બાહુકજી—હું રૂતુપરન રાજાના ઘોડાનો અશ્વરક્ષક છું.

એટલામાં દમયંતી રસોઇ અભડાવી સ્વાદ ચાખે છે.

દાસી—તમારૂં આવું રૂપ શાથી થયું.

બાહુકજી—દૈવયોગે.

દમયંતી—(સ્વગત) અરે વાહ! આતો નક્કિ નળરાજાજ છે. દાસી.

દાસી—બોલો.

દમયંતી—જા આ બન્ને પુત્રોને રમાડતી રમાડતી ત્યાં લેઇ જા, પણ જોજે બીએ નહિ, હું જાઉં છું.

દાસી—ઠીક. બાઇ સાહેબ.

દાસી બંન્ને પુત્રોને રમાડતી રમાડતી ત્યાં લેઇ જાય છે.

બાહુકજી—(બંન્ને પુત્રોને જોઇ) અહાહાહા! અરે હે બાળકો આવો આવો હું તમને રમાડું.

દાસી—અરે ચાલો દુર રહો,

બાહુકજી—અરેરે, હે દાસી એમના જેવા મારે બંન્ને પુત્રો હતા, આ પુત્રોને દેખી મને વ્હાલ ઉત્પન્ન થયું. અરે બાઇ આવો આવો હું તમને તેડું. (બંન્ને છોકરા રોતા રોતા દાસીને બાઝી પડે છે.]

દાસી—બાઇ છાના રહો, (બાહુકજી પ્રત્યે) અરે તમે બહાર જાઓ, નહિ તો સિપાઇને બોલાવું છું.

બાહુકજી—અરે દાસી, તું આમ કેમ કરે છે! મેં તારૂં શું બગાડયું છે.?

ગાયન. ૫૭

રા. ચતુર મારા ચાલોને મળતો.

વહાલા લાગો બાળા રઢીયાળા, અહો!

લાગે અંગ વ્હાળા, હતા મુને બાળા, વ્હાલા. ૧

દાસી—(સીપાઇ-બ્હાર કાઢ)

સિપાઇ—ચાલ ચાલરે ધુતારા ઠગારા બ્હાર, (૨) વ્હાલા ૨

જારે જા જા (૨) જારે જા જા બ્હાર

બાહુકજી—નથી ગુનો બાદશાહ.

સિપાઇ—ચાલો દરબાર. બહાગ્ના. ૩

બાહુકજી—અરે હાય અફસોસ! મારા મનહર બાળક! તમે ક્યાં હશો? બિચારાં ટળવળી ટળવળી મરી ગયાં હશે! અરેરે હું કેવો નિર્ભાગી! પ્રભુએ મને સંતતિ આપી પણ મારાથી જતન ના થયું.

સિપાઇ—ચલાવ, અમારા બાઈ સાહેબ બોલાવે છે.

બાહુકજી—અરે ભાઇ, બિન ગુનેગારને શા માટે લઇ જાઓ છો,

સિપાઇ—અમારી બાઇ સાહેબનો હુકમ થયો એટલે હમારે ના ચાલે, ચલાવ,

બાહુકજી—ચાલો ત્યારે.

પ્રવેશ ૧૨ મો.

મહેલ.

દમયંતી—અરેરે બાહુકજી—મારે તમને કાંઇક પુછવું છે.

બાહુકજી—ભલે! બેશક પુછો. પણ મને પુછેથી શો ફાયદો!

દમયંતી—ફાયદો હશેતો હમણા જણાશે.

ગાયન. ૫૮

રાગ. ગાડી આવી ગુજરાત.

એક સતીને શિરપર આજ, હશે કેવું હૃદય પતિનું;
બનિયા વિયોગી જેનાં બાળ, હશે કેવું હૃદય પતિનું.

રાજ્યપાટ મેલાવ્યાં, રમિયા જુગટું જ્યાંય;
હાર્યા પતિ તે સઘળું, ચાલ્યા સતિને લેઇ વનમાંય. હરી. ૧

જનમાં સરોવર આવિયું, બેઠાં તેને તીર;
પાણી અર્થ પતિ ગયા, ત્યાં રે આણ્યાં મચ્છને નીર. હરી. ૨

મચ્છ ઉડી જળમાં પડ્યાં, દેવતાનું વરદાન;
સતિને ફક્ત ભક્ષણ કરી, મેલી નાઠો પતિ તે વેરાન. હરી. ૩

અજગરે સતિને ગળી, બાંધીયું વિષ શરીર;
પારધી આવ્યો એ સમે, રક્ષણ થયા રઘુવીર. હરી. ૪

કરડી નજર પારધીતણી, અગ્નિ બનાવી જ્યાંય;
આપ તેને સતિએ દીધો, ત્યારે ભસ્મ થયો તેનો ત્યાંય હરી. ૫

વનમાં વણઝારા મળ્યા, સંઘને નાખ્યા માર;
બોલાવે નહિ કુંવરી, ત્યાગી વણઝારે કર્યો પોકાર. હરી. ૬

રસ્તે જતાં નદી એક મળી, ઉતરી તેને પાર;
પેઠી સતી નગર વિષે, સતીના ઢંઢેરાનો અધિકાર. હરી. ૭

શ્વેત વસ્ત્રે સતી ફરે, ફરે પરાઇ વેઠ;
ઠેર ઠેર ભમતી ફરે, ત્યારે ભરાયે પરાયું પેટ. હરી. ૮

ત્યાંથી જઇ રહી એક ઘેર, તજ્યાં સોળ શણગાર;
ચોરી ચઢી માળાતણી, વારે ધાવા ત્યાં કિરતાર. હરી. ૯

બાહુકજી—અરે સતિ દુઃખે પીડાતી હશે તો પતિને શું નહિ હોય ! જો સાંભળ.

ગાયન. ૫૯

રાગ. રળિયામણી ગુજરાત જોવા જોગ જેસી બાણુંએ.

સહુ સાંભળો સતી પતીતણું, વિચાર કહુંછું મનના;
સતિયે પતીને છેહ દઇ, ભક્ષણ કર્યા નિજતનમાં.
દીઠો નહિ એવો મણીધર, એક બળતો દવમાં;
તરત પડી અગ્નિ વિષે, કાઢ્યો તેહ તત્ખેવમાં.
રક્ષક થયો સતિનો પતિ, રાજાતણા અશ્વનો;
કામળ ઓઢી અંગે ફરે, ભુત જેવો રૂપવનો.
નહિ વાંક સતિનો ને પતિનો, વાંક એ વિધાત્રીનો;

નૈષદ્ધ દેશે આવિયો, હુકમ થતામાં રાત્રિનો.

દમયંતી—અહાહાહા ! અરે કોણ પ્રિય પતિ તમેજ !

બાહુકજી—સબુર ! સબુર ! દુર રહે !

(નાગના મળેલા વસ્ત્ર પહેરેછે, અને બાહુકજી નળ સ્વરૂપે થાય છે.)

દમયંતી—અરે વ્હાલા તમારી આવીજ દશા ? } બંન્ને ભેટે છે.
નળ—હા વ્હાલી આવીજ દશા ?

સિપાઇ—બાઇ સાહેબ તમારા પિતાજીને ખબર કરૂં ?

દમયંતી—હા જા બોલાવી લાવ. (સિપાઇ જાય છે બોલાવી આવે છે.)

સિપાઇ—અરે હું જતો હતો તેવામાં સામાજ મળ્યા.

દમયંતી—ભલે, પિતાજી બાહુકજી હતા તે બાહુકજી નહિ પણ મારા પતિજ.

ભીમકસેન—ક્યાં છે ?

નળ—આવો આવો મહારાજ પધારો.

(નળ તથા ભીમકસેન ભેટે છે, બાદ રૂતુપરન પણ ભેટે છે.)

રૂતુપરન—અરે વાહ રે કુદરતની ! નળરાજાએ શું મારે ત્યાં રહી નોકરી કરી ? હું શું મુઢ મતી કાંઇ ના સમજ્યો ? અને આખરે પરણવા વાસ્તે અહિંજ આવ્યો ! તે વળી દમયંતીનેજ ! હાય હવે શું કરૂં ?

ગાયન. ૬૦

રાગ. ક્યાંથી આ સંભળાય.

કરવું શું કિરતાર સુઝે નહિ કરવું શું કિરતાર.
ઘેર બેઠા ગંગા આવ્યા નાહ્યો નહિ હું ગમાર. સુઝે. ૧
ગંગાજી જ્યાં ચાલ્યા ગયારે ઘસું હાથ વિચાર. સુઝે. ૨
પ્રિતે પ્રભુજી દર્શન દેવા આવ્યા મ્હારે દ્વાર. સુઝે. ૩
ઓળખ્યા નહિ મેં અંતરજામી તર્ત કર્યો ફીટકાર. સુઝે. ૪
અંતર્ધ્યાન થઇ ચાલ્યા ત્યારે સોધું હું સંસાર. સુઝે. ૫
ઢેડે બાળક નારી શોધે ભટકે ઘેરેઘેર સુઝે. ૬

છતી આંખે દીપક લેઇને પડે કુવાની માંય. સુઝે. ૭
બહેરા પાસે શંખ ફુંકાએ કહે હાડ કરડાય. સુઝે. ૮
અંધા પાસે દર્પણુ મેલે સમજે ન સાર અસાર સુઝે. ૯
ત્યમ આજેરે મેં અવિનાશી જાણ્યા નહિ નળરાય સુઝે. ૧૦

નળ—રાજા ભીમકસેન, તમારા પુત્રની પુત્રી જે સુલોચના છે, તેને બોલાવો, અને આ રૂતુપરન રાજા વેરે પરણાવો.

ભીમક—ભલે. સિપાઇ, સુલોચનાને બોલાવ. (સિપાઇ જાય છે, બોલાવી લાવે છે.)

નળ—(રૂતુપરનનો હાથ તથા સુલોચનાના હાથનો મેળાવો કરે છે.) રાજા રૂતુપરન! આમાં તમારો બિલકુલ દોષ નથી, મ્હારે ત્રણ વર્ષ ગુપ્ત રહેવા વખત હતો, તે હું રહ્યો છું, હું તો તમને ધન્યવાદ આપું છું જે તમે મારી સંભાળ લીધી.

રૂતુપરન—પણ મહારાજ! આપ અશ્વ રક્ષક થઇ રહ્યા, એ મારાથી એટલો અધર્મ થયો.

નળ—અધર્મ નહિ પણ ધર્મ, શાહબાશ રાજા શાહબાશ! ક્ષત્રીનો ધર્મ શો? શરણે આવેલાને આશ્રય આપવો તેજ. માટે મને તમે શરણે રાખ્યો, તમે તમારો ધર્મ બરાબર બજાવ્યો છે. હવે આપ અયોધ્યા જાઓ, સુખેથી રાજ્ય કરો. (રૂતુપરન તથા સુલોચના જાય છે.)

નળ—રાજા ભીમકસેન હમે પણ જઇએ છીએ.

ભીમકસેન—ભાઇ થોડો વખત તો રહો?

નળ—બસ! રાજ્યની શી સ્થિતી હશે! રાજ્ય સુનું છે! માટે હમે જઇશું મહારાજ!

દમયંતી—પિતાજી અમે જઇએ છીએ.

ભીમકસેન—હા બેટા, સુખી થાઓ.

પ્રવેશ ૧૩ મો.

જંગલ.

વાલીઓ—(કામકળાને ઉચકી લાવે છે.) ચતુરા ! આ પ્રેમીની અરજી સ્વિકારી આણંદ સાગરમાં લીન થા!

કામકળા—હે પ્રભુ ! (સ્વગત) આ પાપી દગેથી કબજે કરી ફસાવી અહિં ઉપાડી લાવ્યો છે, પણ શું કરૂં ? (પ્રકાશ) અરે હે મુંઢમતી તારો જે હેતુ છે તે કદાપી કાળે પાર પડવા દેનાર નથી તે નથીજ. મારા મનમાં ઠસેલો પતિવ્રતાધર્મ નહિજ તોડું.

વાલીઓ—બસ રહેવા દે, તું સતી છે તો તને મેં જાણી. પણ યાદ રાખજે આ પ્રેમી તારો કેડો મેલનાર નથીજ.

કામકળા—તું મને જવા દે, મારૂં શિયળ આજ સુધી અખંડ છે, હું મારા પ્રાણ કરતાં તેને અધિક માનું છું. હું જીવ ગયે ખંડીત થવા દેનાર નથીજ.

વાલાઓ—કેમ અભિમાન છોડી આધીન થાછ કે નહિ. (બાઝવા જાય છે.)

કામકળા—અરે પાપી દુર રહે, દગલબાજ કપટી તારો પ્રાણ જશે. હું કાંઇ બીજી સ્ત્રીની માફક ભમતી ભુંડણી નથી, હું ભોળા પુરૂષને ભમાવી અનીતિએ ચાલનારી રંડા નથી, પણ એક સત્ય શિયળને શિરપર ધારી અનિતી તરછોડી પતિવ્રતા ધર્મનું નિશાન સ્વર્ગના શિખરે શોભાવનારી સુંદરી તે હુંજ છું.

જમની—(આવી) કામકળા, મેં તને પહેલાં શું કહ્યુ હતું, કે તને તારા યાર જ્યારે પકડશે અને માર મારશે ત્યારેજ તને ખબર પડશે. પણ તું એક ટળી બીજી થઇ નહિ. હવે ત્યારે ચાખ સપાટા અને ઝપાટા. (પેલા ચાર છોકરા આવે છે. તથા કાણીઓ દરજી ને સિપાઇ પણ આવે છે,)

મહેબતખાં—ક્યું હે બે જમાલમાં દેમ એઇને. !

કમાલખાં—કયા એમ એઇ, એઇજ. દુસરી નહિ.

મહોબતખાં—સિપાઇ.

જમાલખાં—પકડ એ પકડ.

સિપાઇ—મગર વો કોન હે!

મહોબતખાં—અપના કયા જાતા હે, વો તીનુંકું પકડ.

જમાલખાં—અભી ખડા રહે, વો કયા કરતે હે, જરા દેખને દે.

ગાયન ૬૧.

જ—વારેવારે રંગીલા વારેવારે છબીલા નિહાળ્યા અલબેલા ગુણવાન,
વા—લાગ્યું તારૂણી તારૂંરે તાન. વારે. ૧
છબી તારી ચિતારી ચિતારે ચતુરા હું તો ભુલી ગયો જોઈ ભાન,
નયન તારા રસિલા દિલજાન. છબી.
જ—મંદીરીએ માળા ધરી, જોતી વાલમ વાટ;
કયારે આવો શામળા, અંતર એ ઉચાટ.
વા—બાળા લાગે રસીલા વચન,
જ—ચાલો ચાલો પોઢોરે શયન. છબી-વારે. ૩

કામકળા—(સ્વગત) કુસંગે ચઢી મોહપાસમાં ફસી, છતી આંખે અંધાપો લેઇ કેવા ઉમંગે રમી રહે છે, શું આમને પરમેશ્વર તરફથી ડર નહિ હોય? ભલે આમને બીક ના હોય, પણ પરમેશ્વર તો જોયા કરે છે, વહેલા મોડા કરેલા કર્મના, સારા અગર નઠતા ફળ આપે જાય છે. આ પાપીનો પાપનો ઘડો ભરાયો છે, તે હવે થોડા વખતમાં ફુટે છે, જુઓ પેલા રાજ્યના સિપાઇઓ તેમને ખોળ્યા કરે છે, પણ આમને શું થાય છે તેનું ભાન રહ્યું નથી, બસ! અરસપરસ પ્રેમ પ્રેમ અને પ્રેમ! હવે એમને વ્યભિચાર શું ફળ આપે છે, જોઉંછું.

મહોબતખાં—અબે જમાલખાં, મરા બેટા હજામ કયા મ્હાલતા હે! કયા મ્હાલતા હે.

જમાલખાં—દેખ તો સઇ વો કયા કહેતી હે ?

જમની—અરે વાલીઆજી, પેલા કોણ હશે ?

વાલીઓ—હેં ! હવે તો ખરાબી આઇ ! કમબખ્તિમાં આવી પડયા !

કાણીઓ—એની માની રાંડ મારૂ, રાંડે રાડ પાડી ! એના ધણીને, અરે ! રાંડે એના બાપને જોયા એટલે કેવી કાલુ કાલુ બોલવા મચી પડી; પણ હમણુંજ તું પકડાય છે, હવે વાર નથી, એં ! (ચપટી વગાડે છે.) આમ !

મહોબતખાં—અએ જમાલખાં, દેખ વો કામકળા હે ! ઓ દયારામ શેઠકી લડકી.

જમાલખાં—જદ તો લે ચલોને યાર, કયા દેખતે હો.

મહોબતખાં—કાંઉ એ કામકળા, (કામકળા બીલકુલ બોલતી નથી) જરી દેખ તો સઇ.

જમાલખાં—મેરી દીલજાન ! ઐસા હોવે, જરી તેરી નજરીઆં તો દીખલાત. !

કામકળા—(ગુસ્સે થઇ) અરે પાપીઓ ! દુર રહો.

મહોબતખાં—કયા હમકું નામર્દ પિછાનતી હેં. (પકડવા જાય છે.)

કામકળા—(પાછા હડતી) પ્રભુ ! પ્રભુ ! ! અરે હાય મારી લાજ હવે તો જશેજ ! હું શું કરૂં ? મારી હીંમત હવે બિલકુલ નથી ચાલતી. આ પાપીઓએ કેડો લીધો, કૃષ્ન કૃષ્ન ! જેમ સુધન્વાને તેલ કઢામાંથી ઉગાર્યો, જેમ પ્રહ્લાદને હિરણ્યકશ્યપના કેરથી બચાવી અનેક વખતે સહાય કીધી, જેમ વિદુરજીની ભાજી ખરા પ્રેમથી આરોગી, સતી સયંદ્રોની કૈયા મહેલે લાજ રાખી; વળી સભામાં ચીર પુર્યા હતાં તેમ પ્રભુ આ વખતે મારી લાજના રાખનાર તમેજ છો.

એટલામાં રાજના સિપાઇઓ આવી પકડમ પકડા કરી એક એકને હાથ કડી કરી લેઇ જાય છે.

પ્રવેશ ૧૪ મો.

કચેરી.

પુષ્કળ સભા ભરીને બેઠો છે,

સિપાઇ—(આવી.) મહારાજ અન્નદાતાર! આપના પરમ સ્નેહી ભાઇ નળરાજા અંદર આવવા માગે છે.

પુષ્કળ—હેં! એશું? ક્યાં છે? લાવ સામી જાઉં. આસન ઉપરથી ઉતરી દોડે છે, નળરાજા સામી મળે છે, પુષ્કળ પગે લાગે છે,) મોટા ભાઇ મારો અપરાધ ક્ષમા કરો અરેરે હું અજ્ઞાની કાંઇ ના સમજ્યો, હાય મેં તમને ધીટકાર કર્યો! ભાઇ, હવે મને અહુજ પ્રશ્ચતાપ થયાં કરે છે. હું તમને ઠગ્યો! મેં અધર્મ કરી આપને દેશવટો દીધો, ભાઇ હું ધુતારામાં ભળ્યો અને ધુતારો ગણાયો મેં તમને ધુત્યા! હું અણુસમજું આપની પાસે મોટા ભાઇ માફી માગું છું. માફી માગું છું,

નળ—ભાઇ તારો કાંઇ વાંક નથી, ધિરજધર, જો સાંભળ, જે વેળા વિશ્વામિત્રે હરીશ્ચંદ્ર ઉપર સત્ય તોડવા જુલમ કર્યો, હરિશ્ચંદ્રે પુત્ર ખોયો અને રાણી તારાને તરવાર લેઇ મારવા તત્પર થયો, તે વેળા ભગવાને હરિશ્ચંદ્રના હાથના તરવારનો રાણી તારા ઉપર પડતા ઘાને અટકાવી પોતે તરવારનો ફુલનો હાર કરી તારાની ડોકમાં પહેરાવી દીધો, ત્યાર બાદ હરિશ્ચંદ્રને પુછ્યું, કે રાજા હરિશ્ચંદ્ર વિશ્વામિત્રનું મૃત્યુ માગ્ય! હરિશ્ચંદ્ર કહે મહારાજ! વિશ્વામિત્ર હોયે નહિ અને તમારા દર્શન થાયે નહિ, હું માગું છું જે જન્મો જન્મ વિશ્વામિત્ર મળો અને સત્યની કસોટી કરો. ભગવાને પુત્ર સજીવન કર્યા, રાણીને તથા પુત્ર રોહીતને પુછ્યું, બન્ને જણાએ માગ્યું કે સદા સર્વદા હરિશ્ચંદ્ર મળો અને એમનો જય થાઓ આવા મહાન રાજા હરિશ્ચંદ્રે વિશ્વામિત્રના, મૃત્યને બદલે જય માગ્યો, ભગવાને સુદર્શણ ચક્ર ખેંચી લીધું, તો પછી હું તારો આભાર માનું એમાં શી નવાઈ?

પુષ્કળ—પણ મોટા ભાઈ! હું તો કેવળ અપરાધીજ છું.

મેં તમને દગો દીધો, અરેરે દગો દીધામાં મેં પાછીપાની ના ધરી, મોટા ભાઇ, વળી જુગારી. !

ગાયન. ૬૨

ઠગારો [૩] તમને ઠગીયોરે ભાઇ મારા,
ધુતારો [૩] તમને ધુતીયોરે ભાઇ મારા,
જુગારીયો થઇ જુગટું રમીયો,
ઠાલા ભામે ચઢીને ભમીયો !
મને કુસંગ વાલો ગમીયોરે ઓભાઇ મારા, ઠગારો. ૧
અપરાધી હું આપ તણોરે,
બાંધી બંધ ઘો માર ઘણોરે;
હું નિર્લજ નકટો જાણોરે ઓ ભાઇ મારા, ઠગારો. ૨

નળ—પુષ્કળ, ભાઇ !

પુષ્કળ—મોટા ભાઇ, હવે મને ભાઇ ના કહેશો, મને પુષ્કળ ના કહેશો, મને એક દમ બેડીઓ ઘાલી કેદખાને નાંખીદો, જેથી કરી મેં તમને દગો દીધો, તેની શીક્ષા મને મળે.

નળ—ભાઇ, તેં મને દગો નથી દીધો, તું અહિઆં રહે, મારાથી તને શિક્ષા થાય કેમ !

પુષ્કળ—મહારાજ હવે તમે આપના રાજ્યને સંભાળો, હું અધર્મી મારૂં કાળું મોંઢું આપને શું બતાવું ?

નળ—ભાઇ આમાં તારોએ દોષ નથી, અને મારોએ દોષ નથી, હવે તો ચાલ રાજ્યાસન હસ્ત કરીએ.

પુષ્કળ—મોટાભાઇ, આપનો હુકમ શિરપર ચઢાવું છું. પણ ભાઇ મને તમારાથી દુર રાખો, હું આપનો ગુનેગાર છું.

નળ—નહિ, ભલે એક વેળા તુ મારૂં અંગ માગે તો તે પણ આપવા હું ખુશી છું. ચાલ હવેતો જલ્દી થા, તને નહિ જવા દેઉં.

પુષ્કળ—ભાઇ અરેરે આવ્યો ત્યારે. (નળ ગાદી ઉપર બેસે છે, બાદ પુષ્કળ પ્રધાન પદ ધારણ કરે છે. સિપાઇ આવી ફરીયાદ કરે છે.)

સિપાઇ—અરે સાહેબ ! આપણા રાજ્યમાં રહેલો પેલો વાલીઓ હજામ કાણીઆ દરજીની સ્ત્રી તથા દયારામ શેઠની પુત્રી કામકળાને લેઈ સટકી ગયો હતો, તે હું કાણીઆ દરજીને તથા ચાર છોકટા સહિત પકડી લાવ્યો છું કહોતો હાજર કરૂં.

નળ—બોલાવ એ લુચ્ચા હરામખોરોને. (સીપાઈ બોલાવા જાય છે. બાદ લખિઓ તથા ભીમજી લડતા લડતા કચેરીમાં દાખલ થાય છે.)

લખિઓ—અરે સાહેબ ! જુઓતો ખરા પેલો વાલીઓ હજામ મારી બૈરીને લેઇ જતો રહ્યો.

ભીમજી—હરામખોર ! વિચારીને બોલ કોની હતી ?

સિપાઇ—અલ્યા કેમ લડો છો ?

લખિઓ—ભૈશાબ મારી બૈરી હતી, અને આ કહે છે મારી હતી.

સિપાઇ—તમે પણ ઉભા રહો. તમારો પણ હમણાજ ચુકાદો થાય છે.

ભીમજી—નહિ ભૈશાબ હમને જવાદો, (લખિઓ નાશી જાય છે. સિપાઈ પકડી લાવે છે.)

સિપાઇ—અરે ગમાર ! કયાં નાશી જાય છે, ઉભો રહે. (તે બન્નેને કચેરીમાં સોંપી ગુનેગારને સિપાઇ બોલાવી લાવે છે.)

કાણીઓ—(સ્વગત.) અરેરે આપડીતો ગઇછઇ ગઇ. શું ? અરે ભૈશાબ બાઇડી !

વાલીઓ—(સ્વગત) આ બંદા તો આજ સુધી મુછો પરતાર નાંખી ફરતા હતા, પણ આજેતો આવી બન્યું !

ચાર છાકટા—(સ્વગત.) શું યાર ખાડા ખોદેગા વોઇ પડેગા. અપને ખાડા ખોદા ઓર અપનેઇ પડે. કયા દમબસ્તિ આઈ હય જમાલખાં.

જમાલખાં—બરાબર હે.

નળ—અરે હે વાલીઆ, કેમ આ દરજીની બૈરીને લેઇ નાશી ગયો હતો ?

વાલીઓ—હા ભૈશાબ.

નળ—જા તને રાજ્યની નોકરીથી આજે બરતરફ કરૂંછું, હવેથી એવું કામ કરીશ નહિ. સિપાઇ બ્હાર કાઢ.

વાલીઓ—ના ભૈશાબ હવેતો કરૂં ? (સ્વગત) આપડે તો ગદ્ધા જેવાજ બની ગયા,

નળ—જમની તું વાલીઆ સાથે ગઇ હતી ?

જમની—ગઇતો હતી !

નળ—સિપાઇ ! જમનીને ગધેડે બેસારી નાક કાન કાપી કાઢી મુક, ગામ બ્હાર.

સિપાઇ—હારૂં સાબ (જમનીને) ચલને ચલતી હોય તો ચલ ! ચલતી હેકે નહિં ?

જમની—અરે મિઆ સાહેબ, ચલતી હું. પણ...તમારો... પેરો કયાં હશે.

સિપાઇ—એ તુતો ગદ્ધી જેસી છે, તેરકું ખબર નહિં ? દેખ હમારો પેરો યાંસે દેડ ગાઉ દુર છે. ચલ હડ !' મગર મેંતો માર મારકે ભુત જેસી કરેશ.

નળ—મહોબતખાં.

મહોબતખાં—હાજર હે.

નળ—મહોબતખાં કીધર હે.

સિપાઇ—એ સાબ અપની હજુર ખડા હે ઓઈ મહોબતખાં.

મહોબતખાં—ભૈશાબ અપની હજુરમાં હું સાબ હજરા હજુર.

નળ—કયું એ તુમ ચારૂકું સિપાઇએ પકડે થે.

કમાલખાં—(સ્વગત.) જમાલખાં, એ સબને સચ્ચા કિયા જદ અપન બી સચ્ચે સચ્ચા કહો.

મહોબતખાં—હા.

નળ—સિપાઇ આમને ૭ માસની સજા છે, કેદખાને લઇ જા. [સિપાઇ લેઇ જાય છે.]

કામકળા, તારા ઉપર પેલા જાલમે શો જુલમ ગુજાર્યો સાચેસાચુ કહી દે.

કામકળા—રસ્તામાં એક બે છોકરા આવી નડતા હતા, એવામાં વાલીઆએ આવી. મને અંબાજીના દેરે પુજન કરવા જતી અટકાવી, ઉપાડી જંગલમાં લેઇ ગયો, ત્યાં મારૂં કોણુ સરીગત, મેં તેને આજીજી કરી, પણ તે કામાંધ કાંઇ ન સમજ્યો ! તે વેળા ચાર છાકટા આવી મારા ઉપર જુલમ ગુજારવા લાગ્યા, હું મારા શિયળને સાચવવા હથિયારનો ઉપયોગ કરવા તત્પર થઇ, તેટલામાં તમારા રાજ્યના સિપાઇઓએ પકડી અહિં આણ્યા, એજ !

નળ—દયારામ શેઠને બોલાવ, (સિપાઇ બોલાવી લાવે છે.) આ તમારી પુત્રીને સંભાળજો, આવી રીતે દગાખોરીઆ દગામાં ફસાવી દુ:ખ દેતા હતા, સારૂં થયું. જે ખબર પડવાથી તેને છોડાવી.

દયારામ—ચાલ બેન.

કામકળા—પિતાજી ચાલો.

નળ—સિપાઇ આ બંને પુત્રોને પણ બે મહિનાની સજા છે, માટે તેમને કાચી જેલમાં દાખલ કર.

કાણીઓ—(સ્વગત.) ગઈ એતો પાછી આવે, ગઇ તે ગઇ, હાય મારા બાપલીયા ગઇ.

નળ—કાણીઆ, કેમ રૂએ છે ?

કાણીઓ—મેહેરબાન આપના ન્યાયમાં જણાઇ આવે છે, કે મારી બૈરી ગઇઇઇ ગઇ.

નળ—અરે મુર્ખા પહેલા વિચાર કરવોતો કેની, સિપાઇ, આ દરજીને બ્હાર કાઢ.

કાણીઓ—મેહેરબાન ! આપ મને બહાર કાઢો છો, પણ રોટલા કોણુ કરી આપશે ? ખાશું કયાં ?

નળ—જા તારા માટે બંદોબસ્ત થશે.

કાણીઓ—હારૂ સાબ. (સ્વગત.) એને ઘેર ઘુંઝીકૂં ઘાલે મારૂં તો બધુંએ ગયું, [જાય છે.]

ગાયન. ૬૩

રાગ. બોલો વિજય વિજય.

પ્રભુ દિન દયાળ ધન્ય તેવા શુરવીરને (૨)
સત્ય શુભમતી ધારી રહે પણ અસત્યથી આગા,
ધરમ નીતિને ધારી જે ફરશે. (૨)
હરી આશા તુજ પાસે પુરાશે ગવાશે વિજય.
વિવેકી નેકી ધીરવીરને પ્રભુ. ૧

સમાપ્ત.



વાંચનના શોખીનોને વધામણી !

શ્રી નવિન

વનદેવી

ત્રીઅંકી નાટક.

ગાયન ભાષણથી ભરપુર

મુલ્ય ફક્ત બાર આના.

વી.પી. પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું

ભગવાનદાસ ભોગાલાલ મોદી.

ઠે. જમાલપુર રોડ—અમદાવાદ.

સુચના.

---

૧ કોઇપણ કંપનીને આ ખેલ ભજવવા વીચાર હોય તો મેનેજરે કર્તાને રૂબરૂમાં મળવું, અગર પત્રથી ખુલાસો લેવો.

૨ જેઓ સાહેબોને આ ચોપડી જોઇએ તેઓએ કર્તા પાસેથી રોકડી કિંમતે મંગાવી લેવી.

૩ બહાર ગામના ગ્રાહકોને ટપાલ ખર્ચ તેમના શિર છે.

૪ સામટી નકલ ખરીદનારને ૩ સુચના લાગુ નથી પડતી.

૫ નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ, રીપ્લાય કાર્ડથી જવાબ મંગાવવો.

૬ સામટી નકલ ખરીદનારને ટપાલ ખર્ચ માફ ઉપરાંત ૧૨ નકલે ૧ નકલ મફત મળશે.

૭ ૧૦૦ થી વધારે સામટી નકલ ખરીદનારને વહેપારીને આ ચોપડી કીફાયત ભાવથી આપવામાં આવશે.

કર્તા.

ભગવાનદાસ ભોગીલાલ મોદી.

ઠે. જમાલપુર રોડ—અમદાવાદ.